
# સોરઠ વિશાશ્રીમાળી

SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73

Vol. No. : 53 ❖ Issue : 02 ❖ Pages : 36 ❖ Mumbai ❖ February 2025 ❖ Price : Rs.8/-



ફેબ્રુઆરી માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''

# ચંદનબેન અરવિંદકુમાર મહેતા

જન્મ: તા.૧૯-૦૨-૧૯૪૨

જીંદગી રસોડામાં જેની અડધી વહી ગઇ...,
ખબર નહીં 'મા' ક્યારે ઘરડી થઇ ગઇ...
બધાનું ભાણું સાચવવામાં કેવી પડી ગઇ,
ખબર નહીં ક્યારે 'મા' એકલી થઇ ગઇ,
બાળકોને ઉછેરવામાં એવી પડી ગઇ,
ખબર નહી ક્યારે એના ચહેરામાં કરચલી પડી ગઇ,
વ્યવહારને સાચવવામાં એવી વ્યસ્ત થઇ ગઇ,
ખબર નહીં ક્યારે એના વાળની લટ સફેદ થઇ ગઇ,
આજ એના સ્થાને આવીને ઊભાં રહી ગયા,
ત્યારે 'મા' ની સાચી કિંમત ખબર પડી ગઇ.

પુત્ર : તુષાર અરવિંદકુમાર મહેતા
પુત્રવધુ : રાજુલ તુષાર મહેતા
પુત્રી : પારુલ પ્રણવ ઈમાનદાર
જમાઈ : પ્રણવ ઈમાનદાર
બેન : નિર્મલાબેન દિવ્યકાંત દોશી

૬, એમ્પાર હાઉસ, બીજે માળે, ઈરલા,
એસ.વી.રોડ વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૬

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ**

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**

૪, દેવકરણ મેન્શન, બિલ્ડીંગ નં.૭, બીજે માળે,

૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.

ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨

**સમય :** બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)

**E-Mail:**svjainsamajmumbai2@gmail.com

data@svjainsamaj.com www.svjainsamaj.com

**તંત્રી : શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર - મો. ૭૦૨૧૨૦૧૨૮૦**





**સમાજની કારોબારી સમિતિ**

શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા.......................... પ્રમુખ
શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા ................ત.ભૂ.પ્રમુખ
શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા.......................... ઉપપ્રમુખ
શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા.................. માનદ્‌મંત્રી
શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી............. માનદ્‌મંત્રી
શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા...................... ખજાનચી
શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર............... મુખપત્ર તંત્રી
શ્રી મહેશભાઈ કાંતિલાલ વોરા........................... સભ્ય
શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી......................... સભ્ય
શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી............................ સભ્ય
શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા........................સભ્ય
શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા........................... સભ્ય
શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા.......................... સભ્ય
શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા............................ સભ્ય
શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા............................. સભ્ય
શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા.......................... કો-ઓપ્ટ
શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ વોરા......................... કો-ઓપ્ટ





**Bank Details**

**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**Banker :** Bank of Baroda, M.J. Market, Mumbai - 400003.
**S.B. A/C No.** 03870100000044
**IFSC :** BARB**0**BULLIO **(fifth digit will be numerical zero),**
**MICR :** 400012047

**NAME : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**Banker :** Union Bank of India
Princess Street, Mumbai - 400002
**S.B.A/C.No.** 319102010054364
**IFSC :** UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે.
**Auditor :** Viren Vasa & Associates
Chartered Accountant, Mumbai

લવાજમ દરો ભારતમાં આજીવન : રૂા.૨૭૦૦/-
પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 (Yearly)

**મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિન્ટર્સ**
૪૦, મહેતા ઈન્ડ. એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં. ૩,
મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪



# માણસ બધું ભૂલે છે, પણ પોતાનું અભિમાન કેમ ભૂલતો નથી?

અભિમાન શબ્દ 'અભિ' એટલે કે 'વિશેષ' મને એટલે કે માનવું પરથી બનેલો છે. લગભગ આજ અર્થમાં ગર્વ, ઘમંડ, દર્પ, અહંકાર શબ્દો પણ પ્રયોજવામાં આવે છે.

'આ અભિમાન એક અજ્ઞાન છે, નમ્રતાનું દુશ્મન છે, વેરનું પોષક અને સત્યનું શોષક છે એ વાત પણ આપણે સ્વીકારતા નથી. પ્રશંસા એ અભિમાનનો ખોરાક છે અને નિંદા એની સહનશીલતાનું કવચ છે. એટલે અભિમાનને નર્કનું મૂળ ગણવામાં આવ્યું છે. અભિમાની માણસ પોતાના સિવાય અન્ય સહુને તુચ્છ માને છે, શ્રીમંતાઇ ના જોરે જે બીજાની ઉપર હાવી થવાની કોશિશ કરે છે, પોતાની જવાબદારી બીજાની ઉપર ઠોકી બેસાડવાની વાત કરે છે એટલે અભિમાની માણસની અપકીર્તિની વૃદ્ધિ અને કીર્તિનો ક્ષય થાય છે. માણસ અભિમાનને વરદાન માને છે પણ હકિકતમાં અભિમાન એ અભિશાપ છે. આવા અભિમાની વ્યક્તિઓ ઇશ્વર ની નજરમાં ગુનેગાર તો છે જ અને સજા પણ ભોગવવાની જ છે.

'મહાભારત' માં ઉદ્યોગ પર્વમાં સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે કે વૃધ્ધાવસ્થા રૂપનો, આશા ધૈર્યનો, મૃત્યુ પ્રાણનો, બીજા તરફની દોષદ્રષ્ટિ ધર્માચરણનો, કામ લજ્જાનો, નીચ માણસોની સેવા સદાચારનો નાશ કરે છે, ક્રોધ લક્ષ્મીનો વિનાશ કરે છે. માણસને સાત પ્રકારનું અભિમાન નચાવતું હોય છેઃ કુળ, ધન, જ્ઞાન, રૂપ, પરાક્રમ, દાન અને તપ. અભિમાન જાત પ્રત્યેનો વિવેકહીન મોહ છે. એટલે મોહજનક વસ્તુઓ પ્રત્યેનું અભિમાન પણ મિથ્યા છે. એટલે જ કહેવામાં આવ્યું છે કે, હજાર ઘણું ઝેર હોવા છતાં વાસુકિનાગ અભિમાન કરતો નથી પરંતુ એક ટીંપા જેટલું વિષ હોવા છતાં વીંછી ઉંચી પૂંછડી રાખીને અભિમાનપૂર્વક ચાલે છે. અધૂરો ઘડો છલકાય છે, પૂર્ણ કુંભ નહીં. ઓછું દૂધ આપનારી ગાયો ચંચળ હોય છે, અલ્પિવદ્યા વાળો માણસ મહા અભિમાની હોય છે. ઓછી સુંદરતાવાળો માણસ પોતાની સુંદરતાનો ડોળ કરતો હોય છે.

અભિમાન એ પાપનું મૂળ છે. આ અભિમાન 'ગૃહયુદ્ધ' કરાવે છે, અને 'વિશ્વયુદ્ધ' પણ. અહંકારી કે અભિમાનીને એમ લાગતું હોય છે કે હું નહીં તો જગત કેમ ચાલશે ? કોઇ પણ માણસ સર્વથા અહંકારમુક્ત હોતો નથી. તફાવત માત્ર તેની અભિવ્યક્તિની રીતમાં હોય છે. પ્રો. નટવરલાલ શાહે 'પંચામૃત'માં સ્વ.મકરન્દ દવેની ચાર પંક્તિઓ ટાંકી છે. જે અત્યંત માર્મિક છે.

**ખોબો છૂળનો કૂબો બનાયોને**
**બહુત હુઆ ખુશ બંદા,**
**એક ધણીએ લગાયા ધક્કા,**
**ચૂર-ચૂર મકરંદા**

અભિમાની વ્યક્તિની શાન અને તેની અપકીર્તિ વચ્ચે માત્ર એક કદમનું અંતર હોય છે. અભિમાની બીજાને મૂર્ખ માને છે અને પોતાને શાણો. એટલે એ પોતાના 'ભ્રમ' માં રાચે છે, ગર્વમાં ડોલે છે અને પોતાને ખોટા ત્રાજવાથી તોલે છે. હકીકતમાં પોતે સૌથી મહામૂર્ખ જ હોય છે.

## તંત્રી સ્થાને થી....



શ્રી રાજેન્દ્રભાઈ પુનાતર
મો. ૭૦૨૧૨૦૧૨૮૦
૯૩૨૩૧૪૧૫૯૫

# મન: સુખ દુ:ખનું કારણ

દરેક વ્યક્તિ ઇચ્છતી હોય છે કે તેના જીવનમાં સુખ શાંતિ અને સમૃદ્ધિ કાયમ રહે. ઘણીવાર સમૃદ્ધિ પામ્યા પછી પણ મનની શાંતિ મળતી નથી. સુખ પામવા માટે ફક્ત ભૌતિક સંપત્તિ પૂરતી નથી પરંતુ મન ની શાંતિ જીવનને સમૃદ્ધ બનાવવા માટે અનિવાર્ય છે. મનની શાંતી મેળવવા માટે મનુષ્ય જાત જાતના પ્રયત્નો કરતો હોય છે. તીર્થયાત્રા થી માંડી ને સાધુ સંતોને શરણે જઇ શાંતિ મેળવવાના પ્રયત્નો થતા હોય છે. ધાર્મિક પુસ્તકો વાંચીને કે સારા વકતાઓ ના પ્રવચનો સાંભળીને પણ મને શાંતિ મેળવાતી હોય છે.

સામાન્ય રીતે આપણે નાની નાની વાતોમાં ચિડાઇ જતા હોઇએ છીએ. સવારની ચા સમયસર ન મળે, જમવાનું સ્વાદિષ્ટ ન હોય, ફૂટપાથો ફેરિયાઓ એ પચાવી પાડી હોય અને આપણે ટ્રાફિક વાળા રસ્તા પર જોખમ લઇને ચાલીને જવાનું હોય, ટ્રેનમાં સખત ભીડ હોય અને તમે ચડી ન શકતા હો, ઓફિસમાં શેઠ તમને સતત ખખડાવતા હોય, સાંજે ઘરે પહોંચો ત્યારે લિફ્ટ બગડી ગઇ હોય અને સીડી ચડીને જવું પડે, વોચમેન ને આ બાબત પૂછતા સરખો જવાબ ન મળે, વિ.વિ. નાની નાની બાબતો પર આપણી કમાન છટકતી હોય છે, પરંતુ આ બધી બાબતો પર આપણો કોઇ અંકુશ હોતો નથી અને એટલે આ બધી બાબતો દિવસ રાત આપણા મન ને અસર કરતી હોય છે.

કોઇપણ સ્થળે જઇએ ત્યાં આપણું ધાર્યું વાતાવરણ કે સગવડતા ન પણ મળી શકે. યાત્રા પ્રવાસમાં કેટલીક અગવડતાઓ ભોગવવી પડે, સુંદર મજાના ફરવાના સ્થળે ઠેર ઠેર પ્લાસ્ટિકની બોટલો કે નાસ્તા ના રેપરો ઉડતા જોવા મળે, આ દરેક બાબતો પર આપણો કોઇ અંકુશ હોતો નથી. આપણે તે પરિસ્થિતિમાં કોઇ સુધાર કરી શકતા નથી તો આ વિશે ચિંતા કરીને આપણે આપણું લોહી શા માટે બાળવું જોઇએ ? અથવા તો કાઠીયાવાડી માં કહીએ તો **લોહી ઉકાળા** શું કામ કરવા જોઇએ ?

કાં તો પરિસ્થિતિને બદલવાની આપણી તાકાત કે શક્તિ હોવી જોઇએ અથવા તો જે તે પરિસ્થિતિને કોઇપણ પ્રકારની કચકચ કર્યા વગર સ્વીકારી લેવી જોઇએ. આપણા ગમવા કે ન ગમવા થી વાસ્તવિકતામાં કોઇ ફરક પડતો નથી પરંતુ આપણું મન જરૂર વિચલિત થાય છે.

આપણે જાણતા હોઇએ છીએ કે પરિસ્થિતિ આપણા કાબુમાં નથી તે છતાં પણ આપણે તેના વિશે ટીકા ટિપ્પણી અચૂક કરીએ છીએ. કોઇપણ ના વિશે ટીકા કરવા થી કે સલાહ આપવાથી ઘણીવાર મન ને શાંતિ ની અનુભૂતિ થતી હોય તેવો ભ્રમ ઉત્પન્ન થતો હોય છે. વાત વાતમાં વાંકુ પાડવાની આદત મન ને અશાંતિ તરફ દોરી જતી હોય છે. ઘણીવાર જેની સાથે આપણને કંઇ લાગતું વળગતું ન હોય તેના વિશે પણ ટીકાઓ કરતા હોઇએ છીએ અને તેન સુધારવા માટે સૂચન કરતા હોઇએ છીએ. મોદી સાહેબે ભારતને દુનિયામાં નંબર એકનું સ્થાન અપાવવા માટે શું કરવું જોઇએ તેનો ગુરુમંત્ર આપણી પાસે હોય છે અને આપણે માનતા હોઇએ છીએ કે જો મોદી સાહેબ આપણા વિચાર પ્રમાણે કાર્ય કરશે તો આપણો દેશ દુનિયામાં પ્રથમ સ્થાને જરૂર પહોંચી જશે. આપણા આ અગાધ જ્ઞાન નો પુરતો લાભ લોકો લઇ શકતા નથી તેનો હંમેશા રંજ રહેતો હોય છે. (આપણે હંમેશા આપણા પોતાના માટે ઊંચો અભીપ્રાય ધરાવતા હોઇએ છીએ).

**જે તે પરિસ્થિતિને આપણે જા બદલી ન શકતા હોઇએ તો તેને સહજતા થી સ્વીકારી લઇને જીવીએ તો સુખ શોધવા બહાર જવું નહિં પડે.**

જીવન-ધર્મ શ્રેણી

# જીવનની બાર ધારાઓ

૯

## 'નિર્જરા ભાવના'

- મહેન્દ્ર પુનાતર

## શરીર સાથેના તાદાત્મ્યને તોડવાની પ્રક્રિયા એટલે તપ

**કર્મોને દૂર કરવા અને ખપાવવા તેનું નામ નિર્જરા, પરંતુ આ કઇ રીતે થઇ શકે ? કર્મોના બંધનમાંથી કઇ રીતે છુટાય? આ માટેનો માર્ગ છે તપશ્ચર્યા. તેનો મુખ્ય આશય છે. દેહશુદ્ધિ અને આત્મશુદ્ધિ. તપ જ્ઞાનમય અને સમજપૂર્વકનું હોવું જોઇએ. અંતરમાં ઊતરવાની આ સાધના છે.**

બાર ભાવનાઓ જીવનની બાર ધારાઓ છે. જુદી જુદી રીતે વહે છે અને સાથે મળે છે ત્યારે એક પવિત્ર ઝરણું બની જાય છે. ગમે તેવો પાપી પણ તેમાં ડૂબકી મારીને પવિત્ર બની શકે છે. આ ધારાઓ તન અને મનના મેલને દૂર કરીને આપણને શુદ્ધ બનાવે છે.

અનિત્ય ભાવનામાં આપણે જોયું કે જગતની પ્રત્યેક વસ્તુ નાશવંત છે. અશરણ ભાવનામાં જાણ્યું કે અહીં કોઇનું શરણ કામ આવતું નથી. સંસાર ભાવનામાં ખ્યાલ કર્યો કે સંસાર રાગ-દ્વેષનો સંગ્રામ છે. એકત્વ ભાવનામાં આપણે એકલા આવ્યા છીએ અને એકલા જવાના છીએ તે જાણ્યું. અન્યત્વ ભાવનામાં જાણવા મળ્યુ કે આપણું પોતાનું જેને માનીએ છીએ તે પણ આપણું નથી. અશુચિ ભાવનામાં ખ્યાલ કર્યો કે દરેક વસ્તુ વહેલી કે મોડી જીર્ણ થવાની છે. રૂપ અને સૌંદર્ય પણ લાંબો સમય ટકવાનું નથી. આસ્રવ ભાવનામાં જાણ્યું કે મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિઓ કર્મોના બંધનોમાં જકડાવું પડે છે. સંવર ભાવનામાં જોયું કે ઇન્દ્રિયોને વશ કાર્ય વગર કર્મોને રોકી શકાય નહીં. હવે આપણે નિર્જરા ભાવના અંગે જાણવા પ્રયાસો કરીશુ.

કર્મો આત્માની સાથે લાગેલા છે. તેને ખપાવવા, દૂર કરવા અને તેનો નાશ કરવો તેનું નામ નિર્જરા, પરંતુ આ કઇ રીતે થઇ શકે? કર્મોના બંધનોમાંથી કઇ રીતે છૂટાય? આ માટેનો માર્ગ છે તપશ્ચર્યા. તેનો મુખ્ય હેતું છે દહે શુદ્ધિ અને આત્મશુદ્ધિ. કષાયોને દૂર કરવા અને કર્મોને ખપાવવા માટે તપ જરૂરી છે. જેના વડે ક્ષમા પ્રગટે, વિનય પ્રગટે, સંતોષ પ્રગટે, સરળતા પ્રગટે, વૈરાગ્ય પ્રગટે અને જેના વડે સિદ્ધતા પ્રગટે એનું નામ સાધના. આવી સાધના એટલે તપશ્ચર્યા. જેમ શરીરની સફાઇ માટે સ્નાન કરીએ, મેલ કાઢીએ તેમ મનની સફાઈ માટે આંતરધ્યાન કરવાનું છે. તપશ્ચર્યા જ્ઞાનમય અને સાધનાપૂર્ણ હોવી જોઇએ. તેનો મુખ્ય ઉદ્દેશ મન પર કાબૂ મળવવાનો છે. મનને ભટકતું રોકવાનો છે, પણ આમાં તપનું તેજ ન હોય તો અર્થ સરતો નથી. તપ એ આત્મદર્શન છે. તપશ્ચર્યા આત્મકલ્યાણ માટે છે. તેમાં ત્યાગની છોડી દેવાની ભાવના હોવી જોઇએ. મન સ્થિર અને શાંત બનવું જોઇએ. માન, માયા, લોભ, ક્રોધ અને મોહ તેમ જ આસક્તિ દૂર થવી જોઇએ. વાસના દ્વારા મન અસ્થિર બને છે તેનો સંપૂર્ણ ક્ષય થવો જોઇએ. તપ આ માટે છે. તેમાં સંપૂર્ણ ચેતના અને જાગૃતિ હોવી જોઇએ.તપનું પ્રથમ સૂત્ર છે આ ભોતિક શરીર હું નથી. શરીર સાથેના તાદાત્મ્યને તોડવાની પ્રક્રિયા એટલે તપ. આમાં શરીર સાથેનું વળગણ તોડીને પ્રાણ ઉર્જા સાથે કડી જોડવાની છે.

જૈન શાસ્રમાં તપ ૧૨ પ્રકારના જણાવેલા છે આમાં ૬ બાહ્ય તપ અને ૬ અંતરતપ છે. આ તપની પ્રક્રિયા સમજાય અને સંકલ્પ દ્રઢ થઇ જાય તો જીવનમાં અમૃતની યાત્રા શરૂ થાય છે.

બાહ્ય તપમાં પ્રથમ તપ અનશન-ઉપવાસ છે. ઉપવાસ એટલે ભોજનનો ત્યાગ. શરીર સાથેનો આપણો જે સંબંધ છે તે મુખ્યત્વે ભોજનનો છે. જેટલું વધુ ભોજન એટલો શરીર સાથેનો સંબંધ

વધુ. અતિ ભોજન વાસના પ્રેરક છે. જરૂરથી વધારે ભોજનના કારણે મૂર્છા વધે છે અને માણસ ઇન્દ્રિયોને વશ થઇ જાય છે. ભોજનની વાસના છૂટી જાય તો શરીર સાથેની બધી વાસનાઓ છૂટી જાય.

ઉપવાસ પછીનું બીજુ બાહ્ય તપ છે ઉણોદરી. ઉણોદરીનો અર્થ છે અપૂર્ણ ભોજન. ભૂખ હોય તેના કરતા ઓછું ખાવું. ભોજનમાં સંયમ રાખવો. ભોજનની પરાકાષ્ઠા પર પહોંચ્યા પહેલા અટકી જવું. ભોજનનો છેલ્લો ભાગ વધુ રસમય તૃપ્તિપૂર્ણ હોય છે. આ બિંદુ પર અટકી જવું. આમાં ભોજન પ્રત્યેની રૂચિ અને આસક્તિ ધીરે ધીરે છોડવાનો હેતુ છે. બાહ્ય તપનું ત્રીજુ ચરણ છે વૃત્તિ સંક્ષેપ. આમાં ઇચ્છાઓને કાબૂમાં રાખવા નિયમ અને અભિગ્રહણ ધારણ કરવાના હોય છે. વૃત્તિઓને કાબૂમાં રાખવા માટેનો આ સર્વોત્તમ ઉપાય છે. વૃત્તિઓ સંક્ષિપ્ત થઇ જાય તો બહારનો પરિગ્રહ પણ ઓછો થાય છે. બાહ્ય તપનું ચોથું ચરણ છે રસત્યાગ, જે વસ્તુમાં સ્વાદ હોય, રસ હોય અને મન લાગેલું હોય તેનો ત્યાગ કરવો. આમાં મન પર અંકુશની વાત છે. સ્વાદ માત્ર વસ્તુમાં હોતો નથી. પરંતુ તેની સાથે મન જોડાયેલું છે. દુઃખ-આફત, મુશ્કેલીના સમયમાં ગમે તેટલું સારું ભોજન હોય પણ તેનો સ્વાદ રહેતો નથી, કારણ કે મન તેમાં જોડાયેલું હોતું નથી. બાહ્ય તપનું પાંચમું ચરણ છે કાયા-કલેશ એનો અર્થ છે શરીરને સુસ્ત રહેવા દેવું નહીં. પ્રમાદ કરવો નહીં જે પણ મુશ્કેલી-કષ્ટ આવે તે સહન કરવા. કાયા-કલેશની સાધાનાની શરૂઆત કષ્ટતા સ્વીકારથી થાય છે અને પુર્ણ થાય છે, કષ્ટના વિસર્જનથી. કોઇ પણ દુઃખ હસતા મોઢે સ્વીકારી લીધા પછી તે દુઃખ રહેતું નથી. દુઃખની મુક્તિનો આ ઉપાય છે. બાહ્ય તપનું છઠ્ઠું ચરણ છે સંલીનતા. તેનો અર્થ છે સંકોચ કરવો, સંવરણ કરવું અર્થાત અશુભ માર્ગે જતી ઇન્દ્રિયોને રોકવી. શક્તિઓનો વ્યર્થ રીતે વેડફાઇ જતી અટકાવવી. સલીનતાનો અર્થ છે પોતાનામાં લીન થઇ જવું. ઊર્જાને સંકલિત કરી ભીતરમાં ઉતારવી. માણસ બહાર ભાગતો રહે છે. આમાં અંદર ઊતરવાની વાત છે. આ બાહ્ય તપો શરીર શુદ્ધિ માટેના છે. અંતરતપમાં ઊતરવા માટેનો આ પાયો છે.

હવે આપણે અંતરતપ અંગે જાણીએ. અંતરતપનું પ્રથમ ચરણ છે પ્રાયશ્ચિત. પ્રાયશ્ચિત શું છે તે પ્રથમ સમજવું જરૂરી છે. પશ્ચાતાપ અને પ્રાયશ્ચિતમાં ફરક રહેલો છે. પશ્ચાતાપનો સંબંધ બીજા સાથેનો છે, જયારે પ્રાયશ્ચિતનો સંબંધ પોતાની સાથેનો છે. પશ્ચાતાપ બહારનો છે, જયારે પ્રાયશ્ચિત ભીતરનું છે. પશ્ચાતાપ એટલે ભૂલની કબૂલાત અને પ્રાયશ્ચિત એટલે ભૂલ ફરી ન થાય તેની પ્રતિજ્ઞા. પ્રાયશ્ચિત એ અંતરતપનું દ્વાર છે. અંતરતપનું બીજું ચરણ છે વિનય. મન જયાં સુધી બીજાના દોષો જોતું રહે ત્યાં સુધી વિનય સંભવિત નથી. માણસ જયાં સુધી એમ વિચારતો રહે કે હું કહું એ જ સાચું ત્યાં સુધી વિનય આવે નહીં. કોઇ પણ જાતના ભેદભાવ વગર, કોઇપણ જાતની સરખામણી વગર અસ્તિત્વના તમામ પદાર્થો પ્રત્યે આદર ઊભો થવો જોઇએ. જીવનની તમામ પ્રવૃત્તિમાં નમ્રતાનો ભાવ આવવો જોઇએ. અંતરતપનું ત્રીજુ ચરણ છે વૈયાવૃત્ય. આનો અર્થ છે સાધુ-સાધ્વીજીઓની સેવા કરવી ભક્તિ કરવી, પણ સાથે સાથે જયાં પણ સેવાની, મદદની જરૂર હોય ત્યાં પીડિતો અને દુઃખીઓનો તન, મન અને ધનથી સેવા કરવી એવો આ પાછળનો ગર્ભિત અર્થ છે, પરંતુ આમા કશી અપેક્ષા રાખવાની નથી. કરીને છૂટી જવાનું છએ. સેવા કરીને સુખને કે સ્વર્ગને શોધવાનું નથી. નમ્ર ભાવે કર્તવ્ય નિભાવવાનું છે. આમાં કશી અપેક્ષા ન રહે ત્યારે તે અંતરતપ બને છે આમા કશું મળશે નહીં પણ કર્મો છૂટશે. અંતરતપનું ચોથું ચરણ છે સ્વાધ્યાય. તેનો અર્થ છે શાસ્ત્રોનું ધર્મગ્રંથોનું પઠન, અધ્યયન અને મનન, પણ અર્થ આટલો સીમિત નથી. સ્વાધ્યાય એટલે સ્વયંનું અધ્યયન. બેહોશીમાંથી જાગૃતિ તરફનું કદમ. અંતરમાં ઊતરવાની પ્રક્રિયા. અધ્યયન સાથે આચરણ. આનાથી જે સમજ ઊભી થાય તેને અંતરમાં ઉતારવાની પ્રક્રિયા અધ્યયન સાથે આચરણ. આનાથી જે સમજ ઊભી થાય તેને અંતરમાં ઉતારવાની પ્રક્રિયા. સમગ્ર ચેતના જે બહાર વહી રહી છે તેને અંદર તરફ વાળવી. ધર્મને સાચા અર્થમાં જાણવો અને સમજવો અને જાતનું નિરીક્ષણ કરતા રહેવાનું કે આપણામાં કશો ફરક પડયો છે કે ? પોથીમાંના રીંગણા જેવું તો નથીને ? સ્વાધ્યાય એટલે સતત જાગૃતિ.

અંતરતપનું પાંચમું ચરણ છે ધ્યાન. જૈન શાસ્ત્રમાં ચાર પ્રકારના ધ્યાન કહ્યા છે. આર્તધ્યાન, રૌદ્ર ધ્યાન, ધર્મ ધ્યાન અને શુક્લ ધ્યાન. ધ્યાનનો ગર્ભીત અર્થ છે આપણી અંદર રહેલી ચેતનાને સહી માર્ગે વાળવી અને સ્વભાવમાં સ્થિર થવું. મનને બહાર ભટકવા દેવું નહીં. ધ્યાન કોઇના પ્રત્યે કરવાનું નથી. ધ્યાન બીજામાંથી ઉઠાવી લઇને પોતાનામાં સ્થિર કરવાનું છે. ભગવાન મહાવીરે તેને 'સામાયિક' નામ આપ્યું છે. આત્મા પ્રત્યે લીન બનવું તેનું નામ સામાયિક. શરીર અને મન બંને યાત્રા કરે છે. શરીર સ્થાનમાં અને મન સમયમાં યાત્રા કરે છે. ચેતનાની ગતિ સમય છે. મહાવીર ભગવાને ચેતનાને સમય કહ્યો છે અને ધ્યાનને સામાયિક. શરીરની સારી ગતિ અટકી જાય તેનું નામ આસન અને મનની સારી ગતિ અટકી જાય તેનું નામ ધ્યાન.

અંતરતપનું છેલ્લું ચરણ છે કાર્યોત્સર્ગ. કાર્યોત્સર્ગ એટલે શરીરથી છૂટી જવું. મૃત્યુનો સાહજિકતાથી સ્વીકાર કરવો. કાર્યોત્સર્ગ એટલે શરીરને છોડવાની ક્ષમતા. કાયાથી દૂર થઇ જવાની તૈયારી. હું શરીર નથી એવું જ્ઞાન અને હું આત્મા છું. એવો બોધ એનું નામ કાર્યોત્સર્ગ. શરીર અને ચેતનાને જોડનારી મનની કડી તોડવી એનું નામ કાર્યોત્સર્ગ.

આ બાર તપો કર્મોનો ક્ષય કરે છે અને તેને દૂર રાખો છે. નિર્જરા ભાવનાનું ચિંતન મુક્ત માટેનો માર્ગ ચિંધે છે.

(હવે પછીની લોકભાવના)

# સ્વમાન

જેમતરાયે ''આશકા'' ના વરંડામાં પ્રવેશ કર્યો અને એ સાથેજ ઘરનું વાતાવરણ જાણે બદલાઇ ગયું. એમના ખોંખારાના અવાજ સાથે સૌ કોઇ એકાદો ધબકારો ચૂકી ગયા. સ્નેહાએ રસોડાની બારીમાંથી એકનજર જોઇ લીધું. કઇ કેટલાય પ્રશ્નોની ઝડી આંખોમાંથી વરસી પડી. પાણીનો ગ્લાસ હાથમાં આપતા લેતા તો જાણે કેટલાય સંવાદોની બંને વચ્ચે આપલે થઇ ગઇ. કોળિયાનો આટલો ભાર સ્નેહાએ પહેલા કયારેય નહોતો અનુભવ્યો. લુશ લુશ જમવાનું પતાવી, રસોડાનો આટો કરી, બેડરૂમમાં દાખલ થતાં વ્હેંતજ અનુપમ ઉપર તે વરસી પડી. ''આ તો કેમ ચાલે ? કલીનીક શરૂ કરવામાં પ્રોબ્લેમ શો છે ? ? આ તો હદ થઇ ગઇ. ઘરના મોભેદાર તરીકે માન તો રાખી એ છીએ પછી શું છે ? એમની આમન્યા જાળવી છીએ, એમનો પડ્યો બોલ ઝીલીએ છીએ. મને પણ મારું ગમતું કરવાનો પૂરો મોકો આપવો જોઇએ કે નઇ ? હું મારા ભણતરને અનુકૂળ કાર્ય કરવા માગું છું અને મને એ માટે માન અને ગર્વ છે. અને હું એ કરીને જ રહીશ... તમે પણ સમજી લેજો.'' અનુપમે સ્નેહાને સમજાવતા કહ્યું ''જો સ્નેહા, આ ઘડીભરનું તોફાન છે. થોડા દિવસ રાહ જો, બાપુજીને આપણે સમજાવી લઇશું. એમનો ઊભરો એમને ઠાલવી લેવા દે. શાત પડે એટલે હું જ એમને સમજાવીશ. પણ તું પણ હવે થોડી ટાઢી પડ.'' અનુપમનો હાથ ખભા પરથી હટાવી સ્નેહા તાડુકીઃ ''અરે, દુનિયા આજે કયાંની કયાં પહોંચી ગઇ છે. આપણે જ આપણી જિંદગીને આગળ વધારવા પ્રયત્નશીલ થવું પડશે. આ ભણતર કયારે કામમાં આવશે ?'' સ્નેહાના આક્રમણ આગળ અનુપમ પાસે કોઇ દલીલ ન હતી. સવારેજ બાપુજીએ ફરમાન બહાર પાડી દીધું હતું કેઃ સ્નેહાએ જો કલીનીક કરવું હશે તો આપણો સંબંધ અહીં સુધીનોજ...

નાનકડા ટુંડાવ ગામની ખોબા જેવડી વસ્તીમાં પણ એક સામાજિક પ્રતિષ્ઠા ધરાવતા જેમતરાય ગામના મુખી તરીકે શાખ ધરાવતા હોવાથી પોતાના મોભા પરત્વે કઇંક વધુ પડતા સજાગ હતા. એજ જુનવાણી રીતિરિવાજ અને વિચારસરણીને કેન્દ્રમાં રાખીને પોતાનો વ્યવહાર ચલાવતા. ગામનું કોઇ એમની આગળ ચૂં કે ચા કરતું નઇ અને એટલે જ એમનું અભિમાન વધુ ને વધુ પોષાતું ગયું હતું. પુત્રવધુ ના આ પ્રકારના વિચારો એમને બળવો કરવા જેવા લાગતાં હતાં.

''બાપુજી આ ઘરમાં પુત્રવધુ તરીકે આવી એને મારું સૌભાગ્ય ગણું છું. અનુપમ જેવા જીવનસાથી મળવા એને હું મારું ખરેખર અહોભાગ્ય સમજું છું. પણ બાપુજી, અમે બંને એક અલગ અલગ વ્યક્તિ છીએ. જેમ એમને એમની મનપસંદ જિંદગી જીવવાનો હક્ક છે એમ હું પણ એ સ્વતંત્ર વ્યક્તિ તરીકે મારી ઓળખાણ ઊભી કરવા માંગું છું. હું ભલે સ્રી છું તો શું થયું ? મને પણ મારી પોતાની જિંદગી જીવવાનો અધિકાર છે. અને જિંદગી એટલે શું છે ? જિંદગી એટલે પોતાની જાત સાથે જીવવું. દરેક સ્થિતીમાં, સંજોગોમાં સૂઝબૂઝ સાથે આગળ વધવાનું નામ છે જિંદગી. વિવિધ પરીસ્થિતીમાં પોતાની સાથે હિમ્મતપૂર્વક જીવવાનું નામ છે જિંદગી બધાને એવી રીતે જીવવું હોય છે, પણ બહુ ઓછા એવા નસીબદાર હોય છે કે એમને પોતાની ઇચ્છા પ્રમાણે જીવવા મળે છે. અને બાપુજી હું સમાજમાંની જ એક વ્યક્તિ છું. સમાજનું અભિન્ન અંગ છું હું. અને એટલે જ સમાજ પ્રત્યેની મારી ફરજ ને સ્વીકારું છું. આપણો સમાજ લોકો થી બને છે અને લોકોમાં સ્રીઓ પણ આવી જાય છે. અને સ્રીઓનો દરજ્જો ઊંચો લાવવો એ દરેકની જવાબદારી છે. એક સ્રી તરીકે હું મારી વિશેષ જવાબદારી સમજું છું. બાપુજી આખા ગામમાં પોસ્ટરો તો લગાવ્યાં છે ''બેટી પઢાઓ''... પણ આપણે અમલમાં પણ મૂકવા પડશેને ! ! !

જવાબદાર માવતર સમજે છે કે દીકરીને ભણાવવી જોઇએ અને તો જ દીકરીનું સ્થાન ઊંચું આવશે. એક ભણેલી દીકરી આત્મિનિર્ભર થશે, પોતે પોતાના પગ પર ઊભી રહેતી થશે ત્યારે કોઇ બાપને દીકરી બોજ લાગશે નઇ. આવી દીકરીઓ પર તો પિતાને ગર્વ થશે. બાપુજી, મારા પિતાજીએ મને ખૂબ તકલીફો વેઠીને ભણાવી ગણાવીને ડૉકટર બનાવી છે. આજે હું જે કંઇ છું તેએમના લીધે જ છું. તમે પણ મારા પિતા સમાન છો. શું તમે તમારી દીકરીને સન્માનપૂર્વક જીવવાની એક તક નઇ આપો ?''

એ રાતે ''આશકા'' નો દરેક સભ્ય અગમ્ય ઉકળાટ સાથે પડખાં ઘસી રહ્યો.

પાસેના શહેરની મોટી ફર્ટીલાઇઝર કંપનીમાં માર્કેટીંગ ડિપાર્ટમેન્ટમાં કામ કરતાં અનુપમની ઓળખાણ સ્નેહા સાથે અનાયાસે જ થઇ ગઇ હતી. એ વરસાદી મુલાકાત અનુપમને આજે પણ યાદ કરવી ગમે છે. ''હેલો સર, હું સ્નેહા મેડિકલ સ્ટુડન્ટ છું. તમારા ડિપાર્ટમેન્ટના જનરલ ચેકઅપ માટે જીજીબા હોસ્પટલમાંથી અમે આખી ટીમ લઇને આવ્યા છીએ. આ મારા કલીગ મિત્રો છે. સૌથી પહેલા તો તમારો આભાર કે તમે અમને અમારા ઇન્ટર્નશીપના ભાગરૂપ આ કેમ્પેઇન માટે મંજૂરી આપી.'' હાથમાં બૂકે આપતી સ્નેહાને એ અનિમેષ નયને જોઇ જ રહ્યો હતો. સુંદરતા અને બુદ્ધિમત્તાની સાક્ષાત મૂર્તિ એની સમક્ષ સ્મિત વેરી રહી હતી

અને એ એના મોહપાશમાં બંધાઇ ચૂકયો હતો. અંદર બહાર બંને તરફ મૂશળધાર વરસાદ વરસી રહ્યો હતો. જવાબમાં એ એટલું જ બોલી શકયો હતોઃ ''મોસ્ટ વેલકમ યંગ લેડી, ઇટ્સ માય પ્લેઝર.'' અને એ ભીની સાંજ વિસ્તરીને છેક સ્નેહાના ડૉક્ટર થયાની પાર્ટી સુધી લંબાઈ ચૂકી હતી. એકબીજાના ગળાડૂબ પ્રેમમાં પડેલાં અનુપમ અને સ્નેહા હમણાં બે મહિના પહેલા જ લગ્નગ્રંથીથી જોડાઇ ગયા. અને આજે અચાનક ઘરનું વાતાવરણ બદલાઇ ગયું હતું.

સવારે વરંડામાં ઝીણીમોટી અવરજવર જેમતરાયે ઉત્સુક્તાથી જોયું તો સ્નેહા કેટલાક લોકોથી ઘેરાયેલી હતી અને એક પછી એક સૌને નાનીમોટી પડીકીઓ આપતી હતી. ''જુઓ કાકી, આ માથાના દુખાવાની ગોળી છે. કશુંક ખાધા પછી જ લેજો. અને ભીખી બા આ તમારાં આંખના ટીંપા. સવાર સાંજ બે વાર આંખમાં બેબે ટીપાં આંજજો. અરે ઓ ટપૂડા, તને વાગ્યું તુ તે લે આવ આ મલમપટ્ટી કરી દઉં.'' જેમતરાયનો ગુસ્સો આસમાને પહોચ્યો અને વરસ્યો તો પત્ની ઉપરજને... ''કુંજી, તમે હમણાં ને હમણાં જ નાથુ કડિયાને બોલાવી મંગાવો.. હાં..હાં..હાં.. હવે કોઇજ સવાલ નહીં.'' કુંજબાળાબેને હંમેશાની જેમ ગભરાતે પગલે ઘરની અંદર પ્રયાણ કરી વિરોધ દર્શાવ્યો અને ધમપછાડા કરતાં જેમતરાય લાકડી પછાડતા ઝાંપાની બહાર નીકળી ગયા. ઘડીકવારમાં તો સાથે નાથુ કડિયાને પકડી લાવ્યા. આખો દિવસ જેમતરાયના બબડાટને ખમતો નાથુ એટલું જ બોલ્યોઃ ''બાપા, અમે તો ઘર બાંધનારા, આ દીવાલો ચણાવવાનું કામ અમારે હાથે શું લેવા...'' પણ પોતાના ધૂંધવાટમાં જેમતરાયને કશું સંભળાયું નઇ.

સાંજે અનુપમ અને સ્નેહા કામેથી પાછા ફર્યા તો ઘર પાસે જોતાં જ રહી ગયા. ઘરને બે ભાગમાં વહેંચી નાખતી દીવાલ ઊભી થઇ ચૂકી હતી. હૃદયમાં અદમ્ય ભાર સાથે હજુ તો ગૃહપ્રવેશ કર્યોજ હતો કે કુંજીબેનની ચીસ સંભળાઇ. વરંડામાં હીંચકે ઝૂલતા જેમતરાય કશું સમજે તે પહેલાં તો સ્નેહા ''ફર્સ્ટ એડ કીટ'' સાથે દોડીને કુંજીબાની પાસે પહાંચી ગઇ હતી. ચક્કરને કારણે પડી ગયેલા કુંજીબેનને કપાળમાં પલંગનો ખૂણો વાગ્યો હતો. સ્નેહાએ પ્રાથમિક સારવાર કરી તેમને ગ્લુકોઝનું પાણી પાયું. અર્ધચેતન અવસ્થામાંથી બહાર આવતાં કુંજીબેનને થોડો સમય લાગ્યો. બંને હાથની મુઠ્ઠી વાળીને વરંડામાં આટા મારતાં જેમતરાય બેબાકળા થઇ આંટા મારતા હતા. ''બાપુજી, ચિંતા ના કરશો.. સ્નેહા છેને... એણે બરાબર મલમપટ્ટી કરી દીધી છે... અને યોગ્ય દવા પણ પીવડાવી દીધી છે.''... અનુપમના શબ્દોથી જેમતરાયને શાતા વળી. ઘડીકવારમાં તો કુંજીબેન સ્વસ્થ થઇ ગયાં હતા... જેમતરાયના જીવમા જીવ આવ્યો. ભીની આંખે સ્નેહાને પાણીનો ગ્લાસ પાછો આપી. દિવાનખંડમાં જતા જતા બોલ્યા... ''અરે... નથુભાઈ... આવતી કાલે સ્નેહાભાભીનો રૂમ ધોળીને સરસ તૈયાર કરી નાખો... ત્યાં સ્નેહાનું ક્લીનીક બનશે!!!''.

# ભેખ

પ્રશાંતભાઈના ઘરમાં આજ ખુશીનો માહોલ હતો. ઘરમાં સૌનાં મોં પર એક સ્મિત રમી રહ્યું હતું. દીકરીનું સગપણ પાકું થવાની ખુશીમાં પલ્લવીબેનનાં પગે તો જાણે પાંખો લાગી ગઇ હતી. બંસરી તેમની એકની એક દીકરી હતી. બંસરી નાનપણથી જ ભણવામાં ખુબ હોંશિયાર. પાતળો બાંધો, ચાંદનાં ટૂકડા જેવું ગોરું મોં, ગુલાબની પાંદડી જેવા ઓષ્ઠ, દીવાની શગ જેવી નાસિકા, બોલકી પાણીદાર આંખો અને ચહેરા પર હંમેશા ચમકતું આછેરું સ્મિત... આ બંસરીની પહેચાન હતી. તેમાં પણ તરૂણાવસ્થા વટાવીને યુવાવસ્થાની તો વાત જ કંઇક ઓર હાયે છે. વસંતના આગમનથી સૃષ્ટિમાં જેમ પ્રાણ પુરાય ને સઘળું નવપલ્લવિત થઇ ઉઠે તેમ જ બંસરી પણ યુવાનીમાં ડગ માંડતા જ કળીની માફક ખીલી ઊઠી હતી. તેનો એમ.બી.એનો અભ્યાસ હાલ જ પૂર્ણ થયો હતો અને એક સારી ફર્મમાં તેને નોકરી પણ મળી ગઇ હતી. પલ્લવીબેનને હવે બંસરીની ખૂબ ચિંતા થવા લાગી હતી. તેઓ લગભગ દરરોજ બંસરીનાં લગ્ન વિષે પ્રશાતભાઈને કહેતાં અને પ્રશાંતભાઈ તેમને કહેતાં કે નકામી ચિંતા છોડી દે પણ પલ્લવીબેનનાં મનનું સમાધાન થતું નહીં. જીવથી પણ વ્હાલી દીકરીને સારે ઘેર વળાવવાની તેમની ઇચ્છા બળવતર બનતી જતી હતી.

એવું ન હતું કે બંસરીનાં સંબંધ માટે કોઇ કહેણ આવતું જ ન હતું. દર બીજે-ત્રીજે દિવસે કોઇ ને કોઇ વાત લઇને આવ્યું જ હોય. પરંતુ, કયારે ક પ્રશાંતભાઈને ઠેકાણું ન ગમતું તો ક્યારેક પલ્લવીબેનને કયાંક વાંધો જણાતો. બંસરી ચૂપચાપ માતા-પિતાની આ કવાયત જોયા કરતી. પણ માતા-પિતાની મર્યાદા અને વ્હાલનો ખ્યાલ કરીને કંઇ જ બોલતી નહીં. દરેક મુગ્ધાની જેમ તેનું મન-પંખી પણ પોતાનાં સ્વપનના રાજકુમારને જોવા તરસતુ. તેણે પણ અનેક સપના સજાવ્યા હતાં. તેને પણ કોઇ પોતાનું વ્યક્તિ હોય તેવી તમન્ના હતી જેની સાથે તે પોતાનાં તમામ સુખ-દુઃખ જીવનભર વહેંચી શકે. જીવનસાથી જ એવી એક વ્યક્તિ છે કે જેની પાસે ખુલીને તમામ વાત કરી શકાય. જિંદગીમાં લોહીનાં સંબંધોને બાદ કરતાં સૌથી નજીક કોઇ સંબંધ હોય તો તે છે જીવનસાથી. સ્રી અને પુરૂષ બંને માટે આ વાત એકસરખી રીતે લાગુ પડે છે.

આમ ધીમે ધીમે કરતાં લગભગ બંસરીની નોકરી શરુ થયે પણ એક વર્ષ પુરૂં થવા આવ્યું. ત્યાં ચાર દિવસ પહેલાં પ્રશાતભાઈનાં એક મિત્રએ પોતાનાં એક પરિચિતનાં દીકરા વિષે વાત કરી. તેની બધી વિગતો પ્રશાંતભાઈ અને પલ્લવીબેને ગમી એટલે તેમણે પોતાને ઘેર આવવાનું આમંત્રણ આપ્યું. બંસરી પણ હાફ ડે લીવ લઇને ઘેર આવી ગઇ અને મમ્મીનાં કહેવા મુજબ સાડી પહેરીને તૈયાર થઇ ગઇ. જરીની પાતળી કિનારીવાળી આકાશી દુધિયા રંગની સાડીમાં શોભતી દીકરીને જોઇ પલ્લવીબેને તેનાં કાન પાછળ

કાજળનું ટપકું કરીને ઓવારણા લીધાં. બંસરી શરમાઇને પલ્લવીબેનને વળગીને બોલી ઉઠી, ''મમ્મી, શું તું પણ ? મને કોઇની નજર નહીં લાગે. તારા જેવી વ્હાલી મમ્મી હોય પછી શાની ચિંતા ?''

ત્યાં તો છોકરાવાળા આવી ગયાં. પહેલાં મોટેરાઓએ થોડી વાત કરી. પછી બંસરી જયુસ લઇને આવી. ત્યાં જ તેની નજર મુરતિયા પર પડી. પોતાની જોડે ઓફિસમાં કામ કરતાં કિશનને મુરતિયા તરીકે આવેલો જોઇને તે મનોમન ખુબ ખુશ થઇ ગઇ. તેને જોઇને કિશને પણ સુખદ આશ્ચર્ય અનુભવ્યું. બંને દસેક મહિનાથી સાથે કામ કરતાં હતાં. બંસરી માત્ર એકાદ મહિનો કિશનથી સીનીયર હતી. કિશન જયારે કયાંક અટકતો ત્યારે બંસરીની મદદ લેતો. બંને વચ્ચે સારી એવી મિત્રતા થઇ ગઇ હતી. બંસરીને કિશનની શાલીનતા ખૂબ ગમતી. કયારેય તેણે બંસરી કે ઓફિસની બીજી કોઇપણ છોકરી જોડે કોઇ જ જાતનું ગેર વર્તન કર્યું ન હતું. બધાની સાથે તે બહુ સૌજન્યપૂર્ણ વ્યવહાર કરતો. સૌને માનથી બોલાવતો ને સામે એટલું જ માન મેળવતો પણ ખરો. છેલ્લાં થોડાં સમયથી બંસરીને તે ગમવા લાગ્યો હતો. તેનું એક કારણ પણ હતું. એક વાર કલાયન્ટ દ્વારા અધૂરી વિગતો મળવાથી બંસરી તેનું કામ પુરૂં કરી શકી ન હતી અને બોસે જયારે કારણ જાણ્યા વગર જ અધૂરાંકામ માટે બંસરીને ધમકાવવા માંડી ત્યારે કિશને વચ્ચે પડીને સાચી વાતની જાણ કરતાં બોસ બંસરીને સોરી કહેવા મજબૂર બની ગયાં હતાં. ત્યારથી બંસરીનું મન કિશન તરફ ખેંચાવા લાગ્યું હતું.

જેમ બંસરીને ભગવાને નવરાશના સમયમાં ઘડી હતી તેમ જ કિશન માટે પણ કહી શકાય. મજબૂત એકવડો બાંધો, વાન સ્હેજ ભીનો પણ નમણો ચહેરો, ખાસ્સી લંબાઈ, લીંબુની ફાડ જેવી આંખો, પાતળી મૂંછ, અને મનને હરી લે તેવી વાકપટુતા... આ બધાં ઉપરાંત તેનું સૌહાર્દપૂર્ણ વર્તન પણ બંસરીના દિલમાં વસી ગયું હતું. જો કે પોતાની આ લાઇકીંગની વાત તેણે મનમાં જ રાખી હતી. ખુદ કિશનને પણ જાણ થવા દીધી ન હતી. પોતાનાં મનમાં વસેલાને પોતાની સમક્ષ જોઇને તેનું હૈયું નાચી ઉઠયું હતું. બંનેને એકલાં વાતચીત કરવાનો સમય મળતાં જ બંનેએ પોત પોતાની લાઇકીંગની વાત કહી. કીશન પણ મનોમન તેને ચાહવા લાગ્યો હતો, પણ તેને ડર હતો કે બંસરી તેનાં પ્રેમનો સ્વીકાર નહીં કરે તો ? એટલે જ તે પણ ચૂપ હતો. આજ અનાયસ જ બંનેને જીવનસાથી બનવાનો મોકો કુદરતે આપ્યો હતો જે બંને તરત જ ઝડપી લીધો. બંને કુટુંબ ખુશખુશાલ થઇ ગયા. અઠવાડિયા પછી બંનેની વિધિવત સગાઇ પણ થઇ. બંસરીને કંકુ પગલાં કરવાં પણ કિશનના ઘરે તેડી ગયાં. પાંચ દિવસ બંસરી ત્યાં રોકાઇ ને તે દરમ્યાન બંનેએ શહેરની એક પણ ફરવાની જગ્યા બાકી ન હતી છોડી. હાથોમાં હાથ અને આંખોમાં આંખો પરોવી બંને અનેક શમણાં સજાવ્યાં. કિશનથી દુર જવું બંસરીને ગમતું ન હતું પણ દરરોજ ઓફિસમાં તો બંને સાથે જ હોઇશું એવું સમજાવીને કિશને બંસરીની વ્યાકુળતાને થોડી ઓછી કરવાનો પ્રયત્ન કર્યો.

સગાઇને લગભગ આઠેક દિવસ થયાં હશે. આજે કિશને ઓફિસમાંથી જરા વહેલાં નીકળી જઇને બંસરી સાથે ફિલ્મ જોવા જવાનો પ્લાન બનાવ્યો હતો. સાંજે બંને હસતાં-ગાતાં કિશનના બાઇક પર ફિલ્મ જોવા નીકળ્યાં. આજ તો કિશન બાઇક ચલાવી ન હતો રહ્યો જાણે ઉડાવી રહ્યો હતો, બેક સીટ પર તેનાં સ્વપ્નની રાજકુમારી પણ બિરાજમાન હતી ! પણ નસીબને જાણે તેમનાં સુખની ઇર્ષ્યા આવી હોય તેમ એક ટ્રકે પુરપાટ આવીને એવી ઠોકર મારી કે બંને જણા રોડથી નીચે ફંગોળાઇ ગયાં ! બાઇક તો કાગળનાં ટુકડાનો જેમ ડૂચો વળી જાય તેમ બેન્ડ વળીને દૂર સુધી ઢસડાઇ ગયું. રોડ પરથી પસાર થતાં લોકોએ તેમને હોસ્પિટલ પહોંચાડ્યા. બે દિવસે બંસરી ભાનમાં આવી. જ્યારે કિશનને કરોડરજ્જુમાં ગંભીર ઇજા થવાથી તેનું કમરથી લઇને પગનાં પંજા સુધીનું ધડ ખોટું થઇ ગયું. આઠેક દિવસ પછી બંનેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી. કેટલાયે ડોકટરોને બતાવ્યું પણ કિશન ફરી ચાલી શકે કે તેનાં ખોટા પડી ગયેલાં ધડમાં જીવ આવે તેવી કોઇ શક્યતા જ ન હતી. બધાં જ ડોકટરોએ આશા છોડી દીધી હતી. આથી કિશન અને તેનાં મમ્મી-પપ્પાએ સગાઇ તોડી નાખવાનો વિચાર કર્યો અને બંસરીના માતા-પિતાને પણ વાત કરી. પરંતુ, બંસરીએ ચોક્ખી ના પાડી દીધી. ચારેય જણાએ અને કિશને તેને ઘણી સમજાવી પણ બંસરી એકની બે ન જ થઇ. તેણે કિશનને માત્ર એક જ સવાલ પૂછ્યો, ''શું તારા બદલે મને આવી ઇજા થઇ હોત તો તું શું મને છોડી દેત ?'' તેનાં આ પ્રશ્નનો કિશન પાસે કોઇ જ જવાબ ન હતો. આખરે સગાઇ યથાવત રાખવામાં આવી.

થોડો સમય વીતી ગયો. કિશનના પપ્પાએ પોતાનો ધંધો ધીમે ધીમે સંકેલી લીધો અને પત્ની તથા પુત્ર કિશનને લઇને બંસરીને જાણ થવા દીધા વગર જ પોતાનાં ભાઈ પાસે વિદેશ ચાલ્યા ગયાં. ફોન નંબર પણ ચેન્જ કરી નાખ્યા જેથી બંસરી તેમના સુધી ન પહોંચી શકે અને અંતે થાકીને બીજા કોઇકની સાથે લગ્ન કરી લે. પણ બંસરી જેનું નામ. તેણે તો જાણે કિશનના નામનો ભેખ પહેરી લીધો. પ્રશાંતભાઈ અને પલ્લવીબેને તેને બીજે પરણી જવા માટે સમજાવવાની લાખ કોશિષો કરી પણ બંસરીનો એક જ જવાબ હતો. ''હું કિશનને મનથી વરી ચૂકી છું. એક ભવમાં બીજો ભવ નહીં કરું. એક વાર પરણેલી દીકરીને તમે ફરી પરણાવશો ?'' અને રડી રહેલાં પલ્લવીબેનનો હાથ પોતાનાં હાથમાં લઇ આશ્વાસન આપતાં બોલી,


''મીરા કયાં કદી કૃષ્ણાને મળી હતી ?
છતાં એ કૃષ્ણમાં કેવી ભળી હતી.''

આજે પણ એ કીશનઘેલી બંસરી, કૃષ્ણ-વિરહી મીરાંની જેમ કિશનનું નામ જપતી વિરહિણીની જિંદગી વિતાવી રહી છે. પ્રશાંતભાઈ અને પલ્લવીબેન સજલ નેત્રે દીકરીનાં આ ભેખને જોયા કરે છે. તેમને સમજાતું નથી કે કોનાં ત્યાગને મોટો ગણવો ? કિશન અને તેનાં માતા-પિતાનો કે પછી સંસારમાં રહીને વિજોગણ બની ગયેલી બંસરીનો ?

# ચડિયાતું કોણ ? ગુરુ કે ગૂગલ ?

- ડૉ. અશોક પટેલ (અમદાવાદ)

આજના ટેકનોલાજીકલ જમાનામાં કોઇપણ વ્યક્તિને કોઇપણ પ્રકારની માહિતીની જરૂર ઊભી થાય તો તરત જ તે ગૂગલ પાસે પહોંચી જાય છે. દુનિયાનું કોઇપણ ક્ષેત્ર એવું નહિ હોય કે જેના વિષે ગૂગલ પાસે માહિતી ના હોય, શિક્ષણ, આરોગ્ય, અવકાશ, ખેતીવાડી કે અન્ય ગમે તે ક્ષેત્ર લો, તેમને જોઇતી માહિતી ગૂગલ આપી દે છે. આ લેખકે ૨૦૦૦ની સાલમાં લખ્યું હતું કે હવે પછી અભણની વ્યાખ્યા બદલાઇ જશે. હવે અભણ વ્યક્તિ એને કહેવાશે કે જે ઇન્ટરનેટનો ઉપયોગ જાણતી નથી તે અભણ. હકીકતમાં એ સત્ય સાબિત પણ થઇ ગયું છે. આજે અક્ષરજ્ઞાન વગરની વ્યક્તિ પણ મોબાઇલનો ઉપયોગ કરીને ઇન્ટરનેટ વાપરતી થઇ ગઇ છે. આજે કોઇ વ્યક્તિ ગૂગલનો ઉપયોગ ના કરતી હોય તો બીજી વ્યક્તિ સલાહ પણ આપશે કે, ગૂગલનો ઉપયોગ કરો ને. અથવા તો પૂછે છે કે, તમે ગૂગલનો ઉપયોગ નથી કરતા? આજે ગૂગલનું મહત્વ વધી ગયું છે. ત્યારે સ્વાભાવિકપણે પ્રશ્ન થાય કે, ચડિયાતું કોણ? ગુરુ કે ગૂગલ? તેના અનુસંધાનમાં મોટાભાગના વ્યક્તિઓનો જવાબ હશે કે, ગૂરૂજ ચડિયાતા હતા, છે ને રહેશે. ગુરૂનું સ્થાન ગુગલ કયારેય નહિં લઇ શકે. ગુગલ કરતા ગુરુ ચડિયાતા હોવા પાછળની કેટલીક દલીલો જોઇએ.




પ્રથમ તો ગૂગલ સુધી પહોંચવાનો રસ્તો જ ગુરુ બતાવે છે. ગુરુ હતા તો ગૂગલ આજે છે. ગૂગલની શોધ કરનાર કે તેને ચલાવનાર ગુરૂ જ છે. આ રીતે જોતાં ગુરૂ જ ગૂગલ કરતા ચડિયાતા છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં જણાવેલ છે, કે ગૂરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ... વિગેરે. કયાંય એવું સાંભળવા મળ્યું કે, ગૂગલ બ્રહ્મા, ગૂગલ વિષ્ણુ... વગેરે. હા... ગુરૂ વિષે જયારે ઉપરોક્ત કહેવાયુ ત્યારે ગૂગલ નહોતું. આજે ગૂગલ છે તો પણ એ જ કહેવાય છે કે, ગૂરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ... એક બીજું વાક્ય પણ છે કે, ગુરૂ બીના જ્ઞાન નહિ. આ સંપૂર્ણ સાચું જ છે. જ્ઞાન આપે તે ગુરૂ છે. જ્ઞાન સુધી ગુરૂજ પહોંચાડે છે. ગુગલ જે આપે છે તે તો માત્ર માહીતી છે. ગુગલ માહીતી આપી શકે, જ્ઞાન ના આપી શકે. માહિતી અને જ્ઞાન વચ્ચે ખૂબ જ મોટું અંતર છે. માહિતી કરતા જ્ઞાન ખૂબ જ ઉચ્ચકક્ષાએ છે. માટે જ ગૂગલ કરતા ગુરૂ ચડિયાતા છે. એલેકઝાંડરે કહેલું કે, માતા-પિતા તો જન્મ આપે છે, પણ જીવનનો સાચો રસ્તો ગુરુ જ બતાવે છે.

ગુરૂ તમને કહેશે કે, આ યોગ્ય છે અથવા તો નથી. સમય આવે તમારા કાન પકડીને તમારી પાસે કબૂલ પણ કરાવશે અને સાચા રસ્તે જ જવાનો આગ્રહ રાખશે, જયારે ગૂગલ તો તમને અનેક રસ્તા બતાવશે. નક્કી તમારે કરવાનું છે કે તમે કયાં રસ્તે જશો, ભલેને પછી તમે ખાડામાં જ કેમ ના પડો. જયારે ગૂરૂ તો ખાડામાં પડવા જ ના દે. તમે અયોગ્ય રસ્તે જતા હશો તો તમને રોકશે, તમે માનશો નહિ તો દબાણપૂર્વક તમને અયોગ્ય કરવા નહિ જ દે. ગૂગલને તમે રસ્તો પૂછશો તો તમને એક કરતા વધુ રસ્તા બતાવશે. જયારે ગુરૂ વધુ રસ્તા બતાવશે, પણ સાથે કયાં રસ્તે જવું જોઇએ અને કયાં રસ્તે ના જવું જોઇએ તે પણ કહેશે. માત્ર કહેશે એટલું જ નહિ પણ શા માટે જે તે રસ્તે ના જવું જોઇએ અને શા માટે અમુક ચોક્કસ રસ્તો જ પકડવો જોઇએ તેના કારણો પણ આપશે. માટે જ ગુરૂ ચડિયાતા કહેવાય. ગૂગલ પ્રશ્નનો જવાબ આપે છે, પણ શા માટે તે નથી જણાવતું.

કોઇ એવી દલીલ પણ કરી શકે કે, આજના ગુરૂ પણ ગૂગલનો સહારો લે જ છે ને? તો અહી કહેવાનું મન થાય કે, ગૂગલ એ સાધન છે, સાધ્ય નથી. આજના ગુરૂઓ ગૂગલનો ઉપયોગ કરે તેમાં

**- અનુસંધાન પાના નં. ૧૩ પર...**

# સ્વભાવે કદી સાસુ ન બનતી

- ડો. અશોક પટેલ (અમદાવાદ)

અત્યારે લગ્નની મોસમ ચાલી રહી છે. સગાંસંબંધીઓની હાજરીમાં જ લગ્ન પ્રસંગ કરવામાં આવે છે, જેનું સામાજિક મહત્ત્વ ખૂબ જ છે. ત્યારે હું પોતે પણ મિત્રના નાતે મિત્રના દિકરાના લગ્ન પ્રસંગે જાનમાં ગયો હતો. લગ્નવિધિ પૂરી થઇ. દીકરીને સાસરે વળાવવામાં આવી. અમે સૌ આનંદ વિભોર થઇને ઘરમાં આવતા નવા પાત્રને લઇને નીકળવાની તૈયારી કરી રહ્યાં હતાં. વરરાજ દુલ્હન સાથે કારમાં બેસીને નીકળી ગયાં. અંતમાં હું, મારા મિત્ર કે જેમના દિકરાની જાનમાં હું આવ્યો હતો તે અને અમારા બંનેના ધર્મપત્ની અમે સૌ નીકળવાની તૈયારી કરતા હતા. અમે એકબીજીને આવજો પણ કર્યું. ત્યાં અચાનક મારીથી મારા મિત્રના પત્ની પાસે જવાયું અને મારા મોઢામાંથી શબ્દો સરી પડયા કે, ''કયારેય સાસુ ન થતી'' સામા પક્ષે પ્રત્યુત્તર મળ્યો કે, પ્રોમીસ. કયારેય સાસુપણું નહીં દાખવું.

ઉપરોકત ઘટના પછી વારંવાર મનમાં વિચાર આવવા લાગ્યા કે, મારાથી આવી સલાહ એકાએક કેમ અપાઇ ગઇ? આજના આધુનિક - ટેકનોલોજીકલ યુગમાં પણ સાસુ-વહુના સંબંધોમાં ખાઇ સતત કેમ જોવા મળે છે. જમાનો ઝડપથી બદલાય છે, પણ સાસુવહુના સંબંધોમાં એટલી ગતિ જોવા મળતી નથી. આજે મોટાભાગે એવું જોવા મળે છે કે, પોતાના દિકરીને પરણાવીને વહુને ઘરમાં આદર-સત્કાર કરતી વખતે દરેક સાસુ કહે છે કે, મારે તો મારા ઘરમાં દીકરી આવી. હું મારી વહુને દીકરી કરતાં પણ સવાઇ રાખીશ. તેને સહેજે ઓછું નહીં આવવા દઉં વગેરે. પણ માંડ બેચાર વર્ષ પણ ન નીકળ્યા હોય અને સાસુજી પોતાના ચમકારા બતાવવાનું શરૂ કરી છે છે. દીકરી ગણીને સ્વીકારવાની વાત કરનાર આ સાસુને તેની વહુ ગમતી પણ નથી હોતી. વખાણ કરવાની વાત તો એકબાજુ પર મૂકીએ પણ વહુના દરેક કામમાં ખાંચા શોધવાની એકપણ તક સાસુમાં જવા દેતા નથી. આમ બનવા પાછળના અનેક કારણો છે, પણ મુખ્ય કારણોમાં ઘરમાં કોનું કહેવું થાય ? સામાન્ય બાબતમાં પણ જો પોતાની માન્યતા મુજબનું ન થા તો તરત જ એકબીજા અન્યને નીચા પાડવાનો પ્રયત્ન કરે છે. પરિણામ સ્વરૂપ બંનેને એકબીજા માટે માન રહેતું નથી. બંને પોતાના પતિઓને ફરીયાદ કરે છે. જેને કારણે સસરાને વહુ માટે અને દીકરાને મા માટે થોડોઘણો અણગમો ઉત્પન્ન થાય છે. અંતે ઘરમાં વારંવાર ઝગડા-કંકાસ શરૂ થઇ જાય છે અને શાંતિ ઘર છોડીને ભાગી જાય છે. જો થોડી સમજ દાખવવામાં આવે તો આવી ઘટનાપર કાબૂ મેળવી શકાય છે.

આમ જોવા જઇએ તો ઘરના મોભી-વડિલ સાસુ જ કહેવાય. જેથી ઘરની શાંતિ અને પ્રગતિની જવાબદારી તેમના પર જ આધાર રાખે છે. સાસુ અને વહુ નક્કી કરવાનું કે ઘરમાં શાંતિ જોઇએ છે કે પોતાનો વટ - પોતાની માન્યતા? ઘરની પ્રગતી જોઇએ છે કે સમાજમાં ઘરની ખરાબ છાપ? સ્વાભાવિક છે કે સૌ સારી બાબતની જ અપેક્ષા રાખશે, પણ તે માટે કરવા જોઇતા પ્રયત્નો નથી કરતા. ઘરમાં સાસુવહુના ઝઘડાને કારણે ઘરની એકપણ વ્યક્તિ શાંતિથી ઉંઘી પણ શકતી નથી. ત્યારે સાસુ વહુએ એકબીજાને માફ કરી દેવા જોઇએ. સાસુવહુના સંબંધોમાં તીરાડ પાડનાર કોઇ હોય તો તે છે - જીભ. જો જીભ સારી રાખવામાં આવે, એકબીજાને પસંદ હોય તેવું બોલવું જોઇએ, પણ જો એમ ન કરી શકતા હોવ તો વાંધો નથી, પણ એકબીજાને ના ગમતું બોલવાનું બંધ થાય તો પણ ઘણું છે. દરેક સાસુને પણ ભૂતકાળમાં કોઇ સાસુ તો હતી જ. ત્યારે દરેક સાસુએ વિચારવું જોઇએ કે, મારી સાસુના કયા વર્તન મને ગમતા ન હતા? તેવા વર્તનો પોતાની વહુ સાથે ન કરો. સાથે એ પણ વિચારો કે મારી સાસુની કઇ બાબત મને ગમતી હતી? તેવી બાબતો વારંવાર કરો. આજે દરેક સાસુ પોતાની દીકરીની ચિંતા કરે છે, તેની અડધી ચિંતા જો પોતાની વહુની કરે તો જે તે ઘર ખૂબ જ પ્રગતિ પામે. પોતાની દીકરી માટે તેના સાસરિયા પાસેથી અપેક્ષા રાખતી સાસુઓ તેવી બાબતો પોતાની વહુ માટે કેમ નથી કરતી? દરેક સાસુ જે અપેક્ષા પોતાની દીકરી માટે રાખે છે, તે અપેક્ષા એ પોતાની વહુને સંતોષે તો વહુ જે તે સાસુની પૂજા કરતા પણ નહીં અચકાય. દીકરી લાવવી અને દીકરી આપવી એ બંનેમા મોટો તફાવત છે, જે તફાવત જેટલા પ્રમાણમાં પૂરાય તેટલા પ્રમાણમાં સાસુવહુના સંબંધો મીઠાશ ભર્યા બનશે. આજે તો ઘરમાં વહુ આવી એટલે ઘરના કામકાજ વહુ પર છોડી દેવામાં આવે છે. ઘરમાં ગમે તેટલા પ્રમાણમાં કામ હોય તો પણ સાસુમા તો ઓટલા પર બેઠા બેઠા પાણી મંગાવશે નવાનવા ઓર્ડર જ કરશે. સાસુના આવા વર્તનથી વહુના મનમાં સાસુનું માન-મર્યાદા ઘટે છે. હકીકતમાં સાસુ એ પણ વહુને થાય તેટલી મદદ કરવી જ જોઇએ. જો સાસુ આજે વહુને મદદ નહીં કરે તો ભવિષ્યમાં તે વહુ સાસુને પણ મદદ નથી જ કરવાની. તે વખતે વહુ સાસુનું સાંભળશે પણ નહીં. પસ્તાવાનો વારો સાસુનો જ આવવાનો છે. માટે જ ભવિષ્યમાં પસ્તાવું ન હોય, ઘરમાં શાંતિ રાખવી હોય, ઘરને પ્રગતિના પંથે લઇ જવું હોય તો દરેક ઘરમાં સાસવહુના સંબંધો મીઠાં રાખવા જ પડશે. અને આ માટે કરવા જોઇતા પ્રયત્નો કોઇ કરે તો એ ઉપકાર નથી કરતા પણ પોતાની ફરજ યોગ્ય રીતે બજાવે છે તેમ કહેવાય.

હા... કેટલાક અંશે સંતોષ આપનાર બાબત હમણાં હમણાં જોવા મળે છે, અને તે છે આજના આધુનિકયુગની આધુનિક સાસુ પોતાની વહુને દીકરીની જેમ નહીં, પણ મિત્રની જેમ રાખે છે. બંને સાથે ખરીદી કરવા જાય, પિકચર જોવા જાય, બહારથી નાસ્તો લાવીને સાથે જ કરે વગેરે. આવી જ રીતે બંને વેવાઇ અને વેવાણ જો એકબીજા સાથે સારી રીતે રહે, મિત્રની જેમ વર્તન કરે તો તેની અસર બંનેના ઘરના સભ્યો પર હકારત્મક જોવા મળશે. કયારેય કોઇ વેવાઇએ સામેના વેવાઇનો કોઇપણ બાબત માટે વાંક ન કાઢવો જોઇએ. કદાચ કોઇ પક્ષ તરફથી કોઇ બાબત ભૂલાઇ ગઇ હોય તો તેને ઇરાદો ન સમજતા, એ બાબત ભૂલાઇ ગઇ હશે તેમ માનીને આગળ વધવામાં બંને કુટુંબને ફાયદો છે.

# "દામથી નહીં પણ દિલથી કામ કરનારને દુભવશો તો દુ:ખી થશો"



## ''ઘણાં લોકો સંબંધો અને સંવેદનાઓના કારણે સર્વસ્વ અર્પણ કરી દેતા હોય છે. પણ ઘણા લોકોને એની કદર નથી હોતી''

ઘણાં વર્ષો પહેલા ગુજરાતમાં કર્મયોગી તાલીમ યોજના શરૂ થઇ હતી, ત્યારે તેને તે સમયની સરકારને એક નવો તાયફો ગણાવાયો હતો, પરંતુ તે પછી ધીમે ધીમે આ કોન્સેપ્ટ અન્ય રાજ્યોમાં પણ અમલી બન્યો અને તેના હવે તો દેશવ્યાપી બની ગયો છે.

એ તાલીમી બુનિયાદ ગમે તે કારણે સ્થપાઇ હોય, પરંતુ તે સમયે આ તાલીમ પછી ઘણાં કાંડ અને આળસુ સરકારી કર્મચારીઓને સક્રિય થઇને પોતાની સેવાઓ નિયમિત રીતે પ્રામાણિકપણે કરતા મેં સ્વયં જોયા છે.

આ તો થઇ સરકારી કર્મચારીઓની વાત, જેને તે સમયે કર્મયોગી તરીકે વર્ણવાયા હતાં, પરંતુ ખાનગી ક્ષેત્રો તથા પોતિકો વ્યવસ્યા કરતા લોકોમાં પણ એવા ઘણાં લોકો હોય છે, જેઓ તદ્દન બિન્દાસત, નિષ્ક્રિય અને આળસુ પ્રકૃતિના હોય છે. મોટી મોટી ખાનગી પેઢીઓતો તેના કર્મચારી ઓ માટે આ પ્રકારની તાલીમો અવારનવાર યોજતા રહેતા હોય છે, પરંતુ રિટેઇલ અને બિનસંગઠિત ખાનગી ક્ષેત્રોમાં કાર્યરત લોકોને પણ આ પ્રકારની તાલીમ આપવામાં આવે તો તે પછી ક્રમશઃ વ્યક્તિગત પ્રોડક્ટિવિટી વધે અને ત્યાર પછી સામૂહિક ઉત્પાદકતા તથા કૌશલ્ય વધે, જે એકંદરે દેશને જ ફાયદાકારક સિદ્ધ થઇ શકે તેમ છે. સરકાર અને ખાનગી ક્ષેત્રોની દિગ્ગજ હસ્તીઓએ આ દિશામાં પણ વિચારવું જોઇએ અને પહેલ પણ કરવી જોઇએ, ખરું કે નહીં?

સંબંધો, સંવેદના અને સ્વાર્થ...

ઘણાં લોકો કામ કઢાવવા પૂરતા સંબંધો વિકસાવતા હોય છે અને કામ (સ્વાર્થ) પૂરો થતા જ સંબંધો સમાપ્ત કરી દેતા હોય છે. ઘણા લોકો આ પ્રકારના સંબંધો માત્ર પોતાનો ઉલ્લુ સીધો કરવા માટે જ ચાલુ રાખતા હોય છે, અને જયારે સામેની વ્યક્તિને કામ પડે, ત્યારે બહાનાબાજી કરતા હાયે છે.

બીજી તરફ ઘણાં લોકો જયાં સંબંધો હોય, ત્યાં બીજી બધી જ બાબતોને એકદમ ગૌણ ગણતા હોય છે, અને સંવેદનશીલતાથી પોતાની ફરજો બજાવતા હોય છે. આ પ્રકારના લોકો સંવેદનશીલ હોય છે, અને સંબંધોની સાતત્યતા જાળવવા માટે પોતાનું સ્ર્વસ્વ અર્પણ કરી દેતા હોય છે, એટલે કે પોતાની તમામ શક્તિઓ કામે લગાડી દેતા હોય છે. દામથી નહીં પણ દિલથી કામ કરતા કર્મયોગીઓને ઓળખો...

મોટાભાગે સરકારી કે ખાનગી ક્ષેત્રોમાં ફરજો બજાવતા લોકો પગાર મુજબ કામ કરવાની મનોવૃત્તિ ધરાવતા હોય છે અને તેમાં

કાંઇ ખોટું પણ નથી. કોઇપણ પ્રકારની નોકરી માટે પૂરતું વળતર મેળવવું એ એક રીતે આપણાં દેશના દરેક નાગરિકને મળેલો અધિકાર છે. અને આ કારણે જ આપણાં દેશમાં બઘુતમ વેતન દર પણ નક્કી કરવામાં આવતા હોય છે. આ પ્રકારના નોકરિયાતો પણ નિષ્ઠાવાન, નિયમિત અને સક્રિય હોય છે, પરંતુ તેઓ પોતાને મળતા પગારની સરખામણી કરીને તેની મર્યાદામાં જ કામ કરતા હોય છે, જયારે ઘણાં કર્મચારીઓ પોતાને મળતા પગારને લક્ષ્યમાં લીધા વિના જ પોતાની તમામ તાકાત કામે લગાડીને પોતાના કામ ઉપરાંત અન્ય કામો પણ જરૂર પડ્યે ખૂબ જ નિષ્ઠાપૂર્વક કરતા હોય છે. તેમાં પણ કોઇપણ પેઢી કે સંસ્થા અથવા ફર્મના માલિક સાથે વ્યક્તિગત રીતે સ્નેહાળ સંબંધો હોય, ત્યારે તો તેઓ 'પોતાનું' માનીને જ પૂરેપૂરી શક્તિ વાપરીને સફળતાપૂર્વક પોતાને સોંપેલા કામો સંપન્ન કરતા હોય છે. કોઇપણ પેઢી, કંપની કે સંસ્થા-વ્યવસાયમાં ફરજો બજાવતા કર્મચારીઓમાંથી પગાર મુજબ પણ કામ નહીં કરતા, ડાંડ અને આળસુ સર્મચારીઓ તથા નિષ્ઠાવાન અને કર્મનિષ્ઠ કર્મચારીઓને ઓળખવા પડે. નિષ્ઠાવાન કર્મચારીઓ પૈકી પણ પગાર-વળતર મુજબ કામ કરતા અને દામથી નહીં પણ દિલથી કામ કરતા સંવેદનશીલ કર્મચારીઓને પણ ઓળખવા પડે અને તેઓનું માન-સન્માન અને આદર જાળવવા પડે, કારણકે આ પ્રકારના કર્મચારીઓ ઘણાં જ સ્વમાની પણ હોય છે અને તેઓની અવગણના કે અપમાન થાય, ત્યારે તેઓ 'રિએક્ટ' કેવી રીતે કરશે, તે નક્કી થઇ શકતું હોતું નથી.

દિલથી કામ કરનારાને દુભાવશો તો... ?

મેં ઘણાં એવા અધિકારીઓ અને કર્મચારીઓને જોયા છે, જે સરકારી ક્ષેત્રમાં પણ નિષ્ઠાપૂર્વક કામ કરતા હોય છે, જયારે ઘણાં એવા કર્મચારીઓને પણ જોયા છે, જેઓ પોતે તો પોતાની ફરજો યોગ્ય રીતે બજાવતા હોતા નથી, પરંતુ જે કર્મચારીઓ નિષ્ઠાપૂર્વક કામ કરતા હોય છે, તેઓને પણ દુભવતા હોય છે, અને નિષ્ઠાપૂર્વક કામ કરવા દેતા હોતા નથી. એવી જ રીતે બધાને એક લાકડે હાંકતા મેનેજરો અને માલિકો પણ આ જ પ્રકારની ભૂલ કરી દેતા હોય છે, અને પછીથી પસ્તાવો વ્યક્ત કરતા કે 'સોરી' કહેતા હોય છે.

દિલથી કામ કરતા લોકોને દુભાવનારને પાછળથી પસ્તાવું પડતું હોય છે. કેટલીક હિન્દી ફિલ્મો, પ્રાદેશિક ફિલ્મો તથા ટેલિવિઝન સિરિયલોમાં પણ એવું બતાવાતું હોય છે કે જુના કે નવા નિષ્ઠાવાન સંનિષ્ઠ કર્મયોગી કે બુઝુર્ગ કર્મચારી સાથે પેઢીના કે સંસ્થાના સીઇઓ કે મેનેજરો કે માલિકો જયારે અપમાનજનક વર્તન કરે, અને તેઓ નોકરી છોડીને બીજે જતા રહે કે વહેલા નિવૃત થઇ જાય, તે પછી તેવી જ નિષ્ઠાથી કામ કરતા કર્મચારી મળતા હોતા નથી, તે પછી તે પેઢી કે સંસ્થાને જબરો ફટકો પડતો હોય છે, એટલા માટે જ એ વાત સાચી છે કે દિલથી કામ કરનારાને દુભાવવા એ પાતાના પગ પર જ કૂહાડો મારવા જેવું જ ગણાય.

**- પાના નં.૧૦ પરથી...ગુગલ**

કશું જ ખોટું નથી. વર્ગખંડમાં શિક્ષણ આપવા માટે જેમ નકશાનો ઉપયોગ થાય છે, ચાર્ટ-ચિત્રોનો ઉપયોગ થાય છે, તે બધાં સાધનો છે, તેમ ગૂગલને પણ એક સાધન જ કરી શકાય. ચાર્ટ-ચિત્રો-નકશા વગેરેનો ઉપયોગ કરવાથી શિક્ષક નાનો બની જતો નથી. તેમ ગૂગલનો ઉપયોગ કરનાર શિક્ષક પણ ગૂગલ કરતા નાનો થઇ જતો નથી.

ગૂગલ વ્યક્તિને માહિતી આપે છે. આ સમયે ગૂગલ અને વ્યક્તિ વચ્ચે માત્ર જ્ઞાનાત્મક સંબંધ હોય છે, જયારે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે જ્ઞાનાત્મક ઉપરાંત સંવેદાત્મક સંબંધ પણ હોય છે. ગુરૂમાં લાગણી હોય છે. જયારે ગૂગલમાં લાગણી જેવું હોતું નથી. વિદ્યાર્થીની કોઇ મર્યાદા શિક્ષકને રાત્રે કયારેક ઊંઘવા પણ નથી દેતી. આ રીતે વિદ્યાર્થી અને શિક્ષકનો સંબંધ વિશિષ્ટ પ્રકારનો છે. જે સંબંધ ગૂગલ ના બાંધી શકે. આ તફાવત જ ગૂરૂને ગૂગલ કરતા અનેકગણા ચડિયાતા બતાવે છે. ધારો કે, એક વર્ગમાં પચાસ વિદ્યાર્થી બેઠાં છે. તેમની સામે કોઇ સમસ્યા કે પ્રશ્ન ઊભો થાય છે. તેઓ આ સમસ્યા નિવારવા કે પ્રશ્નનો ઉકેલ મેળવવા માટે ગૂગલને પૂછે તો ગૂગલ બધાંજ વિદ્યાર્થીને એક સમાન જવાબ આપશે. જયારે શિક્ષકને પૂછવામાં આવશે તો શિક્ષક લાગણી અને પ્રોત્સાહનનો સહારો લઇને વિદ્યાર્થીની શક્તિ, વાતાવરણ, મર્યાદા વગેરેને ધ્યાનમાં રાખી જુદા જુદા વિદ્યાર્થીને જુદો જુદો જવાબ આપી શકે. વર્ગમાં આવતાં વિદ્યાર્થી જુદા જુદા વાતારણમાંથી આવે છે. કોઇ હોશિયાર તો કોઇ નબળો હોય છે. જેથી શિક્ષક બધાને એક જ લાકડીએ નહિં હાંકે, જયારે ગૂગલ તો બધાને એક જ લાકડીએ હાંકશે. વિદ્યાર્થી બદલાય એટલે શિક્ષકની સમજાવવાની રીતે, રજૂઆતની રીતે વગેરે બદલાઇ જાય છે. જયારે ગૂગલ આવો કોઇ બદલાવ કરી શકતું નથી. આ બાબત ગૂગલ અને ગુરૂના સ્થાનને અલગ પાડવામાં ખૂબ જ મહત્વની બની રહે છે.

સમાજમાન્ય ન હોય તેવી કોઇ માહિતી કોઇ વ્યક્તિને જોઇતી હશે તો ગૂગલ તરત જ આપી દેશે. જયારે વિદ્યાર્થી આવી માહિતી મેળવવા માટે શિક્ષકને પૂછવાની હિંમત પણ કરી શકતો નથી. અને ધારો કે વિદ્યાર્થી હિમત કરીને પૂછે તો શિક્ષક તેવી માહિતી આપશે નહી, અને સમજાવશે કે તે અયોગ્ય રસ્તે જઇ રહ્યો છે, તેને સાચા રસ્તે વાળવાના તમામ પ્રયત્નો કરશે. આજની અણસમજુ વ્યક્તિને આડા પાટે ચડાવવામાં ગૂગલની ભૂમિકા ખૂબ જ મોટી રહી છે. આવા આડા પાટે ચડેલાને સાચા રસ્તે લાવવાનું કામ ગુરૂ જ કરી શકે છે. ઘણીવાર એવું પણ બને છે કે, જયાં માં-બાપ નિષ્ફળ જાય છે ત્યારે તેઓ પણ પોતાના બાળકના ગુરૂ પાસે જ આવે છે. દવા નહિ પીતું બાળક માં-બાપનું નથી માનતું, પણ ગુરૂ કે શિક્ષક જો બાળકને દવા પીવાનું કહેશે તો બાળક તરત જ દવા પી લેશે. ગૂગલ આ નહિ કરે. માટે જ ગુરૂ એ ગૂગલ કરતા શ્રેષ્ઠ છે, ચડિયાતા છે, જે નિર્વિવાદ બાબત છે.



# સમય બદલાતો રહે છે સમય જ બળવાન છે, સાચી વ્યક્તિને સમય સાથ આપે જ છે.

**આપણે જાણીએ છીએ કે સમય દરેક નો બદલાય છે, સારો હોય એનો સમય ખરાબ પણ થઇ શકે છે અને ખરાબ સમય ચાલતો હોય એનો સારો થઇ શકે છે. એમાં પણ એવું હોય કે લાચારી માં કોઇના કપટ કે છેતરપિંડીનો શિકાર બની કોઇનો ચાલતો સારો સમય ખરાબ થાય તો એ વ્યક્તિનો સમય ઇશ્વર પાછો સારો કરી આપે છે. અને કોઇએ કપટ છેતરપિંડી, ચાલાકીથી કોઇનું કાંઇ છીનવી પોતાનો સમય સારો કરી હવામાં આવી ગયા હોય એ એક દિવસ જમીન પર આવી શકે છે. અને આમ પણ કુદરતનું ચક્ર ચાલતું જ હોય છે, સમય બહુ બળવાન છે.**

પ્રેમલ કેવા સંજોગોમાં આગળ આવ્યો હતો. પ્રેમલની માતા ને પતિ એટલેકે પ્રેમલના પિતાએ બીજી યુવતીના મોહમાં અંધ થઇ ઘરમાંથી કાઢી મુક્યા હતા અને આ નાના પ્રેમલ ને લઇ ભટકવા માંડી હતી અને શહેર છોડીને દૂર ના રાજ્યના શહેરમાં આવી ગઇ હતી. ત્યાં એણે મજૂરી, લોકોના ઘર ના કામ, સીવણકામ, રસોઇ કામ કરી પ્રેમલ ને સાચવ્યો, ભણાવ્યો, મોટો કર્યો. નસીબ સારા અને અભ્યાસમાં નિપુણ હોવાને કારણે અવ્વલ નંબરે પાસ થયો અને સારી નોકરી મળી ગઇ. એ નોકરી દરમ્યાન જ એનો પ્રેમા નો પરિચય થયો. પ્રેમા ની પણ અલગ જીવનગાથા છે. પ્રેમાની માં ગુજરી ગયા પછી પિતાએ બીજા લગ્ન કર્યા હતા અને એ સાવકી માં એના એક પુત્રને લઇને આવી હતી. એટલે પ્રેમાને એમ જ ભાઈ મળી ગયો. ભલે કહેવાય ભાઈ - સાવકો ભાઈ પણ મહા ઉસ્તાદ, પ્રેમાના પિતા પ્રેમચંદ મોટા વ્યવસાયી અને કરોડપતિ, એમણે પત્ની માયા સાથે પ્રેમલગ્ન કરેલા એટલે જ એમણે દીકરીનું નામ બન્નેના નામ પરથી પ્રેમા રાખ્યું હતું. પ્રેમચંદ પત્નીની ગર્ભાવસ્થા દરમિયાન જ અત્યંત સ્વરૂપવાન ત્યકતા કામવાળી કામિનીના પ્રેમમાં પડ્યા હતા. કામિનીને પૈસા મળતા એટલે બધો લાભ આપતી. પ્રેમાનાં જન્મ પછી માયા અસાધ્ય બિમારીમાં સંપડાઇ અને મૃત્યુ પામી. કામિની ત્યકતા તો હતી જ આમે દીકરા સાથે એકલી રહેતી હતી એ ઘરમાં આવી ગઇ. દીકરાને લઇને. બસ પ્રેમચંદ શેઠની બરબાદી શરૂ થઇ ગઇ. પ્રેમચંદ બીમારીમાં સપડાયા, પ્રેમચંદ શેઠે ફેકટરી વેચી નાખી, બધી મિલકત અને બંગલો દીકરીના નામે કરી દીધા. કામિની અને દીકરો અશોક ચાલાક તો હતા જ. પ્રેમાને અત્યંત લાડ પ્રેમ વહાલ કરતા. જોઇએ એ હાજર કરતા. બધું કરવા દેતા. પ્રેમાને એમ કે આ માં સાવકી છે, ભાઈ સાવકો છે છતાં કેટલો પ્રેમ કરે છે. પ્રેમા વયસ્ક થઇ પછી પેલા લોકો એ મિલ્કત બંગલો કામિનીના નામે કરી દીધા, પછી વર્તન બદલાયું પ્રેમા ને નોકરી કરવાનો વખત આવ્યો. એ દરમ્યાન પ્રેમલની હૂંફ અને પ્રેમ મળ્યા, પ્રેમલ હવે બિઝનેસમેન બનવાનો હતો. એને બેન્કમાંથી લોન લઇ ફેકટરી નાખી હતી પ્રેમલ ના નસીબ કે એ ફેકટરી સરસ ચાલવા માંડી અને પ્રોડકટ પણ પ્રખ્યાત થઇ ગઇ. સ્ટાફ વધાર્યો એમાં પ્રેમાને નોકરીએ રાખી લીધી. પ્રેમલને જરાય સમય નહોતો રહેતો. એની પ્રોડકટ ગુણવત્તામાં ઉત્તમ સાબિત થઇ અને સર્વત્ર માંગ વધી ગઇ. હવે તો પ્રેમલ ગાડી બંગલા વાળો થઇ ગયો. માં ને હવે આરામ અને આનંદ થયો પછી માં એ કહ્યું કે હવે વહુ લઇ આવો એટલે મને શાંતિ, બસ એ સમયે પ્રેમલ પ્રેમાને પહેલીવાર ઘેર લઇ આવ્યો. માં જોઇને રાજી રાજી થઇ ગઇ. પ્રેમા પણ માં ને જોઇ રાજી રાજી થઇ, એને અંદરથી હૂંફ મળી. કોઇ જાણે કેમ એણે પ્રેમલની માં ના ખોળામાં માથું મૂકી દીધું. બસ માં એ માથે હાથ મુક્યો. પ્રેમા પ્રેમલ ના લગ્ન થયા, એના સાવકા ભાઈ અને માં એ તો વૈભવ જોયો હોય અને ગાઢ ડળકી હોય. લગ્ન જીવન શરૂ થયું. પ્રેમલની માં ને કોણ જાણે કેમ પણ કામિની અને એનો દીકરો અશોક જરા ય ગમતા ન હતા.

સમય બદલાતો જાય છે અને એ સાથે સમય કયારે પસાર થઇ જાય છે એ ખબર જ નથી પડતી. પ્રેમલ નો વ્યવસાય અપ્રતિમ પ્રગતિમાં હતો હવે તો પરદેશ માં પણ જવા લાગ્યો, લોકો એક્સપોર્ટ કહે છે ને એ, વિચારો દસ વર્ષમાં કેવી પ્રગતિ? હવે તો મોટો બંગલો મોંઘી કાર, નોકર ચાકર કેટલું? પ્રેમલ વિવિધ દેશોમાં વ્યવસાય માટે ફરતો રહેતો. સુખ સાહ્યબી અઢળક પણ નહોતી પ્રેમા... લગ્નના ત્રણ જ વર્ષમાં છૂટાછેડા થઇ ગયેલા. છૂટા

થવાના પચાસ લાખ રૂપિયા પ્રેમલે આપ્યા હતા. પ્રેમલ પ્રેમાને બહુ જ પ્રેમ કરતો હતો અને એનું સ્થાન બીજું કોઇ લઇ શકે એમ હતું જ નહિ. એણે લગ્ન નહોતા કર્યા. એ આજે પણ વિદેશમાં ફરતો હોય ત્યારે વિચારે કે પ્રેમા સાથે હોત તો અહીં કેવો આનંદ આવત, પછી વિચારે કે એને તો પૈસા વહાલા હતા. એની રીતે લહેર કરતી હતી. કોક બીજા પૈસા વાળા સાથે સેટ થઇ હશે.



એક દિવસ એ વ્યવસાય માટે જ ઓસ્ટ્રેલિયાના સિડનીમાં ગયો હતો ત્યાં ફરતા એક બગીચામાં ગુજરાતી લોકોને ટેબલ પર જમાવાનું ગોઠવી ઉભેલા જોયા એને લાગ્યું કે છે આપણા ગુજરાતીઓ પૂછવું જોઇએ કે આ શું ? તો એ લોકોએ કહ્યું કે અમે માનવતા ના અનુયાયીઓ છીએ અને માનવતાને નાતે જરુરિયાતવાળા લોકોને દર શનિવારે સાંજે જમાડીએ છીએ અને નાની ભેટ આપીએ છીએ. એ ગરીબો અહીં ભીખ તો માગી ન શકે એમને અહીં જમવાનું મળે. પ્રેમલ એક તરફ ઊભો રહ્યો, લોકો આવવા માંડ્યા એ લાઇનમાં એણે દૂરથી પ્રેમાના ભાઈ અશોક અને એની પત્નીને જોયા, એને થયું કે આ આવી હાલતમાં ? આના કારણે હું અને પ્રેમા છુટા થયેલ. એ દૂરથી જ જોઇ ચાલ્યો ગયો. એને મનમાં સતત વિચાર આવતો હતો કે પ્રેમા કયાં હશે ? એ ઇન્ડિયામાં જ મજામાં હશે કે અહીં કયાંય, એ પણ કયાંક આમ ખાવા માટે કરગરતી ઉભી નહિ હોય ને ? જે હશે તે પણ મારી પ્રેમા ભીખ ન માંગવી જોઇએ. એમ વિચારતો એનું કામ સમેટી ઇન્ડિયા ઘેર આવવા નીકળી ગયો. એનો કારોબાર એટલો મોટો થઇ ગયેલો કે ઓફિસમાં એક ડિપાર્ટમેન્ટ પ્રેમલની દૈનિક વ્યવસાયિક પ્રક્રિયા ની ગોઠવણ કરતું હોય. એ જ ગોઠવણ મુજબ પ્રેમલને કાર એરપોર્ટ લેવા આવી હતી. પ્રેમલ ને લઇ ઘર તરફ ચાલી નીકળી. ઘર એરપોર્ટથી ઘણું દૂર હતું.

વરસાદ પણ ચાલુ હતો. એને કારણે ટ્રાફિક પણ ઘણો હતો. રસ્તામાં પ્રેમલે જોયું ચ્હા મળે છે એણે ડ્રાઇવર ને કહ્યું રમેશ સાઇડમાં લે આપણે ચ્હા આમેય ધીમે ધીમે બધું આગળ વધે છે, ઊભા રહીયે. માં રાહ નહિ જોતી હોય, એને ખબર નથી હું આજે આવવાનો છું, રમેશ કહે કે બા ને ખબર છે, એમણે રેખા બહેનને પૂછી લીધું હતું. બા રાહ જોતા જ હશે પણ સાહેબ એમને એ પણ ખબર હોય ને કે તમે રસ્તામાં ચ્હા પીવા ઉભા રહેશો. પ્રેમલે સ્મિત સાથે કહ્યું કે વાત સાચી છે, ઉભા રહ્યા અને રમેશે ચ્હા નો ઓર્ડર આપ્યો. પ્રેમલ એટલીવાર અખબાર જોવા લાગ્યો અને બહારથી કાર ની બારી પર એક કન્યાએ ટકોરો માર્યો અને ફૂલની માળા બતાવી કહ્યું કે સાહેબ ફૂલ લેશો ? પ્રેમલની નજર પડી તો ખ્યાલ આવ્યો કે આ તો પ્રેમા છે. એણે કાચ ખોલ્યો અને જોયું તો પ્રેમા જ હતી. એ કાર થી નીચે ઉતર્યો, પ્રેમા ચમકી ગઇ અને બીજી દિશા તરફ ફરી ગઇ. પ્રેમલે ખભે હાથ મૂકી કહ્યું આમ મારી સામે જો. આ પરિસ્થિતિ કેમ આવી ? તને મેં પચાસ લાખ આપ્યા હતા એટલા માટે કે તું મારા વગર પણ સુખમાં રહે, પ્રેમા રોવા જ માંડી અને બોલી કે હું છૂટાછેડા લેવા જ નહોતી માગતી અને એના પચાસ લાખ પણ લેવા નોહતી માગતી પણ, મારા ભાઈ અને ભાભી ને કારણે આ થયું. પ્રેમલ કહે ચાલ કારમાં બેસ આપણે ઘેર જઇ વાત કરીએ.

એ લોકો ઘેર ગયા પ્રેમલના માં જોઇને લાગ્યા કે આ તને કયાં મળી ? અને આવી હાલતમાં ? પ્રેમલ કહે એ જ જાણવું છે. ત્યાં બેસી પ્રેમા એ વિગતે વાત કરી કે, બધી મિલકત, પૈસા, શેર અને ઘણું બધું મારા ભાઈએ એના નામે કરાવી નાખ્યું, મને એમ કે મારો ભાઈ મારો હિત રક્ષક છે પણ એ ભક્ષક નીકળ્યો. મારા પૈસા પણ પચાવી લીધા, એમાં મારી માં ને પણ કાંઇ ન આપ્યું, મકાન પણ વેચી નાખ્યું, માં ને વૃદ્ધાશ્રમ મોકલી દીધી, હું રસ્તા પર આવી ગઇ. ભાઈ અને ભાભી ઘણા વખતથી તૈયારી કરતા હશે મને ખબર નહીં. એ બંને પરદેશ ચાલ્યા ગયા. એ લોકો પરદેશમાં મજા કરતા હશે અને હું ભીખ માંગવા પર આવી ગઇ, આ ફૂલ માળા વેચવા માંડી, પ્રેમલ કહે એ કોઇ મજા નથી કરતા એમને એમના કર્મોની સજા મળી ગઇ હશે એ ભીખ માંગે છે, મેં જોયા એમને. ખાવા માટે એક લાઇનમાં ઊભા હતા. એ ભૂલી જા બધું ચાલ આપણે ફરી લગ્ન કરી એક થઇએ. પ્રેમા કહે એટલે આટલા વર્ષ થયા તમે લગ્ન નથી કર્યા ? પ્રેમલ કહે મેં માત્ર તને પ્રેમ કર્યો હતો, બીજા ને કરી પણ ન શકું એટલે લગ્ન શું કરું ? પણ ભૂલી જ બધું એ જ વખતે માં એ આર્શીવાદ આપી દીધા, માં ની આંખમાં આંસુ હતા, એ બોલ્યા મેં તને દીકરી માની હતી ભગવાને બધઆનું સાંભળ્યું. એ ન્યાય કરે જ છે.

આમ કહીએ તો સાચાને સારો સમય પાછો આપે જ છે.

# વાંચ્યું... ગમ્યું... છાપ્યું...

## એક નાનકડો પ્રસંગ જીવનને કેવો વાળાંક આપી શકે છે ?

એક દિવસ એક શિક્ષિકા બહેને નવમાં ધોરણના વિદ્યાર્થીઓને બે મોટા કાગળમાં પોતાના કલાસના વિદ્યાર્થીઓના નામ લખવા કહ્યું. દરેક નામની સામે તેમ જ નીચે બે લીટી ખાલી રાખવાનું કહ્યું. વિદ્યાર્થીઓને નવાઇ લાગી. થોડીક ઇન્તેજારી પણ થઇ કે બહેન શું કરવા માંગે છે ?

શિક્ષિકા બહેને ત્યારબાદ દરેક વિદ્યાર્થીના નામની સામે જે તે વિદ્યાર્થીના સૌથી સારા ગુણો વિષે બધાને યાદ આવે તેટલું લખવાનું કહ્યું. દરેકે દરેક વિદ્યાર્થીના સદગુણને યાદ કરીને લખવામાં બધા વિદ્યાર્થીઓને ખાસ્સી વાર લાગી. આવા નવતર પ્રયોગનો આનંદ પણ આવ્યો. કલાસનો બાકીનો સમય પણ આજ કામમાં પૂરો થયો. શાળા છૂટ્યા બાદ દરેકે પોતાનું લખાણ શિક્ષિકા બહેનને સુપરત કરીને વિદાય લીધી.

અઠવાડિયાના અંતે શિક્ષિકાબહેને દરેક વિદ્યાર્થીના નામવાળો એક એક કાગળ તૈયાર કર્યો. પછી તેના પર દરેક વિદ્યાર્થીએ તેના વિષે શું સરસ લખ્યું છે તેની યાદી તૈયાર કરી. સોમવારે ફરીથી કલાસ મળ્યો ત્યારે તેમણે દરેકને પોતાના નામવાળું લિસ્ટ આપ્યું. દરેક વિદ્યાર્થી આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો. દરેકના મોઢેથી આનંદના ઉદગારો સરી પડ્યા.

અરે ! ભગવાન ! બધા મારા વિષે આટલું સરસ વિચારે છે ?ઃ... દરેકના હ્રદયમાં મારા માટે આટલું બધું સન્માન હશે ? આવું મેં કયારેય સપને પણ વિચારેલું નહીં !... બધા મને આટલું ચાહતા હશે તેની કલ્પના પણ મેં કયારેય નહોતી કરી...! !

આંખમાં આંસુ સાથે દરેક વિદ્યાર્થી આવા ઉદગારો વ્યક્ત કરતો ગયો. પોતાનું મહત્વ બીજાને મન આટલું બધું હશે એ કોઇના માનવામાં જ નહોતું આવતું ! એ દિવસ પૂરો થયો. ત્યારબાદ બધા જ વિદ્યાર્થીઓ એકબીજા સાથે હળીમળીને જ રહ્યા. કોણે કોના વિષે શું લખ્યું હતું તે કોઇ જાણતું ન હતું. એટલે બાકીના વર્ષો દરેક જણે બીજાની લાગણી ન દુભાય તેનો બરાબર ખ્યાલ રાખ્યો. મહીનાઓ વીતી ગયા. આ વાત પણ ભુલાઇ ગઇ.

ઘણા વર્ષો પછી એ જ શહેરનો એક વિદ્યાર્થી વિયેટનામની લડાઇમાં માર્યો ગયો. એનું નામ માર્ક. એનું શબ ગામમાં લાવવામાં આવ્યું. દેશને ખાતર ખપી જનાર જવાંમર્દને શ્રદ્ધાંજલિ આપવા લોકો ઉમટી પડ્યા. પેલાં શિક્ષિકા બહેન પણ તેમાં સામેલ હતા. જયારે તેમણે અશ્રુભરી આંખે - મારા વ્હાલા વિદ્યાર્થી ! એમ કહીને કોફીન ઉપર ફૂલો વેર્યા ત્યારે બાજુમાં ઉભેલ એક અન્ય સૈનિક નજીક આવ્યો.

ધીમેથી તેમણે કહ્યું - શું તમે જ માર્કના નવમાં ધોરણના કલાસટીચર છો મેડમ ? હા, કેમ ? - શિક્ષિકા બહેન ને આશ્ચર્ય થયું.

ના, કંઇ નહીં. માર્ક તમારા વિષે હંમેશા ખૂબ જ કહેતો રહેતો. તમને એ હંમેશા અતિ આદરથી યાદ કરતો. ત્યારપછી ત્યાં હાજર રહેલા સમુદાયમાં થોડીક ગુસપુસ થઇ ગઇ. અંતિમ ક્રિયા પતી ગયા પછી પ્રાર્થના માટે બધા એકઠા થયા. ત્યારે એક સજ્જન પેલાં શિક્ષિકા બહેનની પાસે આવ્યા અને અત્યંત માનપૂર્વક બોલ્યા.

નમસ્તે ! તમે જ માર્કના નવમાં ધોરણના કલાસ ટીચર છોને ? જુઓ, માર્ક મરાયો ત્યારે એના ખિસ્સામાંથી આ કાગળ મળેલો. એના પર માર્કે પોતાના હાથે લખેલું છે કે ‘નવમાં ધોરણના અતિઆદરણીય કલાસ ટીચર તરફથી મળેલી સર્વોત્તમ ભેટ.’

સેલોટેપ વડે ઠેકેકાણે ચોટાડેલો એ કાગળ બધી વખત ખોલેલો અને ફરીથી ગડી વળાયેલો હશે એ એની સ્થિતિ પરથી સ્પષ્ટ દેખાઇ આવતું હતું. કાગળ જોઇને શિક્ષિકા બહેન ગળગળા થઇ ગયા. એ પેલો જ કાગળ હતો જે એક દિવસ એમણે કલાસના દરેક વિદ્યાર્થીને એમના અંગે બીજા વિદ્યાર્થીઓ શું સરસ વિચારે છે તે નોંધીને આપેલો. બહેન !... માર્કની જ બેરેકમાં સાથે રહેલો અન્ય એક સૈનિક બોલ્યો - માર્ક હંમેશા કહેતો કે આ કાગળ એના જીવનની સૌથી અમૂલ્ય ભેટ હતી.


એ જ સમયે એક અન્ય યુવતી ત્યાં આવી, બોલી હા બહેન ! મારા પતિએ પણ એમનો આવો જ કાગળ મઢાવીને ફ્રેમ કરાવીને ઘરમાં રાખ્યો છે ! અને મારા પતિએ તો અમારા લગ્નના આલબમમાં સૌથી પ્રથમ પાને આવો જ કાગળ લગાવ્યો છે ! અને હું તો હંમેશા માર્કની જે જ આ કાગળ મારા ગજવામાં જ રાખું છું. મારી જિંદગીની પણ એ એક કિંમતી ભેટ છે ! અન્ય એક યુવકે પોતાના ખિસ્સામાંથી એવો જ એક કાગળ કાઢીને બધાને બતાવ્યો. વાતાવરણમાં અહોભાવથી ભરેલી શાંતિ છવાઇ ગઇ. આંખમાં આંસુ અને આદરથી ત્યાં ઉપસ્થિત દરેક વ્યક્તિ પેલાં શિક્ષિકા બહેનને જોઇ રહી. હવે રડવાનો વારો શિક્ષિકા બહેનનો હતો. દરેક વિદ્યાર્થીના માથે હાથ મૂકીને એ ખૂબ જ રડયા.

એક નાનકડો પ્રસંગ જીવનને કેવો વળાંક આપી શકે ? બીજા લોકોએ આપણા માટે કહેલા થોડાક સરસ શબ્દો આપણી જિંદગીને સુંદર ઘાટ આપી દેતા હોય છે. આપણે હંમેશા બીજા અંગે વાત કરતા કે બોલતા આટલો જ ખ્યાલ રાખીએ તો ખાતરીથી એ લોકો એ શબ્દોને મઢાવીને જ રાખવાના...!

આપણે આપણા મિત્રો, સ્નેહીઓ તેમ જ સગાવ્હાલાઓને કહીએ કે આપણે એમને કેટલા ચાહિયે છીએ, આપણા માટે એ લોકો ખૂબ જ મહત્વના છે, આપણે એમને ખૂબ જ આદરથી જોઇએ છીએ એ લોકોના કયાં સદગુણો આપણને પ્રેરણા આપે છે અને મુશ્કેલીના સમયમાં માર્ગદર્શન પણ આપે છે...

ચાલો, ખૂબ મોડું થાય તે પહેલા દુનિયાને કહી દઇએ કે અમે તને ખૂબ જ ચાહીએ છીએ...! ! !

# શ્રદ્ધાંજલી



જન્મ :
૦૧-૦૮-૧૯૬૨

અરીહંતશરણ :
૧૪-૦૨-૨૦૨૪

## શ્રી મયુરભાઈ નગીનદાસ મહેતા

મુળવતન: થાણાદેવડી   હાલ: ઘાટકોપર-મુંબઈ

રડી પડે છે આંખો અમારી, દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી,
પળભરમાં છેતરી ગયા અમને, હસમુખો ચહેરો, માયાળુ-ઉદાર સ્વભાવ,
સૌમ્ય વ્યક્તિત્વ સદાય યાદ રહેશે અમોને,
ઇશ્વરને પૂછીશું અમે કે જેની જરૂર હતી અમારે તેની તમારે શી જરૂર પડી ?
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

લિ.
શ્રી નગીનદાસ કપુરચંદ મહેતા પરિવાર

માતુશ્રી : સ્વ. મંજુલાબેન નગીનદાસ મહેતા
પત્ની : શ્રીમતી કિર્તી મયુર મહેતા
મોટા ભાઈ-ભાભી : સ્વ. રમેશચંદ્ર નગીનદાસ મહેતા - મધુબેન રમેશચંદ્ર મહેતા
પુત્ર-પુત્રવધુ : મહેક મયુર મહેતા - પ્રગતિ મહેક મહેતા / રોનક મયુર મહેતા - અદિતી રોનક મહેતા
સૌરભ રમેશચંદ્ર મહેતા - જીનાલી સૌરભ મહેતા / અંકિત રમેશચંદ્ર મહેતા - કોમલ અંકીત મહેતા
પુત્રી : બીજલ જીગરકુમાર વોરા   પૌત્ર : રીશાન, મનય, સમય   દોહીત્રી : પરી, ધનવી
બહેનો : ઉર્મિલાબેન હસમુખરાય શાહ, તુલાબેન કમલેશકુમાર મહેતા

### કિર્તી ડિયામ (જ્વેલર્સ)

૭/૮/૯ શંકર નગર, વલ્લભબાગ લેન, તીલક રોડ કોર્નર, ઘાટકોપર (ઇ), મુંબઈ-૪૦૦૦૭૭.
ફોન : ૦૨૨-૨૧૦૨૭૦૮૩ / ૨૧૦૨૫૯૨૪ - મહેક મયુર મહેતા : ૯૯૩૦૪૬૨૩૪૩ / કિર્તીબેન મયુર મહેતા : ૯૨૨૪૭૭૧૨૩૮

Colour contract 05/02

# Sheth Devkaran Mulji Saurashtra Vishashrimali Jain Boarding

# શેઠ દેવકરણ મુળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોડીઁગ

વોરા ભવન ''મહેતા ટ્રસ્ટ બીલ્ડીંગ'',
એરપોર્ટ રોડ, મહાકાલેશ્વર મંદિર પાછળ,
રાજકોટ – ૩૬૦ ૦૦૭. મો.૬૩૫૪૬૧૯૭૧૯
E-mail : devkaranmuljijainhostel@gmail.com

RAJKOT TRUST REGD NO : A - 368
Managing Trustee
Shri Paresh Sheth
Mob.: + 91 99207 87842

Mumbai C/o.:
909 - Filix Tower, 9th Floor, LBS Road,
Opp. Asian Paints, Bhandup (West)
Mumbai - 400 078

જૈન સમાજ શિક્ષીત બને તે માટે ખૂબજ આગવી સુઝબુજ સાથે ૧૧૦ વર્ષે પહેલાં બોર્ડિંગ સ્કૂલના સ્થાપક તેમજ પ્રણેતા અને અનેક જૈન પરિવારો ના ઉદ્દ્રારક એવા આપણા પુજ્ય શ્રી દેવકરણ મુળજી સંઘવી ના સ્વપ્ન ને જૈન સમાજના નાનામાં નાના માણસ સુધી ઉચ્ચ શિક્ષણ ના વ્યાપ વધે તેમજ જૈન સમાજના ઉચ્ચ મૂલ્યોની જાણવણી થાય તે માટે રાજકોટ ખાતે નવું ભવન (રહેવા જમવાની વ્યવસ્થા સાથે) જૈન યુવાનો તેમજ યુવતીઓ માટે IAS-IPS કે કલેકટર, કલાસ ૧ ઓફિસર, કલાસ ૨ ઓફિસર તેમજ દરેક Government Exam નું સેન્ટર બનવા જઇ રહ્યું છે. મિત્રો આજે જૈન સમાજને જરૂર છે જૈન વહિવટકર્તાઓની, જૈન નીતિ નિર્માતાઓની. રાજકોટ ખાતે દેવકરણ મુળજી એસ. વિ. જૈન બોર્ડિંગ,''જૈન ફોર જૈન'' ના સ્વપ્ન ને સાકાર કરવા જઇ રહ્યું છે.

સોરઠ વિશાશ્રીમાળી જૈન પરિવાર સમગ્ર ભારતભરના જૈન યુવાનો માટે રાજકોટ ખાતે UPSC-GPSC-IAS-IPS પરીક્ષાઆની તૈયારીઓ માટે આધુનિક હોસ્ટેલ સુવિધાની સાથે કોચિંગ સેન્ટર  ની શરૂઆત કરવા જઇ રહ્યો છે. ભારતના સમગ્ર જૈન સંઘો સુધી આ માહિતી પહોંચાડો. આપના આસપાસના મિત્રોને, આપના સંઘના ગ્રુપમાં આ મેસેજ પહોંચાડો જેથી વધુનાં વધુ યુવાનો આ પહેલમાં જોડાઈ શકે.

આપ દરેક સભ્યોને જાણ કરતા ખુશી થાઈ છેકે આ ભવન આપણા સમાજની શાનમાં ઉત્તરોતર વધારો કરશે અને તેમજ જણાવવાનુંકે આ ભવન નિર્માણ માં થનાર ખર્ચ ને પહોંચી વળવા માટે એક સરસ યોજના તૈયાર કરવામાં આવેલ છે.સમાજના દાતાઓ,સંસ્થાના સભ્યો તથા સંસ્થાના શુભચિંતકો ને વિનંતી કરવામાં આવે છે કે શ્રી દેવકરણ બાપા ના સ્વપ્ન ને સાકાર કરવા માટે આપનો સહયોગ હમેંશા રહ્યો છે અને રહેસે આવી આશા સાથે યોજનાની વિગત નીચે મુજબ આપેલ છે.

| ક્રમ | શ્રેણી | રકમ | દાતાના અધિકારો અને લાભ |
|---|---|---|---|
| ૧ | મુખ્ય દાતા અથવા મુખ્ય ડોનર | ૭,૦૦,૦૦,૦૦૦ સાત કરોડ કે તેનાથી વધુ રકમ | • નવા બિલ્ડીંગ માં પૂજ્યશ્રી દેવકરણ મુળજી સંઘવીના નામ સાથે નવા બિલ્ડીંગ કે નવા ભવનનું નામ ડોનરની સુચના પ્રમાણે આપવામાં આવશે. ભવિષ્યમાં કોઈપણ સ્કીમમાં ફેરફાર કરવો હશે, અથવા વધારે ડોનેશન મેળવવા કોઈપણ યોજના તૈયાર કરવામાં આવશે ત્યારે, બિલ્ડીંગના નામમાં ફેરફાર કરવા મુખ્ય દાતા પરિવારની મંજુરી લેવી.<br>• નવા ભવનમાં દાતા પરિવાર તરફથી સૂચવેલ જગ્યા ઉપર ૩X૪ અથવા ૩X૫ ની આરસની તખ્તી ઉપર ગોલ્ડન અક્ષરે નામ લખવામાં આવશે.<br>• બે (૨) વ્યકિતના ફોટા દાતાએ સુચવેલ જગ્યા ઉપર મુકવામાં આવશે.<br>• નવી સંચાલન સમિતિમાં વધુમાં વધુ (૩) ત્રણ વ્યકિતની નિમણુંક કરી શકશે.(વ્યકિત શ્રી સો.વિ.જૈન. હોવી જોઈએ નિયુક્ત કરેલ વ્યક્તિમાંથી જ સંચાલન સમિતિના પ્રમુખ સ્થાને રહેશ. પ્રમુખની જવાબદારી/ફરજ બહુમતી સભ્યોના મત મુજબ રહેશ<br>• (૭) સાત સીટ ફ્રી (Free) માં રહેવા જમવા માટે (૩૦ વર્ષ માટે અધિકાર રહેશે)<br>• (૮) આઠ સીટ લવાજમ સાથે પ્રથમ પસંદગી આપવામાં આવશે. વહેલા તે પહેલાના ધોરણે.<br>• ઉપરના બધા અધિકારો ૩૦ (ત્રીસ) વર્ષ માટ દાતા પરિવારના અબાધિત રહેશે. |

# Sheth Devkaran Mulji Saurashtra Vishashrimali Jain Boarding
# શેઠ દેવકરણ મુળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોડીંગ

વોરા ભવન ''મહેતા ટ્રસ્ટ બીલ્ડીંગ'',
એરપોર્ટ રોડ, મહાકાલેશ્વર મંદિર પાછળ,
રાજકોટ – ૩૬૦ ૦૦૭. મો.૬૩૫૪૬૧૯૭૧૯
E-mail : devkaranmuljijainhostel@gmail.com

RAJKOT TRUST REGD NO : A - 368
Managing Trustee
**Shri Paresh Sheth**
Mob.: + 91 99207 87842

Mumbai C/o.:
909 - Filix Tower, 9th Floor, LBS Road,
Opp. Asian Paints, Bhandup (West)
Mumbai - 400 078

| ક્રમ | શ્રેણી | રકમ | દાતાના અધિકારો અને લાભ |
|---|---|---|---|
| ૨ | સહાયક ડોનર | ૩,૦૦,૦૦,૦૦૦ ત્રણ કરોડ કે તેનાથી વધુ રકમ | • નવા ભવનમાં કિચન–સ્ટોરરૂમ તથા ઓડીટોરીયમ માં 3x3 કે 3x4 ની આરસની તક્તી ઉપર નામ ગોલ્ડન અક્ષરે કંડારવામાં આવશે.<br>• નવી સંચાલન સમિતીમાં એક વ્યક્તિની નીમણુંક કરી શકશે. (શ્રી સૌ. વિ. જૈન હોવા જરૂરી છે) ૩૦ વર્ષ માટે.<br>• ૩૦ વર્ષ સુધી ૩ (ત્રણ) સીટ ઉપર ફ્રી (Free) માં રહેવા – જમવા વિદ્યાર્થીઓને આપવામાં આવશે. |
| ૩ | કોમ્પ્યુટર રૂમ (Computer Room) | ૩૦,૦૦,૦૦૦ ત્રીસ લાખ | • દાતાની ઈચ્છા મુજબ રૂમની બહારનો ભાગ તથા રૂમની અંદરની સાઇડ ર×ર ની તક્તી ઉપર ગોલ્ડન અક્ષરે નામ લખવામાં આવશે. |
| ૪ | કોન્ફરન્સ રૂમ (Conference Room) | ૨૫,૦૦,૦૦૦ પચીસ લાખ | • દાતાની ઇચ્છા મુજબ રૂમની બહારનો ભાગ તથા રૂમની અંદરની સાઇડ ૨x૨ ની તક્તી ઉપર ગોલ્ડન અક્ષરે નામ લખવામાં આવશે. |
| ૫ | કલાસ રૂમ (Class Room) રૂમની સંખ્યા ૫ (પાંચ) | ૨૫,૦૦,૦૦૦ પચીસ લાખ | • દાતાની ઇચ્છા મુજબ એક (૧) કલાસ રૂમના બહારાના ભાગમાં તથા કલાસ રૂમની અંદરના ભાગમા ૨x૨ ની તક્તી ઉપર ગોલ્ડન અક્ષરે નામ લખાવામાં આવશે. |
| ૬ | રીસેપ્શન એરિયા | ૨૧,૦૦,૦૦૦ એકવીસ લાખ | • દાતાની ઇચ્છા મુજબ રીસેપ્શનના ભાગમાં તથા રીસેપ્શન એરીયાના અંદરની સાઇડ ૨x૨ ની તક્તી ઉપર ગોલ્ડન અક્ષરે નામ લખવામાં આવશે. |
| ૭ | વી.આઇ.પી. લોંજ | ૧૫,૦૦,૦૦૦ પંદર લાખ | • વી.આઇ.પી. લોંજની ઉપર તેમજ અંદરના ભાગમાં ૨x૨ ની તક્તી ઉપર ડોનરની ઇચ્છા મુજબ નામ લખવામાં આવશે. |
| ૮ | ઓફીસ | ૧૫,૦૦,૦૦૦ પંદર લાખ | • ઓફીસના બહારના ભાગમાં તેમજ અંદરના ભાગમાં ડોનરની ઇચ્છા મુજબ ૨x૨ ની તક્તી ઉપર નામ લખવામાં આવશે. |
| ૯ | ગર્લ્સ રીડીંગ રૂમ | ૧૫,૦૦,૦૦૦ પંદર લાખ | • ગર્લ્સ રીડીંગ રૂમના ઉપરના ભાગે તેમજ અંદરના ભાગે ડોનરની ઇચ્છા મુજબ ૨x૨ ની તક્તી ઉપર નામ લખવામાં આવશે. |
| ૧૦ | બોઇઝ રીડીંગ રૂમ | ૧૫,૦૦,૦૦૦ પંદર લાખ | • બોઇઝ રીડીંગ રૂમના ઉપરના ભાગે તેમજ અંદરના ભાગે ૨x૨ ની તક્તી ઉપર નામ લખવામાં આવશે. |
| ૧૧ | લાયબ્રેરી | ૧૫,૦૦,૦૦૦ પંદર લાખ | • લાયબ્રેરીના ઉપરના ભાગે તેમજ અંદરના ભાગે ૨x૨ ની તક્તી ઉપર નામ લખવામાં આવશે. |
| ૧૨ | રૂમના દાતા ટોટલ ૨૩ રૂમ | ૧૧,૦૦,૦૦૦ અગિયાર લાખ | • એક રૂમના ઉપરના ભાગે ૩x૨ ની તક્તી ઉપર નામ લખવામાં આવશે. |
| ૧૩ | સીટના દાતા | ૧૧,૦૦,૦૦૦ અગિયાર લાખ | • કુલ ૫૦ (પચાસ) સીટ ના લાભાર્થી લેવાના છે.<br>• લાભાર્થીને ૩૦ વર્ષ સુધી એક સીટ ફાળવવામાં આવશે. તે સીટ ઉપર સંસ્થાના ધારા – ધોરણે મુજબ પ્રાયોરીટી એડમીશન અપાવી શકશે. |

### ફેબ્રુઆરી માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''

# શ્રી કાંતીલાલ ભગવાનદાસ શાહ







શ્રી કાંતીલાલભાઈ શાહ (સાવડીયા) એટલે **'જીવનમાં જે હસે છે તે હારતો નથી'** એ વાતને યથાર્થ રીતે સાબિત કરનાર, ખૂબ જ આનંદી અને રમૂજી સ્વભાવની દિલદાર વ્યક્તિ, તેઓ ઉદારદિલ, પ્રેમાળ સ્વભાવ, ક્ષમા અને મૈત્રીનો ભાવ અને આનંદસભર જીવન જીવનાર એક મૂઠી ઊંચેરા માનવી. મિત્રો અને શુભેચ્છકોથી વિંટળાઈ રહેતાં અને સૌના સુખે સુખી અને દુઃખે દુઃખી એવી સંવેદનશીલ પ્રકૃતિની વ્યક્તિ, તેમની સાથે રહેવું એટલે જાણે મધુર ગીતની તરજમાં તરલ થઈને વહેવું. કાંતીલાલભાઈ એટલે સૌના મિત્ર, સાથી અને એક એવું અક્ષયપાત્ર તેમની પાસેથી જે માગો તે મળે અને કાંઈ ન માગો તો પણ પ્રેમ મળે જ.

પૂ.મુરબ્બી શ્રી કાંતીલાલભાઈનો જન્મ તા.૧૮-૧૧-૧૯૨૧ના રોજ થયેલ હતો. ૯૨ વર્ષનું જૈફ આયુષ્ય ભોગવી નવ દાયકામાં અનેક લીલી-સુકી જોઈ. તા.૨૦-૨-૨૦૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા.

આવા ઉદારદિલ પરિવારના સર્વે સભ્યો હંમેશ સમાજ માટે લાગણીસભર દાનની ગંગા વહેવડાવતા જ હોય છે. આવા પરિવારે ઉદારદિલે મુખ્ય દાતા તરીકે શ્રીમદ્ રાજચંદ્ર એજ્યુકેશન ટ્રસ્ટ ધરમપુર, જિલ્લો વલસાડ, સર્વકલ્યાણ ટ્રસ્ટ, બળેજ તીર્થ પોરબંદર, માનવ કલ્યાણ ટ્રસ્ટ મમતા મંદિર, વિજલપોર નવસારી, રામકૃષ્ણમિશન વિવેકાનંદ મેમોરિયલ પોરબંદર ખાતે દાનો કરેલાં છે. આ ઉપરાંત મુંબઈ સમાજમાં પણ મોટા દાન કરેલાં છે. શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ, મુંબઈની શતાબ્દી ઉજવણી ઉજવણી નિમિત્તે એક ઓનરશીપની ઓફિસનું દાન આપીને સમાજમાં એક અનોખો દાખલો બેસાડયો છે. આવા દાનવીર અને મિતભાષી, જીવનમાં ફક્ત કાર્ય કરવામાં માનનારા અને હકારાત્મક (પોઝિટીવલી) અભિગમ રાખનાર શ્રી કાંતીલાલભાઈના પરિવારના સર્વે સભ્યો જીવનમાં ઉત્તરોતર પ્રગતિ સાધતાં રહે...

# જિંદગીના સૌ પૂજા-અર્ચના કરી લીધાં, રંકમા ઇશ્વરનાં દર્શન કરી લીધા

- (શિર્ષક પંક્તઃ અનિલ ચાવડા) - ડૉ. શરદ ઠાકર

**'અરે, છોડો એ બધી બહાનાબાજી! ગાયનેકોલોજિસ્ટ થયો એ થી એમ.બી.બી.એસ. મટી ગયા? તરસ્યા માણસને તો પાણીથી મતબલ છે, તમે ઝરણું છો કે નદી એની સાથે એને શી લેવા-દેવા?'**

ચાર-પાંચ વર્ષ પહેલાની ઘટના. આમ તો સાવ નાની અમથી વાત પણ કયારેક પાતળી વાડ પર મોટા ચીભડાં પાકવા જેવી ઘટનાઓ નીપજી આવે છે. આ પણ એના જેવું જ કંઇક બની ગયું. દિવાળીના દિવસો હતો. એક વાચક મિત્રનો ફોન આવ્યો, 'મારું નામ નિલેશ છે. હું અમદાવાદ થી સાવ નજીકના એક ગામડામાં શિક્ષક છું. વર્ષોથી તમારી ડાયરી વાંચતો આવ્યો છું. ''આપનો ખૂબ ખૂબ આભોર!'' મેં શિષ્ટાચાર બતાવ્યો. 'મેં તમારો આભાર સાંભળવા માટે ફોન નથી કર્યો, મેં તો ફોન કર્યો છે તમારા માથા પરનો ભાર વધારવા માટે.' નિલેશભાઈએ આટલી ભૂમિકા બાંધ્યા પછી તરત જ મૂળ મુદ્દો પકડી લીધો, 'તમારા એક એપિસોડમાં તમે ધોલેરા પંથકના ગામડાંમાં જઇને ગ્રામજનોને મીઠાઇ વહેંચવા વિશેની કથા આલેખી હતી. મને યાદ છે, તમને યાદ આવે છે?' મારી જ લખેલી વાત હું કેવી રીતે ભૂલી જઇ શકું? મને આખીયે કથા યથાતથ યાદ આવી ગઇ. એના મૂળમાં એક કરૂણ બિના રહેલી હતી. અમદાવાદની એક બેંકમાં નોકરી કરતા અરૂણ ત્રિવેદીના કુટુંબમાં એક સ્વજનનું મૃત્યુ થયું હતું. દિવાળીનો તહેવાર નજીકમાં હતો. ઘરના મોટેરાઓએ નક્કી કર્યું કે આ વરસે ભલે આપણે મીઠાઇ ન ખાઇએ પણ ગરીબોને તો જરૂર ખવડાવીએ. અમદાવાદ ની ફૂટપાથો પરના ભિખારી ઓ પાસે તો તહેવારોના સમયે કંદોઇની દુકાન કરતાં પણ વધારે મીઠાઇઓ જોવા મળતી હોય છે. એટલે ખુદ ભિખારી ઓએ જ ના પાડી દીધી.

એ પછી અરૂણ ત્રિવેદીએ અમદાવાદથી સો કિ.મી. દૂરના ગ્રામ્ય વિસ્તારમાં જઇને આ પુણ્યનું કામ પાર પાડ્યું. એમાં જે હૃદય સ્પર્શી વાત હતી તે આ હતી. એક વૃદ્ધ માજી એ મોહનથાળ અને જલેબી જિંદગીમાં પહેલીવાર ભાળ્યા! અરુણભાઇને એમણે પૂછ્વું પડ્યું. 'આ શું છે? એ કેવી રીતે ખવાય? પાણીમાં બોળીને કે દૂધમાં ચોળીને?' મેં નીલેશભાઈના સવાલનો જવાબ આપ્યો, 'હા, ભાઈ' મને પણ એ એપિસોડ યાદ છે. બોલો, તમારે શું કહેવું છે?'' મારી વિનંતી છે કે આ વરસે અમારા ગામમાં આવીને મીઠાઇ વહેંચવાનું કામ તમે કરો.' 'અરે, પણ દિવાળી તો માથા ઉપર આવીને ઊભી છે! આજે વાઘ બારસ થઇ, કાલે ધનતેરસ. આટલી ટૂંકી નોટિસમાં હું કેટલું કરી શકું?' નીલેશભાઈના અવાજમાં આગ્રહ હતો, 'જુઓ, સાહેબ! પ્રયત્ન કરી જુઓ. નહીંતર પછી આવતા વરસે.' મેં ફોન નું રીસીવર તો મુક્યું પણ રીસીવરે કાનમાં રેડેલી વાતે મારો પીછો ન મૂક્યો. હું એક સામાયિક માટે વાર્તા લખવા બેઠો હતો, પણ મારું ધ્યાન રહી-રહીને હટી જતું હતું.

મેં કાગળ પરની વાર્તા પડતી મૂકી દીધી અને જિંદગીની કહાણી હાથમાં લીધી. બે જૈન મિત્રોને વાત કરી. એક ડોકટર મિત્રને ફોન કર્યો. ત્રણેય સાથે સીધી જ વાત, 'હું જાણું છું. તમે ચેરાપૂંજી ના વરસાદ જેટલું કમાવ છો. હું એ પણ જાણું છું. કે તમે ગંગા-જમનાના પૂર જેટલા રૂપિયા વાપરો છો. બે-ચાર ટીપાં આ કામ માટે ફાળવી શકશો?' કેમ નહીં? આવો, આપણે ફલાણી હોટલના ડાઇનિંગ હોલમાં 'ડિનર' ઉપર મળીયે અને આ પ્રોજક્ટ ઉપર ચર્ચા કરીએ. 'ના, મારે કરોડ-બે કરોડ નથી જોઇતા, જેટલા રૂપિયા આ મોંઘી હોટેલમાં ડિનર લેવા પાછળ ખર્ચા એટલા આપશો તોયે ચાલશે. આ પ્રોજકટ આપણે જમવાનો નથી, બીજાને જમાડવાનો છે.' પછી મેં ઉમેર્યું, 'મેં ઉમેર્યું, મેં પાયો ખોદી રાખ્યો છે. પાંચ હજાર મારા તરફથી. હવે એની ઉપરનું ચણતર કામ તમારા માથે. 'માત્ર દસ મિનિટ ની વાતમાં વીસ હજાર રૂપિયા ના કમિટમેન્ટ મળી ગયાં. જગત આખામાં સૌથી વધુ કંજૂસ ગણાતા અમદાવાદી ઓ કેટલા ઉદાર થઇ શકે છે એનો રોકડો ને રણકતો પુરાવો મળી ગયો. વાઘબારસ વસૂલ થઇ ગઇ. બીજા દિવસે ધનતેરસ હતી. એ ધન લઇને આવી, રૂપિયા બારોબાર એક ફરસાણની દુકાન ધરાવતા મિત્રને સોંપીને મીઠાઇ-ફરસાણ તૈયાર કરવાની જવાબદારી એને જ સોંપી દીધી. એણે મૂંઝવણ રજૂ કરી, 'એ બધું ચોવીસ કલાકમાં બનાવી તો આપું, પણ એને ભરીશું શેમાં? ચવાણા માટે પ્લાસ્ટિકની કોથળીઓ અને એક-એક કિલો મોહનથાળ મૂકવા માટે પૂંઠાનાં બોક્સ જોઇશે, એનું શું? વધુ એક ફોન કોલ અને એના માટેની સ્પોન્સરશિપ પણ મળી ગઇ. એક મિત્રે એની મોટી કાર ફાળવી આપી. પેટ્રોલ પણ એનું. ત્યાં સુધીમાં ધનતેરસનું પાનું કેલેન્ડરમાંથી ફાટી ચૂક્યું હતું અને કાળી ચૌદશ નું પાનું આવી ગયું હતું. રાત્રે નવેક વાગ્યે ચારેક મિત્રો ગાડીમાં મીઠાઇની દુકાન ખડકીને નીકળી

પડ્યા. અમદાવાદમાં તહેવારનો માહોલ પૂરબહારમાં જામેલો હતો. સડકો ઉપર ફટાકડા ફૂટી રહ્યા હતા. ગાડીને છૂટવાની તૈયારીમાં હોય તેવા બોમ્બ અને રસ્તા પર પાણીનાં કૂંડાળામાં મૂકેલા કકળાટ ના વડા થી બચાવતા-તારવતાં અમે અમારા નિર્ધારીત ગામડે જઇ પહોંચ્યા.

નીલેશભાઈ અમારી વાટ જોતા ગામના પાદરમાં ઊભા હતા. એ અમને એક ચોક્કસ વાસમાં લઇ ગયા. મિત્રો વિતરણના કામે લાગ્યા. ભારતનો છેવાડાનો માણસ પણ કેવો ખુમારી વાળો હોય છે એનું જાગતું પ્રમાણ મારી સમક્ષ આવી ગયું. એક દલિત ખેતમજૂરે પાણીનો ગ્લાસ ધર્યો. હું એ કચરા વાળું પાણી પી રહ્યો હતો, ત્યાં એ આધેડ પુરૂષે મને આ સવાલ કર્યો, 'આ મીઠાઇ ને ફરસાણ તમે કયા કારણથી અમને આપવા આવ્યા છો ? તમને એમ છે કે અમે ગરીબ છીએ એટલે ? અમારી દયા ખાઇને તો તમે...?' હું જુઠ્ઠું બોલ્યો, 'ના, ભાઈ ! એવું જરાય નથી. વાત એવી છે કે મારા ઘરમાં આજે એક હરખ પામવા જેવો બનાવ બન્યો છે એટલે અમારી ખુશી વહેંચવા માટે અમે તમારા ગામમાં આવ્યા છીએ.' આજે પણ દ્રશ્ય યાદ આવે છે ત્યારે વિચારું છું. કે આપણા દેશમાં સાચો ગરીબ કોણ ? પેલો દસ ટકા કાપડ અને નેવું ટકા ચામડીમાં ફરતો ખેતમજૂર ? કે પછી બે લાખ કરોડ રૂપિયાના કટકી કૌભાંડ કરતા નેતાઓ ? રાત્રે અગિયાર વાગે અમારો યજ્ઞ પુરો થયો. કાળી ચૌદશનું બીજું નામ રૂપ ચૌદશ છે. એ નામ એ રાત્રે સાચુ ઠર્યું. પછી નીલેશભાઈએ બીજી વાત મૂકી, 'અમારા ગામમાં આરોગ્યની સુવિધા નો અભાવ છે. તમારી જાણમાં કોઇ એમ.બી.બી.એસ. ડોકટર હોય અને જો તે અહીં આવવા માટે તૈયાર થાય તો...'

આજે એ વાતને ચાર-પાંચ વર્ષ વીતી ગયા છે. મેં પંદરેક જેટલા ડોકટર મિત્રો ને ટકોરા મારી જોયા, કોઇ ગામડે જવા રાજી નથી થતું. એ દરમિયાન દિનેશ ગુપ્તા, નરેન્દ્રભાઈ પટેલ (જય અંબે) અને જગન્નાથ કાબરા જેવા સાત્વિક મિત્રો એ મારા માથે જ આ કાંટાળો તાજ મૂકી દીધો, બીજા ડોકટરોને શું કામ કહો છો ? તમે પોતે ડોકટર નથી ? ''હું ખરો, પણ ગાયનેકોલોજિસ્ટ...'' અરે, છોડો એ બધી બહાનાબાજી ! ગાયનેકોલોજિસ્ટ થયા એથી એમ.બી.બી.એસ. મટી ગયા ? તરસ્યા માણસને તો પાણીથી મતલબ છે, તમે ઝરણું છો કે નદી એની સાથે એને શી લેવા દેવા ? હું હારી ગયો, ભલે ત્યારે ! અઠવાડિયામાં એક વાર હું નદીના બદલે ઝરણું થઇ જવા તૈયાર છૂં. જેવુ મીઠાઇ વિશે બન્યું હતું. તેવું જ સારવાર વિશે પણ બની ગયું. સાધનો આવ્યા, ડીઝલ આવ્યું. દવાઓ પણ આવી ગઇ. મારા ઉપરાંત બીજા બે ડોકટરો પરિવારમાંથી જ મળી ગયા. છેલ્લા બે મહિનાથી દર રવિવારે નવ વાગે અમારો કાફલો રવાના થઇ જાય છે. ગરીબ, અભણ, શ્રમિકો અને મજુરો, ભણેલા ને અભણ ગ્રામીણ દર્દીઓની વણઝાર ઉમટે ઠે. અમે પૂરા ખંતથી, પ્રેમથી અને સહાનુભિતિથી એમની સારવાર કરીએ છીએ. કેસ કાઢવાનો, ચેકઅપ નો કે દવાઓ નો એક પૈસો પણ નહીં લેવાનો અને અમે અફર નિયમ રાખ્યો છે. 'ડૉ.ની ડાયરી' કટાર શરૂ કર્યા ને આજકાલમાં અઢાર વર્ષ પૂરા થયા. હમણાં મારી વર્ષગાંઠ પણ આવી ગઇ. અબ તક છપ્પન પૂરાં કર્યા. જિંદગી એક કરવટ માગતી હતી અને પ્રવાસને યુ-ટર્ન ની તલાશ હતી. એ હવે પૂરી થઇ છે. જયારે પંચાશી વર્ષની ઉંમરની કેડેથી બેવડી વળી ગયેલી, કૃશકાય ગ્રામ્ય માતા સારવારના બદલામાં આર્શીવાદ આપી જાય છે, ત્યારે તમારા સમ ખાઇને કહું છું. - 'મજા પડી જાયછે.'

# સંસ્થા સમાચાર

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

**સમાજને ભેટ**

૫૦૦૦/- શ્રીમતી કીર્તિબેન મયુરભાઇ મહેતા પરિવાર તરફથી શ્રી મયુરભાઈની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે

૧૦૦૦/- ધોરાજી નિવાસી હાલ કાંદિવલી શ્રીમતી લતાબેન કનકરાય સંઘવી પરિવાર તરફથી માતુશ્રી દયાબેન ના આત્મશ્રેયાર્થે ભેટ

**મુખપત્રને ભેટ**

૫૦૦૦/- શ્રીમતી કીર્તિબેન મયુરભાઇ મહેતા પરિવાર તરફથી શ્રી મયુરભાઈની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે

૧૦૦૦/- ધોરાજી નિવાસી હાલ કાંદિવલી શ્રીમતી લતાબેન કનકરાય સંઘવી પરિવાર તરફથી માતુશ્રી દયાબેન ના આત્મશ્રેયાર્થે ભેટ

**શ્રી ડો. શાંતિલાલ રતિલાલ કોરડીયા મેડિકલ રાહત યોજના**

૫૦૦૦/- શ્રીમતી કીર્તિબેન મયુરભાઇ મહેતા પરિવાર તરફથી શ્રી મયુરભાઈની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ભેટ નીચે લખેલ બેંક ખાતામાં જમા કરશોજી.**

Name : **Shri Sorath Visa Shrimali Subhechhak Mitra Mandal.**

Banker : **Bank of India**

Bullion Exchange Branch : **Mumbai**

A/c. No. : **000810100006108**

IFCI Code : **BKID0000008**

80/G : AACTS 1446 GF 20214 dt. 28-05-21

(આપની મોકલેલી રકમની દરેક વિગત, મોકલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર શ્રી વિનોદભાઈ મહેતાને મોબાઈલ નં. ૯૮૩૩૫૦૦૫૦૮ માં વોટસએપ ઉપર મોકલી આપવા વિનંતી.

# દૂરબીન : મોંઘાંદાટ લગ્નો, દેખાદેખી અને અબજો રૂપિયાની મેરેજ ઇન્ડસ્ટ્રી

- કૃષ્ણકાંત ઉનડકટ

**લગ્નો એનું મૂળ રૂપ તો કયારનુંયે ખોઇ બેઠાં છે. લગ્ન હવે ઇવેન્ટ બની ગયાં છે અને આખી મેરેજ ઇન્ડસ્ટ્રી જબરદસ્ત રીતે ધમધમવા લાગી છે! મધ્ય વર્ગ પણ દેખાદેખીમાં ખેંચાઇ રહ્યો છે!**

મેરેજીસ આર મેડ ઇન હેવન. લગ્નો સ્વર્ગ માં નક્કી થાય છે એ વાત આપણે પહેલેથી સાંભળતા આવ્યા છી. લગ્ને ભલે સ્વર્ગમાં નક્કી થતાં હોય, પણ લગ્ન યોજાય છે ધરતી પર જ! પ્રભુતામાં પગલાં પાડવાનો આ પ્રસંગ સમયની સાથે બદલાતો રહ્યા છે. હમણાંની એક સાવ સાચી ઘટના છે. એક છોકરીના મેરેજ યોજાવાના હતા. ઘરમાં દિવસોથી મેરેજની તૈયારીઓ ચાલતી હતી. છોકરીના દાદા પણ ઉત્સાહભેર બધા આયોજનમાં ભાગ લેતા હતા. આ દરમિયાનમાં જેના મેરેજ હતા એ છોકરીએ દાદાને સવાલ કર્યો. દાદા, તમારા મેરેજ કેવી રીતે યોજાયા હતા? દાદા હસ્યા અને કહ્યું કે, તને માન્યામાં ન આવે એ રીતે લગ્ન થયાં હતાં. એ જમાનો સાવ સીધો સાદો હતો. લગ્ન કરવા માટે જાન જાય એના આગલા દિવસે વર પક્ષનો જમણવાર યોજાતો. એ જમણવારમાં મેસુબ, બુંદી, ગાંઠિયા, દાળ, ભાત, શાક, સંભારો અને પૂરી જ રહેતાં. મોટા ભાગે બધાને ત્યાં લગ્નનું મેનુ આ જ રહેતુ. જાનમાં કુટુંબના અંગત લોકો જ જતા. એક ઘરમાંથી એકને અને વધુમાં વધુ બે વ્યક્તિને જ જાનમાં આવવાનું કહેવામાં આવતું. હા, જાન બે-ત્રણ દિવસ રોકાતી. ત્યાં બધી સરભરા થતી. ચા-નાસ્તો સતત ચાલુ રહેતા, પણ એમાંયે મોટા ભાગે ચા ગાંઠિયા, જલેબી જેવું જ રહેતું. માન આપવામાં કમી ન રહેવી જોઇએ એનું ધ્યાન રખાતું. જૂતાં પાલિશ અને માલિશ કરવા અને પગચંપી કરવા માટે પણ માણસો રાખવામાં આવતા. દીકરીવાળાના ઘરના લોકો ખડેપગે રહેતા. કેટલાક લોકો જાતજાતની ચીજવસ્તુઓની માંગણી કરતા હતા. એ વસ્તુ ગમે ત્યાંથી શોધીને હાજર કરી દેવામાં આવતી હતી. પ્રસંગ એકદમ અંગત રહેતો હતો. આજના જમાના સાથે તો એની સરખામણી જ ન હોય. આટલું બોલીને દાદાએ કહ્યું, હવેનાં લગ્નો બહુ ખર્ચાળ થઇ ગયાં છે. પહેલાં આટલું બધું નહોતું થતું. અત્યારે કોઇ પણ મેરેજમાં જઇએ એટલે એવું થયા વગર ન રહે કે, કેટલું બધું વધી ગયું છે! ઘણા વળી એવું કહેશે કે, આ સિરિયલોએ દાટ વાળ્યો છે. સિરિયલોમાં જોઇ જોઇને લોકો નવું નવું શીખી રહ્યા છે. મરેજનો પહેરવેશ પણ બદલી ગયો છે. અગાઊ સમયમાં વરરાજો પહેરતો એવો ડ્રેસીસ ઘરના લોકો પણ પહેરવા માંડ્યા છે. વિધિઓ ફિલ્મી થઇ ગઇ છે. મેરેજ ફોટો ઇવેન્ટ બની ગયા છે. ડ્રોન સહિત અનેક કેમેરાથી શૂટિંગ થાય છે. વર-કન્યા માટે તો બરાબર છે, મહેમાનો માટે પણ સેલ્ફી પોઇન્ટ અને ફોટો પ્લેસ બનાવવામાં આવે છે. એ ન હોય તો જાણે કંઇક અધુરૂં રહી ગયું હોય એવું લાગે. પ્રિવેડીંગ ફોટોશૂટનો કન્સેપ્ટ નવો છે. હવે તો એના માટે પણ બેસ્ટ ડેસ્ટિનેશન શોધવામાં આવે છે. કેટલાંક કપલ્સ ફોટોગ્રાફર્સની ટીમ સાથે ફોરેન જઇને ફોટોશૂટ કરાવે છે. અમીરો માટે ડિસ્ટીનેશન વેડિંગ એ નવી વાત નથી. આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને કહ્યું હતું કે, ડેસ્ટિનેશન વેડિંગ માટે ફોરેન ન જાવ, આપણા દેશમાં પણ મસ્ત મજાની જગ્યાઓ ઓછી નથી. અગાઉના સમયમાં ઘરઆંગણે અને વધુમાં વધુ તો જ્ઞાતિની વંડીમાં લગ્નો થતાં હતાં. હવે એવું કોઇ કરતું નથી, પણ મધ્યમ વર્ગે દેખાદેખીમાં ઘણું બધું કરવું પડે છે. કેટલાક કિસ્સાઓમાં જેના મેરેજ હોય એ દીકરી કે દીકરાનો જ એવો આગ્રહ હોય છે કે, માટે તો ધામધૂમથી મેરેજ કરવા છે. સંતાનોની ઇચ્છા પૂરી કરવા માટે લોકોએ આજની તારીખે ઉછીના પાછીના કરવા પડે છે.

હમણાં એક બીજી વાત પણ સાંભળવા મળી. એક વડીલે કહ્યું કે, અગાઉના સમયમાં જે ચાંદલો આવતો એના કારણે ઘણો ટેકો રહેતો હતો. ગરીબ કે મધ્યમ વર્ગના પરિવારમાં લગ્ન હોય તો લોકો એ રીતે ચાંદલો આપતા કે, પરિવારને થોડીક રાહત રહે. હવે જમવાની ડિશ જ એટલી કોસ્ટલી થઇ ગઇ છે કે, ચાંદલાથી ખાસ કોઇ ફેર ન પડે. મેરેજમાં બધું ગજા બહારનું થવા લાગ્યું છે એવું મોટા ભાગના લોકોના મોઢે સાંભળવા મળે છે.

મેરેજ હવે ઇન્ડસ્ટ્રી થઇ ગઇ છે. ઇવેન્ટ ઓર્ગેનાઇઝર્સને મેરેજનું તમામ કામ સોંપી દેવામાં આવે છે. અગાઉ તો જેના ઘરે લગ્ન હોય એ દિવસો સુધી નવરા ન પડતા. હવે એ લોકો પણ મેહમાનની જેમ જ મેરેજમાં આવે છે. બાકીની બધી ગોઠવણ ઇવેન્ટ ઓર્ગેનાઇઝર કરી આપે છે. તમારે બસ પેમેન્ટ જ કરવાનું હોય છે. હવે તો મેરેજ ઇન્ડસ્ટ્રીથી દેશની ઇકોનોમીને કેટલો ફાયદો થાય છે

એની ગણતરીઓ પણ મંડાવા લાગી છે. હમાણાં જ બહાર આવેલી વિગતોમાં એવું કહેવાયું છે કે, આ વખતની મેરેજની સીઝનમાં ૪૮ લાખ લગ્નો યોજાવાનાં છે. માત્ર દિલ્હીમાં જ સાડા ચાર લાખ લગ્નો યોજાવાનાં છે. એક લગ્નમાં કેટલો ખર્ચ કરવામાં આવશે તેનો પણ અંદાજ બાંધવામાં આવ્યો છે. ગરીબ પરિવારોનાં દસ લાખ લગ્નોમાં સરેરાશ ત્રણ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. દસ લાખ લગ્નો એવા હશે જેમાં એવરેજ છ લાખનો ખર્ચ થશે. બીજા દસ લાખ મેરેજમાં સરેરાશ પંદર લાખનો ખર્ચ થશે. સાત લાખ લગ્નો એવાં હશે જેમાં સરેરાશ પચીસ લાખનો ખર્ચ થશે. પચાસ હજાર લગ્નોમાં પચાસ લાખથી વધારેનો ખર્ચ થવાનો અંદાજ છે. એ સિવાય લગ્નમાં મિનિમમ એક કરોડ અને તેનાથી પણ વધુ ખર્ચ કરનારા પડ્યા છે.

માલેતુજારોનાં લગ્નમાં જે ઠઠારો હોય છે એ જોઇને અચરજ થયા વગર ન રહે. ઘણા લોકો આટલા બધા ખર્ચની ટીકા કરે છે. અલબત્ત, તેના વિશે એવું પણ કહેવાય છે કે, જેની ત્રેવડ હોય એ શા માટે ખર્ચ ન કરે ? બધાને દીકરા-દીકરીના મેરેજ જબરદસ્ત રીતે કરવાની ઇચ્છા હોય જ છે. સંગીત સંધ્યામાં પણ લોકો પોતાને પરવડે એવા કલાકારોને બોલાવવા લાગ્યા છે. ધનવાન પરિવારને ત્યાં મેરેજમાં હવે બોલિવૂડ નાઇટ ઇનથિંગ છે.

જેને પોષાય છે એ ભલે કરતા, પણ દેખાદેખીમાં જે થઇ રહ્યું છે એ ટાળવું જોઇએ એવું પણ ઘણા ડાહ્યા લોકો કહે છે. અમુક જ્ઞાતિઓમાં તો બાકાયદા એવાં અભિયાન ચાલે છે કે, પ્રિવેડિંગ અને પોસ્ટ વેડિંગ જેવી વાતોમાં પડ્યા વગર સાદીસીધી રીતે પ્રસંગને નિપટાવો. લગ્ન પાછળની જે ભાવના છે એને જીવંત રાખો. મેરેજમાંથી સૌથી વધુ જે મહત્ત્વનું હોય છે` ફેરા અને સપ્તપદીનું મહત્ત્વ ઘટતું જાય છે. બાકીના કાર્યક્રમોમાં ભલે ગમે એટલો સમય લાગે, પણ વિધિમાં મહારાજને કહેવાય છે કે, જરાક ફટાફટ પતાવજો. મેરેજ ફિલ્મી થઇ ગયા છે. કેટલાક મેરેજમાં તો એવી ઝાકમઝોળ હોય છે જે જોઇને એવું જ લાગે જાણે કોઇ ફિલ્મ કે સિરિયલનું શૂટીંગ થઇ રહ્યું છે. અગાઉના સમયના મેરેજમાં વર અને કન્યાના ચહેરાના ભાવ જુદા હતા. જે છોકરીનાં લગ્ન હોય એને તો શરમના શેરડા ફૂટતા રહેતા. હવે કન્યા ડાન્સ કરતી કરતી વરમાળા પહેરાવવા આવે છે. ઘણા લોકો કહે છે, એમાં ખોટું શું છે. ? જેના ખાતર બધું થતું હોય એજ એન્જોય ન કરે એ થોડું ચાલે ! વાત ખોટી નથી, દરેકનો નજરિયો જુદો જુદો હોય છે. સરવાળે એ વાત તો સાચી જ છે કે, પછેડી જેટલી સોડ તાણવી. રંગેચંગે લગ્ન કર્યા પછી લાંબા ન થઇ જવાય એનું ધ્યાન રાખવું. દેખાદેખીમાં બરબાદ થવાવાળાની આપણા દેશમાં કોઇ કમી નથી ! જમાના મુજબ બધું બદલતું જ રહેવાનું છે, આપણે કેટલું બદલવું એ આપણે નક્કી કરવાનું હોય છે !

**- પાના નં-૩૩ પરથી... જો મન પર**

કારમી ચીસો સાંભળતા, મન પર લાગી આવ્યું અને સંસાર છોડી ગિરનાર પર તે જ સમયે જૈન સાધુ બની ગયા સાથે જ એમના થનાર પત્ની રાજુલ દેવીએ પણ ત્યાં એમની સાથે ગિરનાર પર વૈરાગ્ય અંગીકાર કર્યો અને પશુઓની હત્યાનાં પાપથી ખુદને બચાવી લીધાં. આ પરથી કહી શકાય કે જો મન પર લેવાથી કંઇક સારું થતું હોય તો મન પર જરૂર લેવું જોઇએ.

મન પર લેવાથી કંઇક નવીન સર્જન થઇ શકતું હોય તો મન પર લેવું જ જોઇએ. હાં, પણ એવું પણ નહીં કે સર્જનની દિશામાં આગળ વધતાં વિસર્જનની દિશા હાથમાં આવી જાય. દરેક બાબત મન પર લેવાથી કદી નવું નથી કરી શકાતું ઊલટું, એ આપણી કુટેવ બની જાય છે, પરંતુ જે વાત મન પર લેવા જેવી હોય, મનને ખરી રીતે લાગી આવતી હોય એ જ વાતને મન પર લાગવા દેવી જેથી આપણે જયારે નવું સર્જન કરીએ ત્યારે આપણે ઊંચા માથે બધાને મળી શકીએ.

**મન પર લેવાથી જો સારું થાય તો જરૂર લેવું,**
**બાકી હતાશ થઇ માન, શાન, ભાન હણાવા દેવુ.**
**હર્ષદરાય, ગૌતમ બુદ્ધ, નેમિનાથ ને ગુંજન,**
**આ બધાનું ઉદાહરણ છે અને અનેરી છાપ છોડે એવું.**



## નમ્ર નિવેદન

સમાજનાં મુખપત્ર માં સંસ્થા સમાચાર, જાહેરાત તથા શ્રધ્ધાંજલી દર મહિનાની ૧૦ તારીખ સુધીમાં મોકલવા નમ્ર વિનંતી.


શ્રધ્ધાંજલી જાહેરાત તથા સૌજન્ય દાતાનાં પાનામાં ફેરફાર કરવાનો હોય તેઓએ સુધારો વ્યવસ્થિત રીતે મોકલવાનો રહેશે.

આપણાં મુખપત્રમાં જેઓ મેમ્બર હતાં અને અત્યારે હયાત ન હોય તો તેમની આજીવન સભ્ય મેમ્બરશીપ અને મુખપત્રનું આજીવન મેમ્બરશીપ ઓટોમેટીક કેન્સલ થઇ જાય છે. તો તેમના ફેમેલી મેમ્બર્સ આજીવન સભ્ય ફી રૂા.૧૦૧ તથા આજીવન મુખપત્રની મેમ્બરશીપ રૂા.૨૭૦૦/- ભરી મેમ્બર થઇ જશો તેવી નમ્ર વિનંતી છે.

# ‘‘મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડીયા’’

– હરેશ ભટ્ટ

આજે હરિ દાદા નો નેવું મો જન્મદિવસ હતો અને હરિદાદા નેવું વર્ષે પણ સ્વસ્થ, મસ્ત હરતા ફરતા અને મોજમાં રહેતા હતા, આજે પણ ડાયાબિટીસ, બ્લડ પ્રેશર જેવી કોઇ તકલીફ નહોતી, સમયસર રાત્રે નવ વાગે સુઇ જવાનું અને સવારે પાંચ વાગે ઉઠી જવાનું. ઉઠી બ્રાશ અને નિત્યક્રમ પતાવી, ચાલવાનું, યોગા કરવાના અને પછી બધા ઉઠે ત્યારે સાત વાગે ચ્હા પીવાની. આજે આશ્રમમાં ઉત્સવ જેવું વાતાવરણ હતું. એમને પોતાને આ આશ્રમમાં ત્રીસ વર્ષ થયા. હરિદાદા અને એમના પત્ની પાર્વતી બા એમના સાઠમાં વર્ષે અહીં આવેલા. પાર્વતી બા દસ વર્ષ પહેલા ગુજરી ગયેલા પછી હરિદાદા એકલા પડી ગયેલા પણ એ એમની મોજ માં રહેતા. પાર્વતીબા અને એમના વચ્ચે વિચારભેદ બહુ, મતભેદ પણ એટલા જ પણ મન હૃદય ભેદ જરાય નહિં. બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થાય પણ દસ મિનિટ પછી કાંઇ નહિ. આવું બધું છતાં બંને કયારેય નોખા ન પડે. સાથે જ ફરતા હોય. એકબીજા માટે બધું જ કરતા હોય, એકલા ચ્હા નાસ્તો કે જમવાનું પણ ન કરે. સાથે જ ફરતા હોય, હા પાર્વતી બા હરિદાદાની જેમ રોજ સવારે યોગા ન કરે કે મંદિરે ના જાય, હરિદાદા સવારે નાહીં ને મંદિરમાં જાય, વૃદ્ધાશ્રમના કમ્પાઉન્ડમાં મંદિર જ હતું. ત્યાં જઇને બેસે ભગવાન સાથે વાતો કરે. ભગવાન પાસે કોઇ દિવસ કંઇ માંગે નહિ. એ કહે એને જે અનુકૂળ પડે, આપણને જે અનુકૂળ હોય, આપણા માટે જે યોગ્ય હોય એ એની મેળે આપી દે. એમાં માંગવાનું શું? જીવનમાં શાંતિ કેટલી છે? વૃદ્ધાશ્રમનું સરસ સંચાલન કરું છું. પહેલા મિત્ર પ્રહલાદ કરતો હતા એ ઇશ્વર શરણ થયા પછી મને સોંપાયું. એ સમયમાં મારે રિટાયર થવાની વાર હતી ત્યારે પ્રહલાદ કહેતો કે તું રિટાયર થયા પછી દીકરા સાથે ન ફાવે તો તું અને પારો બા અહીં આવતા રહેજો ત્યારે હું કહેતો કે એવો વખત જ નહિ આવે પણ આવ્યો અને અહીં આવી ગયા એ પણ ઇશ્વરની ઇચ્છા હશે, ઇશ્વરને એમ હશે કે આ જ તારા હિતમાં છે. જીવનની સફરમાં હરિભાઈ વીસ વર્ષના હતા ત્યારે લગ્ન થઇ ગયા. જીવનના એકવીસમાં વર્ષે દીકરો જન્મયો કિશન, લાડલું નામ કાનો. દીકરો પચીસ નો થયો ત્યારે એના લગ્ન થયા, પછી એને દીકરો થયો, હરિદાદા અઠ્ઠાવન વર્ષે રિટાયર થયા, પછી દીકરો વહુ અહિં માં બાપ ને મૂકી ગયા. હરિ દાદા બહુ જ સિદ્ધાંતવાદી, દરેક કામમાં ચોક્કસ, નિયમિતતા, માન મર્યાદા, નમ્રતાભર્યું વર્તન વગેરે ના આગ્રહી જે બધું નવી પેઢીને માફક ન આવે. એ કહેતા કે દરેક બાબતે આયોજન હોવું જોઇએ, જેને આપણે મેનેજમેન્ટ કહીયે છીએ, પ્લાનિંગ વર્ક મેનેજમેન્ટ. ટાઇમ મેનેજમેન્ટ, મની મેનેજમેન્ટ વગેરે, જો કામનું પહેલેથી સમય સાથે આયોજન કરી નાખો તો કોઇ કામ બાકી રહે નહિ, અને થાક પણ લાગે નહિ અને કામ કર્યાનો આનંદ થાય. ચોખ્ખાઇ હોવી જોઇએ, ઘરમાં બધું વ્યવસ્થિત જોઇએ.




એમને કાના સાથે બહુ જ વાંધો પડે. કાનો કયારેક સામે કહી દે કે આવા વધારે પડતા વેદિયાવેડા આપણને નહીં ફાવે. મારી બાબતમાં માથાકૂટ નહીં કરવાની. વગેરે વગેરે, હરિદાદા તડ ને ફડ કરી જ નાખે, એમને એમના પત્ની સાથે પણ મતભેદ થાય, કયારેક ગુસ્સામાં કહી દે કે શું જોઇને ઇશ્વરે મારા માથે આ મુસીબત મારી હશે? એમેય ન કહેવાય કે ના ફાવતું હોય તો જાવ તમારા પિતાશ્રીને ઘેર, કારણ કે એ દીકરીના બાપ છે એને કાળજે ઘા લાગે પાછું એ પણ માને કે મારાથી આ રાધાને વધારે ખખડાવાય પણ નહિ, એય કોકની દીકરી છે, એને એમ થાય કે મારું કોણ? એટલે હરિદાદા ગુસ્સા પછી દસ મિનિટમાં વહાલ વરસાવે. હરિદાદા યુવાન હતા ત્યારથી દાદા કહેવાતા એ વખતે દાદા એટલે ભાઈ તરીકે હરિદાદા કહેવાતા પછી ઉમર થતા દાદા થાય જ અને મિત્રોમાં તો પહેલેથી આજ સુધી હરિદાદા, આમ એમનું નામ હરિશંકર પણ હરિભાઈ અને હરિદાદા જ કહેવાય. આ શિસ્ત, આદર, ચોકસાઇ, ચોખ્ખાઇ વગેરે એમના દાદા પાસેથી શીખ્યા હતા. દાદા રાધા બા પર ગુસ્સો કરતા અને રાધા બા પણ જવાબ આપતા ત્યારે એમનો દીકરો કાનો આવીને કહેતો કે આમ રાડો ના પાડો, સારા નથી લાગતા, કાનો ભણી રહ્યો સરસ નોકરીએ પણ લાગી ગયો અને એના લગ્ન થયા, એ પણ કન્યા એણે શોધેલી, એક પારિવારિક લગ્નમાં જ્ઞાતિની જ કન્યા સાથે મન હૃદય મળી ગયા અને એણે માં ને કહ્યું કે મને આ કન્યા ગમી છે, નરભેરામ દાદાની પૌત્રી છે

રેખા, નરભેરામ હરિદાદાના પરિચિત હતા એટલે વાત ચલાવી અને નક્કી થઇ ગયું. રેખા કાના ના લગ્ન થઇ ગયા. આમ રેખા નો સ્વાભાવ બહુ સરસ પણ કચકચ ન ફાવે, આરામથી ઉઠવાનું એટલે કામ બધા એમ જ થાય ? પછી દોડાદોડી અને નોકરીનો સમય થઇ જાય એટલે અમુક કામ રહી જાય, રાધાબા સવારે કુકર બનાવી રાખે રેખાને ખાલી મદદ કરવાની હોય થોડી ઘણી, આ બધું ચાલે એટલે રાધાબા એ કહ્યું કે સવારે તારે રસોડામાં આવવાનું જ નહિ. સાંજે હું નહિ આવું. રાધા બા રસોઇ બનાવી બન્નેના ટિફિન પણ ભરીને તૈયાર રાખે. પણ તોય એ લોકોને છેલ્લી ઘડીની દોડાદોડી રહે જ. આમાં હરિ દાદાથી રહેવાય નહિ એટલે કહે પણ ખરા કે ''વહેલા ઉઠતા હો તો, માડે સુધી ટીવી જોયા કરો કાં તો બહાર ફર્યા કરો, લગ્ન થયા પછી શરૂઆતમાં ઠીક હતું પણ પછી? જવાબદારી સમજો, એટલે રેખા કાના સામે જોવે અને કાનો દાદાને કહે આમાં ફેરફાર નહીં થાય. દીકરા વહુ અને હરિદાદા રાધા બા વચ્ચે હવે આ રોજનું થયું.

કાના રેખાને બાળક થયા પછી તકલીફ વધવા માંડી, એ બાળકને સાચવવો અઘરું હતું. રેખાને મેટરનિટી લીવ સુધી તો વાંધો ન આવ્યો પણ પછી તકલીફ થઇ. રાધા બા સમજુ હતા, એ બધું આયોજન કરી રાખતા. રેખા નોકરીએ જાય અને પાછી આવે ત્યાં સુધી બાળકને સાચવતા. એમાં બહુ તકલીફ નહોતી, સમયસર એને માલિશ કરાવડાવી નવરાવી દૂધ પીવડાવી દે પછી બાળક સૂઇ જાય પછી છેક ચાર વાગે ઉઠે પછી દૂધ પીવડાવી બે કલાક રમાડે ત્યાં છ વાગેરેખા આવી જાય એટલે પત્યું. આમ ને આમ ને આમ ચાલતું રહ્યું અને બીજું બાળક થયું. હવે બંને ને સાચવવાના એટલે બહુ તકલીફ અને હાલાકી, રાધા બા હોય એટલે તકલીફ તો પડે નહીં. બધું જ રાધા બા સાચવી લેતા તોય દીકરા વહુ ને વાંધા પડતા, કયારેક હરિદાદા રાધા બા ને કહેતા કે શું કરવા તમે આટલું બધું કરો છો, એ લોકોને કદર છે નહીં, તમારી સામે રાડો પાડે છે, તમે નોકરાણી છો ? મને આ બધું નથી ગમતું. કાયરેક હું એ બેયને તગેડી મુકીશ. રહે એકલા અને કરે આયોજન, આ વાત એકવાર કાનો રેખા સાંભળી ગયા પછી જે મહાભારત થવાનું હતું એ થયું અને પછી આમ તણખા ઝરવા મંડયા. આ બાળકો મોટા થવા માંડ્યા. બંને મહા તોફાની રોજ એમની ફરિયાદ આવે.

મહોલ્લામાંથી સ્કૂલમાંથી, એ કારણે પતિ પત્ની વચ્ચે બોલાચાલી, કાયરેક ઉગ્ર બોલાચાલી થાય. રેખા કહેતી કે તમારા માં બાપે આ દીકરાઓને ફટવ્યા છે, એ લોકો પાસે જ રહે પણ એમણે ટોકયા નહિ, રોક્યા નહિ, કાંઇ શીખવ્યું નહિ એમાં બગડી ગયા. આપણે તો એ લોકો માટે અને દીકરાઓ માટે વૈતરું કર્યા કરવાનું, હરિદાદા એ સાંભળીને ઉધડો લઇ નાખ્યો હતો અને કહી દીધેલું કે અમે તમારા બાળકોને કાંઇ કહીએ તો તમે એમ કહો છો કે અમારા બાળકોને કાંઇ કહેવું નથી. મને જે કહેવું હતું એ કહી દીધું મારા બાળકોને નહિ, પછી કેમ કહેવાનું ? એક કામ કરો ચાલ્યા જાવ બીજે રહેવા ખબર પડશે. કાના રેખા વચ્ચે પણ શાબ્દિક ટપાટપી થઇ જાય અને વાત ત્યાં સુધી પહોંચે કે એવું હોય તો છુટા પડી જોઇએ, એક દીકરો તમારે રાખવાનો એક હું લઇ જાઇશ. આ જોઇ દીકરાઓ પણ ડઘાઇ જાય. હરિદાદાએ કહ્યું કે આમ છુટા થવાની વાતો ના કરો આની અસર બાળકો પર પડે, એટલું જ નહિ એક સમયે આ જ બાળકો તમારી સામે જુદી રીતે વર્તશે કાંઠું પડશે.

આ દરમ્યાન જ હરિદાદા નિવૃત્ત થયા અને એ પછી એ કહેતા કાના રાધાને કે આમ વાતવાતમાં છૂટાછેડાની વાત ના કરો. દીકરાઓ હજી નાના જ છે, ડઘાઇ જાય. હરિદાદા હવે ઘરમાં જ હોય. એટલે વધારે ધ્યાન આપે, સલાહ સૂચન આપે, પેલા બે ગમે તેમ બોલે, આમને આમ એકવાર કાના રેખાએ કહ્યું કે તમે હવે એકલા નવરા છો, બંને પ્રહલાદ કાકાના વૃદ્ધાશ્રમમાં રહેવા જતા રહો ત્યાં વધું ફાવશે, આમેય પ્રહલાદ કાકા કહે જ છે કે ન ફાવે તો આવતો રહેજે, હવે અમને નથી ફાવતું. જાવ ત્યાં. આ વાત પ્રહલાદ સુધી પહોંચી અને પ્રહલાદભાઈ એક રૂમ તૈયાર કરવા જ માંડ્યો. ભાઈબંધને કોઇ તકલીફ ના પડવી જોઇએ, અને ત્રીજા જ દિવસે સવારે કેટલા ઉચ્ચ કક્ષાની બોલાચાલી થઇ હશે કે દીકરો વહુ હરિદાદા રાધા બા ને પ્રહલાદ કાકા પાસે લઇ આવ્યા અને કહ્યું કે રાખો આમને, અમને નહિ ફાવે. અમે બાળકોને બાલઘરમાં મૂકીને જાશું, સાંજે લઇ આવશું. પછી એવી સ્કૂલમાં મુકશું કે જયાં છૂટ્યા પછી બાળકોને સાચવે, અમે સાંજે જતા લઇ જાશું, અમને શાંતિ મળશે, પ્રહલાદ કાકાએ એટલું જ કહ્યું કે મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડિયા.

બસ, ત્યારથી હરિદાદા અને રાધા બા અહીં છે, એ પછી તો કેટલી ઘટનાઓ બની ગઇ, પ્રહલાદ કાકા પણ બીમારીમાં ગુજરી ગયા સુકાન હરિદાદાને સોંપતા ગયા. કાના રેખાના દીકરાઓ પણ મોટા થવા માંડ્યા, ઉંમર તો બધાની થાય ને ? રેખા કાના ના દીકરાઓ પણ મોટા થાય, એમનાય લગ્ન થયા. એ દીકરાને માં સાથે વધારે ફાવે કયારેક કાનો એકલો પડી જાય એવું બને.

આજે આશ્રમમાં ઉત્સવનું વાતાવરણ હતું. કેટલા હાર તોરણ ફૂલોના શણગાર હતા. સવિતા બા અને કિશન કાકાએ ઢોલીને બોલાવી રાખ્યા હતા. બસ હરિદાદા નાહી ધોઇ આવે એની રાહ હતી. થોડીવારમાં એમના રૂમમાંથી હરિદાદા આવ્યા ઢોલ વાગવાના શરૂ થયા અને આ તરફ મુખ્ય દરવાજામાં કાનો હાથમાં થેલી લઇ પ્રવેશ્યો. એ થંભી ગયો, દૂરથી હરિ દાદા એ જોયું અને કિશનકાકા સવિતા બા એ જોયું અને બોલ્યા કે વાહ દીકરો પિતાના જન્મદિવસ યાદ રાખી આવ્યો. હરિ દાદા કહે એને આવવા તો દો. એ નજીક આવ્યો અને રોતા રોતા હરિદાદાના ચરણમાં પડ્યો અને બોલ્યો કે હવે હું અહીં રહેવા આવ્યો છું. રાખશો ? ખુશીઓના અવસરે સૌની આંખો ભીંજાઇ ગઇ... એ વખતે કિશનકાકાને પ્રહલાદકાકાના શબ્દો યાદ આવ્યા, જયારે આ કાનો હરિદાદા રેખાબાને મુકવા આવ્યો હતો ત્યારે કહ્યા હતા.

# કાચ પહેલા તૂટયો હોય છે,
# પણ અવાજ પછી સંભળાય છે.

લાગણીનું પણ આવું જ હોય છે. કયારેક કોઇ ગમી જાય તો તેને કહી નથી શકતા અને પછી સમય એટલો જતો રહે છે કે પછી એવું થાય છે હવે આપણી લાગણીનો એકરાર કરીને કોઇ મતલબ નથી. સમય સમયે જે કરવાનું હોય છે તે ઘણીવાર આપણે ચૂકી જઇએ છીએ. ગયેલો સમય કયારે પણ પાછો નથી આવતો તે વાતથી આપણે સૌ જાણકાર જ છીએ. અને છતાં પણ જીવનમાં આપણી જિંદગીમાં એવી કેટલી એ વાતો કે ઘટનાઓ બનતી હોય છે કે જે તે સમયે આપણે કરવાની હોય છે અને કરી નથી શકતા અને પછી જીવનભર માટે તે ન કર્યા માટેનો અફસોસ રહી જાય છે.



આપણા જીવનમાં રોજિંદી જિંદગીમાં નવા નવા વ્યક્તિઓ સાથે પરિચય થતો હોય છે. અમુક વ્યક્તિઓ જીવનભર માટે આપણી જિંદગીમાં રહી જાય છે. કયારેક એવા હોય છે જેની સાથે બસ થોડા સમયનો જ સાથ હોય છે, પણ જીવનભર માટે તે આપણા બનીને જાય છે.

સુખ અને દુઃખ આપણા જીવનનાં બે પૈડા સમાન છે. આપણી જિંદગીના પાછળના વર્ષોમાં આપણા જીવનનું સરવૈયું કાઢવા બેસે ત્યારે આપણને હંમેશા આપણી મુશ્કેલીનો સમય વધારે લાગતો હોય છે. આપણે એમ જ વિચારીએ છીએ કે સુખ કરતા દુઃખ આપણે જિંદગીમાં વધારે આપ્યું હતું. હા કયારેક એવું બને પણ છે કે દુઃખનો સમય વધારે હોય છે. પણ તેના કરતાં પણ મોટી વાત એ છે કે આપણે જયારે ખુશ હોઇએ છીએ ત્યારે આપણે સમયને ભૂલી જઇએ છીએ. અને માટે જ એ સમય જલ્દી પૂરો થઇ જાય છે. અને જયારે ખરાબ સમય ચાલતો હોય છે ત્યારે એ સમયમાં આપણે વધારે ને વધારે અંદર ઉતરી જઇએ છીએ અને માટે જ તે સમય લાંબો ચાલે છે તેવું આપણને લાગે છે.

દરેક મુશ્કેલીઓમાંથી નીકળવાના રસ્તા હોય છે પરંતુ આપણે આજે પણ એટલા મજબૂત નથી કે આપણી જાતે આપણે કોઇ ફેંસલો લઇ શકીએ . આપણને હંમેશા અંદરથી એક વાતનો ડર રહેતો હોય છે કે કદાચ આપણે આ વાતમાં ખોટા પડીશું અને આપણને કોઇ બોલી જશે તો આપણને વધારે દુઃખ થશે. અને માટે જ આપણી પાસે હીંમત બહુ હોય છે પણ આપણે ડરના કરાણે જીવનમાં જેટલું આગળ વધવું જોઇએ તેટલું વધી શકતા નથી.

એટલે જ આગળ કહ્યું કે કયારેક એવું બને છે કે કાચ બહુ પહેલા તૂટી ગયો હોય છે પણ તેનો અવાજ થોડા સમય પછી સંભળાય છે. જીવનમાં પણ આપણે આવી જ ભૂલો કરતા હોઇએ છીએ. જયારે જે વાતને સમજવાની હોય છે તે વાતને સમજી નથી શકતા, અને પછી સમજી જઇએ છીએ ત્યારે સમય જતો રહે છે.

સમય કયારે પણ કોઇના માટે ઊભો નથી રહેતો. માટે જ સમય ના જતો રહે તે પહેલા જ દરેક વાતને સમજવાની જરૂર છે. જીવનમાં મક્કમતાથી નિર્ણય લેવાની જરૂર છે દરેક વખતે હિંમત રાખીને જીવનમાં આવતી નવી ચેલેન્જને સ્વીકારવી જરૂરી છે.

**ક્ષમાયાચના:**

જાન્યુઆરી ૨૦૨૫ ના અંકમાં ''થોડી ધીરજ ધરજે'' નામનો લેખ પ્રસિદ્ધ થયો હતો. આ લેખના લેખક આપણા ભૂતપૂર્વ તંત્રી શ્રી મધુકાંતભાઈ ભીમાણી (મુલુન્ડ) છે. લેખકનું નામ ભૂલમાં છાપવાનું રહી ગયું હતું તે બદલ અંતરથી ક્ષમાયાચના.

**- જયેશ શરદચંદ્ર વસા**

**(પબ્લીશર)**

# ભાવભરી શ્રદ્ધાંજલી



## સ્વ.શ્રી કાંતીલાલ અમૃતલાલ શાહ

જન્મ :તા.૩-૧૧-૧૯૩૬ સ્વર્ગવાસ : તા.૭-૨-૨૦૧૮

**પિતા એવા હોય છે, જેમના હોવાનો અહેસાસ ક્યારેય થતો નથી**
**પણ ના હોવાનો અહેસાસ બહુ થાય છે**
**"સુખને છલકાવ્યું નહીં, દુઃખને દેખાડયું નહીં,**
**જીવન તમે એવું જીવ્યા ભૂલ્યું ભુલાય નહીં.**
**સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે,**

**લિ. દક્ષાબેન કાંતિલાલ શાહ પરિવાર**

પુત્ર : અમિત • પુત્રવધૂ : પૂજા • પૌત્ર : પ્રથમ

પુત્ર : દિવેશ • પુત્રવધૂ : કિંજલ • પૌત્ર : અંશ

પુત્રી : ગીતા • જમાઈ : મુકેશકુમાર • દોહિત્ર : સિદ્ધાર્થ

ભાઈ : સ્વ. મનસુખલાલ, દિનેશભાઈ

બહેન : સ્વ. કમળાબેન તલકચંદ વસા • સ્વ. મંજુલાબેન વિઠ્ઠલદાસ દોશી • રંજનબેન છબીલદાસ વસા

દિવંગત પૂ.આ.દિવ્યાનંદસૂરિશ્વરજી મ.સા.

સસરા : જયંતીલાલ ગિરધરલાલ શાહ

તેમજ

Kayami/February

# શ્રદ્ધાંજલી



## સ્વ. શ્રી મથુરાદાસ છોટાલાલ સાવડીયા

**તા.૧૦-૦૨-૨૦૦૧**

**"સુખ-દુઃખમાં સદાય હસતાં રહ્યા તમે,**
**સૌના હૃદયમાં વસતા રહ્યા તમે,**
**અણધાર્યા છોડી ગયા જીવન છતાં જીવીત હોવાનો ભાસ છે,**
**દર્શન નથી તમારા દેહના પણ હૃદયમાં તમારો વાસ છે."**

| | | |
|---|---|---|
| પુત્ર | : | મહેશભાઈ મથુરાદાસ સાવડીયા (મુલુંડ) |
| પુત્રવધૂ | : | હર્ષા મહેશભાઈ સાવડીયા |
| પૌત્ર | : | નેમીનકુમાર મહેશભાઈ સાવડીયા |
| પૌત્રવધૂ | : | સોનાલી નેમીનકુમાર સાવડીયા |
| પ્રપૌત્ર | : | સાહિલ નેમીનકુમાર સાવડીયા |
| | | કયાન નેમીનકુમાર સાવડીયા |
| પૌત્રી | : | પાયલ પ્રણવકુમાર દિનેશભાઈ શાહ |
| | | નુપૂર પ્રણવકુમાર શાહ |
| પ્રપૌત્ર | : | આર્ય પ્રણવકુમાર શાહ |
| પુત્રી | : | કુમુદ જસવંતરાય ખુશાલચંદ મહેતા (ઉપલેટા) |
| દોહિત્રી | : | કાજલ જસવંતરાય મહેતા |
| પુત્રી | : | નયના પ્રવીણકુમાર ફુલચંદ મહેતા (મોટીપાનેલી) |

Kayami/February

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ (ભાયંદર)



❖❖❖❖❖❖

## ૪૬મી વર્ષગાંઠ સ્નેહ મિલન

❖❖❖❖❖❖



શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ (ભાયંદર) ૪૬મી વર્ષગાંઠ નિમિત્તે વાર્ષિક સ્નેહમિલનનો કાર્યક્રમ તા.૫-૧-૨૦૨૫ ને રવિવારને કપોળ વાડી, ગીતાનગર, ભાયંદર (વેસ્ટ) ખાતે આયોજીત કરેલ હતો.

બધાનું સ્વાગત તથાનવકારશીનો આસ્વાદ માણ્યા બાદ, ૧૦ વાગ્યે નવકાર મહામંત્રનાં સ્મરણ સાથે કાર્યક્રમની શરૂઆત થઇ હતી. જેમાં શૈક્ષણિક તથા તપસ્વીઓનાં બહુમાન કરેલ હતા. ત્યારબાદ ૭૦ વર્ષની મોટી ઉંમરનાં વડીલોનું બહુમાન કરવામાં આવ્યું હતું.

આ સમારંભમાં શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ મુંબઇ તરફથી શ્રી યોગેશભાઈ વોરા, શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ તરફથી શ્રી નિરવભાઈ પારેખ, કાંદિવલી મંડળ તરફથી શ્રી જયેશભાઈ વસા તથા શ્રી અનિલભાઈ શાહ તથા નાલાસોપારા મંડળ તરફથી શ્રી હર્ષદભાઈ વોરા તથા શ્રી કેતનભાઈ વોરા ઉપસ્થિત રહીને સમારંભની શોભા વધારી હતી.

આ સમારંભનાં શૈક્ષણિક પ્રથમ પારિતોષિક દાતા શ્રી અનંતરાય લવચંદ મહેતા (મુલુંડ) દ્વિતિય પારિતોષિકના દાતા એક શુભેચ્છક તથા ધાર્મિક બહુમાન ના દાતા શ્રીમતિ કાંતાબેન ચુનીલાલ વસા, હસ્તે જયેશભાઈ.

બહુમાન બાજ સાંસ્કૃતિક કાર્યક્રમ - મ્યુઝીકલ હાઉસીનું આયોજન કરેલ હતું. જેમાં અનેક ઇનામો રાખેલ હતા. તે ઉપરાંત ઘણા લક્કી ડ્રો તેમજ સરપ્રાઇઝ ઇનામો રાખેલ હતા. ત્યારબાદ એ.જી.એમ. રાખવામાં આવેલ હતી.

અંતમાં દરેક સ્વરૂચી ભોજન માંણ્યા બાદ છુટ્ટા પડ્યા હતા. ભાયંદર મંડળ પધારેલ દરેકનો ખુબ ખુબ આભાર માને છે.

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ (ભાયંદર)**

**કમીટી**

।। શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ ।।

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ (ભાયંદર)

**SHRI SORATH VISHASHRIMALI JAIN MANDAL BHYANDAR**


૨૦૨, મંગલમુર્તી ટાવર,૬૦ ફુટ રોડ, દેવ વાટીકા હૉલ ની બાજુમા, ભાયંદર (વેસ્ટ) ૪૦૧ ૧૦૧ ફોન :- ૯૮૩૩૪૫૨૧૧૦

202, MANGAL MURTI TOWER, 60 FEET ROAD, NEAR DEV VATIKA HALL, BHAYANDAR (W) 401 101 • Mob.: 9833452110


સ્થાપના સં. ૨૦૩૪

## નવી કારોબારી સમિતિ

માનનીય સભ્ય શ્રી ________________

સવિનય જણાવવાનુ કે આ મંડળની નવી કારોબારી સમિતિની નિમણૂંક તા. ૦૫-૦૧-૨૦૨૫ રવિવારની સમાન્ય સભામા થયેલ હતી. ત્યારબાદ કારોબારી સમિતિની સભા તા. ૧૧-૦૧-૨૦૨૫ માં મળેલ હતી જેમા હોદેદારોની નિમણુક સર્વાનુમતે થયેલ છે.

| ક્રમ | હોદેદારો | નામ | મોબાઈલ નં. |
|---|---|---|---|
| ૧) | પ્રમુખ | શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા | ૯૮૩૩૪૫૨૧૧૦ |
| ૨) | ઉપપ્રમુખ | શ્રી શૈલેષભાઈ નવલચંદ વારીયા | ૯૮૭૦૫૭૨૭૮૧ |
| ૩) | સેક્રેટરી | શ્રી મનિષભાઈ પ્રભુદાસ મહેતા | ૯૦૨૨૯૦૯૯૫૭ |
| ૪) | જોઈન્ટ સેક્રેટરી | શ્રી ભરતભાઈ પ્રાણલાલ મહેતા | ૯૯૬૯૫૫૭૮૬૩ |
| ૫) | ખજાનચી | શ્રી ધવલભાઈ મહેદ્રભાઈ ભણસાલી | ૯૬૯૯૧૨૨૫૦૫ |
| ૬) | મેમ્બર | શ્રી મિલનભાઈ નગીનદાસ વોરા | ૯૮૨૦૯૩૪૭૬૪ |
| ૭) | મેમ્બર | શ્રી ગૌરવભાઈ બિપીનભાઈ શેઠ | ૯૮૨૧૬૩૩૩૬૫ |
| ૮) | મેમ્બર | શ્રી કલ્પેશભાઈ શાંતિલાલ મહેતા | ૯૮૨૧૭૮૪૯૮૯ |
| ૯) | મેમ્બર | શ્રી અમિતભાઈ કાંતીલાલ શાહ | ૯૬૧૯૫૮૫૩૨૩ |
| ૧૦) | મેમ્બર | શ્રી અંતિમભાઈ શશીકાંત શેઠ | ૯૮૨૦૯૮૩૩૫૮ |
| ૧૧) | મેમ્બર | શ્રી વિજયભાઈ મગનલાલ વસા | ૯૮૨૦૪૯૩૭૫૫ |
| ૧૨) | કો. મેમ્બર | શ્રી ભાવિનભાઈ દિનેશભાઈ શેઠ | ૯૮૩૩૫૩૮૧૨૬ |
| ૧૩) | કો. મેમ્બર | શ્રી સુરજભાઈ હર્ષદભાઈ વારીયા | ૮૨૯૧૭૭૭૧૨૨ |

**આ કરોબારી સમિતિ હિસાબી વર્ષ ૨૦૨૫ - ૨૬,૨૦૨૬-૨૭ માટે રહેશે.**

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ (ભાયંદર)
કારોબારી કમીટી

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન ઉત્કર્ષ મંડળની આ વર્ષની યાત્રા

શ્રી અંતરીક્ષ પાર્શ્વદાદા (૧૧ લાખ ૮૦ હજાર વર્ષ પ્રાચીન) ને ભેટવા તા.૧૦-૧-૨૦૨૫ નાં અમરાવતી એકસ. દ્વારા ૧૨૦ યાત્રિકો સાથે રવાના થઇ હતી.

તા.૧૧-૧-૨૦૨૫ નાં સવારે આકોલા પહોંચી ત્યાંથી ૨X૨ બસ દ્વારા અંતરીક્ષજી દાદાને ભેટવા રવાના થયા હતાં. ૮-૩૦ કલાકે પહોંચી બધા પોતપોતાના રૂમમાં સીફટ થયા બાદ પરમાત્માનાં દર્શન કર્યા બાદ નવકારશી કરવા ગયા હતા. નવકારશી વિ. કરી ૧૧-૩૦ કલાકે બધાં પૂજાનાં વસ્ત્રોમાં સજ્જ થઇ ૧૨ થી ૩ નાં સ્લોટમાં દાદાની પૂજા કરવા ગોઠવાઈ ગયા હતા. સેવા પૂજા બાદ બપોરે ૨.૩૦ કલાકે ચૌમુખજી જીનાલય માં ૩-મુળનાયક પરમાત્મા ઉપર અઢાર અભિષેક નો પ્રારંભ કર્યા હતો. વિધીકાર શ્રી હર્ષદકાકા (આકોલા) ત્થા સંગીતકાર શ્રી પ્રિતમભાઈ (સાતારા) બધા યાત્રિકોએ મનમુકી ને પરમાત્મા ઉપર અભિષેક કરવાનો લાભ લીધો હતો. સાંજે ૫-૩૦ કલાકે ચોવિહાર વિ. કર્યા બાદ સાંજે ૭-૩૦ કલાકે વિશાળ રંગમંડપ માં પરમાત્મા ભક્તિ દાતાઓનું બહુમાન ત્થા આગામી યાત્રા ની જાહેરાત ના પ્રોગ્રામ શરૂ કર્યો હતો. આ યાત્રાનાં દરેક દાતાનું ચાંદીની લગડી ત્થા આકર્ષક મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવેલ હતું. પરમાત્માની ભક્તિ માં બધા મનમુકીને ઝુમ્યા હતાં. યાત્રિકોનાં હૈયામાં પરમાત્મા પ્રત્યેની અતુટ શ્રધ્ધા ત્થા પરમાત્મા નાં સાનિધ્યને પામવાની ઉત્કંઠા એટલી પ્રબળ હતી કે આગામી યાત્રા ની વાતની જાહેરાત કરતાં દાતાઓની રીતસર પડાપડી થઇ હતી એટલે ૧ નહીં પણ આગામી ૨ વર્ષની યાત્રા નાં દાતાઓના નામ માત્ર-૨ મિનિટ માં આવી ગયા હતાં. આગામી બંને યાત્રામાં પ્લેનમાં આવવા જવાનું રહેશે. આગામી યાત્રા -




૧) વારાણસી, અયોધ્યા, અલ્હાબાદ, કોસંબી, સીનપુરી, શ્રાવસ્થી, ટોટલ ૪૮ કલ્યાણક ભૂમી.

૨) શીખરજી, પાવાપુરી

તા.૧૨-૧-૨૦૨૫ ના સવારે પક્ષાલ ત્થા નવકારશી કર્યાબાદ અમે અંતરીક્ષજી થી બાલાપુર જવા રવાના થયા હતા ત્યાં ૧૫૦ વર્ષ પ્રાચીન ૨ જીનાલય પૂ.સાધ્વીજી ભગવંતના મુખે થી પ્રભુના વચન શ્રવણ કરવાનો આસ્વાદ માણ્યો હતો. બપોરનું ભોજન બાલાપુર કરી ત્યાંથી ખામગાવ જવા નીકળ્યા હતા. ખામગાવ માં ૯૦૦ વર્ષ પ્રાચીન આદીનાથ દાદાને જુહારી ને ત્યાં વસતા આપણા સોરઠનાં ભાઇઓ દ્વારા આયોજીત ચા-નાસ્તા ને ન્યાય આપ્યો હતો. તે લોકો દ્વારા આપણા મંડળનાં દરેક યાત્રિક નું બહુમાન કરવામાં આવેલ હતું. ત્યાંથી નીકળી આપણી યાત્રા અંતિમ મુકામ આકોલા પહોંચી હતી. ત્યાં ચોવિહાર કર્યાબાદ પ્રભુભક્તિ, આરતી, મંગળદીવો, ચૈત્યવંદન કર્યું હતું. ત્યાં પણ આપણા સોરઠ ના ભાઈઓ દ્વારા ચોવિહરનું ત્થા બધા યાત્રિકોના સંઘપૂજન નું આયોજન કરેલ હતું. ત્યાંથી બધા સ્ટેશન પહોચી અમરાવતી એકસ. દ્વારા રવાના થઇ તા.૧૩-૧-૨૦૨૫ નાં સવારે ૬ વાગે બધા પોતાનાં સ્થાન પર પહોંચી ગયા હતા.

આવવા - જવાની તથા રહેવાની વ્યવસ્થા એ.સી. માં કરેલ હતી. યાત્રાની અનહદ આનંદ સાથે ની યાદો સાથે આ યાત્રા પૂર્ણ થઇ હતી. દરેક યાત્રિકો નાં મુખથી એક જ વાત હતી કે યાત્રા કરવી તો મુલુંડ મંડળ સાથે જ.

યાત્રા દરમ્યાન રૂા.૭૦૦ નું સંઘપૂજન થયેલ હતું ત્થા દરેક યાત્રિક ને ગીફટ રૂપ ટોવેલ આપવામાં આવેલ હતા.

પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ કંઇ પણ લખાયું હોય તો ત્રિવિધે - ત્રિવિધે મિચ્છામી દુક્કડમ્

**માનદ્ મંત્રી**
**શ્રી રોહિતભાઇ શેઠ**
**શ્રીમતી ભાવનાબેન કોરડીયા**

**''ચાલો તીર્થ અને તીર્થાધીપતી ને જુહારીએ''**



# જો મન પર લેવાથી કંઇક સારું થતું હોય તો મન પર જરૂર લેવું જોઇએ

**- આરતી રામાણી 'એન્જલ'**

ઘણા લોકો એવા હોય છે કે એને કંઇ જ ના કહી શકાય. સાચી તો છોડો એને ખોટી વાત પણ મોઢે કહેવા કોઇ રાજી નથી હોતું, કારણ કે એ લોકોને ખોટું જલ્દી લાગી જતું હોય છે. આ બાબતને મોટેભાગે બધાં ખરાબ કહે છે, પરંતુ આ બાબત હકીકતથી બધી રીતે ખરાબ ગણી શકાય કે સારી?

આપણે બધાનાં મોઢે સાંભળ્યું હશે કે કયારેય કોઇ વાત મન પર ના લેવી. મન પર કોઇની વાત લેવાથી જ આપણે દુઃખી થઇએ છીએ અને સુખથી કોસો દૂરી બનાવી લઇએ છીએ. જે વ્યક્તિ જો બધું મન પર લેવા લાગે છે એ કદી ખુશ નથી રહી શકતી. આવી સલાહ આપવાવાળી વ્યક્તિને જો મોઢામોઢ એમ કહેવામાં આવે કે તમે તમારાં કામથી મતલબ રાખો તો આપણી એ જ વાત એ પણ મન પર લઇ લેશે એમાં કોઇ શંકા ને સ્થાન નથી. દુનિયામાં નાનામાં નાનાં બાળકથી લઇ વયોવૃદ્ધ સુધીની દરેક વ્યક્તિને મન પર લાગી જ જતું હોય છે. બાળકને શાળામાં શિક્ષક બધા વિદ્યાર્થીઓની વચ્ચે કહે કે ''તું સાવ ભણવામાં ધ્યાન નથી આપતો'' તો એ બાબત એના મન પર લાગી જ જાય છે. કોઇ બાળક આ બાબતને સીધી રીતે લે તો એ એનાં મન પર સારો પ્રભાવ પાડે છે અને એ ભણવામાં વધુ મહેનત કરી આગળ આવે છે. જયારે ખરાબ રીતે લેનાર બાળકને મૃત્યુનાં શરણે જતાં પણ આપણે જોઇએ છીએ. યુવાન વ્યક્તિને જો નોકરીમાં બોસ કહી દે કે 'તું સાવ કામની નથી. જો ટાર્ગેટ પૂરા નહીં કરે તો નોકરી ગઇ સમજ' તો એ બાબત વ્યક્તિ જો સીધી રીતે મન પર લે તો ટાર્ગેટ પાર પાડી શકે અને નોકરીમાં પ્રમોશન પણ મેળવી શકે અને ખોટી રીતે લે તો એ તનાવમાં ગરકાવ થઇ જાય છે. વયોવૃદ્ધ વ્યક્તિને જો એમ કહેવામાં આવે કે 'આ વસ્તુ આમ નહીં આમ કરાય' તો આપણને એવું સાંભળવા મળે કે 'આટલાં વર્ષો અમે પાણીમાં નથી કાઢ્યા!!' એમને સમજાવવા જતા કે એ વર્ષો, તમારો તે સમય અલગ હતો અને અત્યારનો સમય અલગ છે તો એમને માઠું લાગી જતું હોય છે. મોઢું ફુલાવીને બેસી રહે. આમ દરેક વ્યક્તિ ફક્ત બોલે છે કે મન પર ના લેવાય, પરંતુ કોઇ વ્યક્તિ એવી નથી હોતી કે જે મન પર કોઇ વાત ના લેતી હોય.

હર્ષદરાય મિસ્ત્રી એકવાર પિતાનો ભાર હળવો કરવા માટે નોકરીની તલાશમાં એક મલ્ટીનેશનલ કંપનીમાં ઇન્ટરવ્યૂ આપવા ગયા. ત્યાંના ઇન્ટરવ્યૂ લેનાર વ્યક્તિ આપેલ ફોર્મમાં બાકી બધી વિગતો ભરી બસ મેલ આઇ ડી શું છે એ ખબર જ ના હોવાથી એ વિગત ભરી નહીં ત્યારે એ વ્યક્તિ એ એમને કહ્યું કે 'આ સ્પર્ધાત્મક જમાનામાં જેની પાસે મેલ આઇડી નથી એનું કોઇ અસ્તિત્વ જ નથી!' ઘણું મથવા છતાં મેલ આઇડી કેવીરીતે બનાવવું એ ખબર જ ના પડી ત્યારે એ વ્યક્તિની બાબત મન પર લાગી આવતાં એમણે પોતાની પાસે રહેલ અમુક રૂપિયાથી શાકભાજી ઘરેઘરે જઇ અને વેચી તેમાંથી નફો કમાવાનું શરૂ કર્યું. આ રીતે ધંધાનો વિકાસ કરતા કરતા એ એક સફળ શાકભાજીના પૂરાં ભારત દેશનાં વિતરક બની ગયા! જયારે એમનું ઇન્ટરવ્યૂ લેવામાં આવ્યું અને પૂછવામાં આવ્યું કે આવડો મોટો વ્યવસાય ચલાવવા છતાં એ મેલ આઇડી કેમ નથી રાખતા ત્યારે એમણે પોતાનું થોડા વર્ષો પહેલાનું ઇન્ટરવ્યૂ સમયનું ફોર્મ બતાવતા જવાબ આપ્યો કે 'જો મેં ત્યારે મેલ આઈડી બનાવીને આ ફોર્મમાં ભરી દીધું હોય તો હું મલ્ટીનેશનલ કંપનીનો સોફિસ્ટિકેટેડ ચપરાસી હોત અને આ રીતે બેસીને તમારી સાથે વાત કરવાનો કોઇ મોકો જ ના મળ્યો હોત.'

જે વ્યક્તિ મન પર કોઇ વાત નથી લેતી દરેક પરિસ્થિતિથી ઢીઢ બની જાય છે. કંઇપણ થાય, સહન કરી લઇશું બસ એજ એનો ઉદ્દેશય બની જાય છે, પરંતુ જયારે કોઇ વ્યક્તિ કોઇ બાબતને મન પર લેવા લાગે છે ત્યારે જ એ કંઇક નવું સર્જન કરી શકે છે. મન પર લેવાથી આપણી અંદર એક ઝનૂન જાગે છે જે આપણને આગળ ધપાવવા માટે ચિનગારીને મળતી હવાનું કામ કરે છે. ચિનગારીને હવા મળતાં બેશક, બધુ ખાખ કરી દે છે જયારે આપણાં ઝનૂનની ચિનગારીને મળતી હવાથી ઘણું નવું સર્જન થઇ શકે છે. ઘણી ગૃહિણીઓને જયારે પરિવારના સભ્યો કહે કે 'તું ફક્ત ઘર કામ જ કરી શકે, બહારની દુનિયાની તને ખબર ના પડે' અને તે શબ્દો જયારે એ સ્ત્રી મન પર લઇ લે ત્યારે એ એક એવી સફળ સ્ત્રી બની શકે છે જે પૈસા પણ કમાઇ શકે છે અને સાથે ઘર પરિવાર પણ સંભાળીને બતાવે છે. જયારે ભાઈ એમ કહે કે 'વિમાન ઉડાડવું એ સ્ત્રીઓનાં હાથની વાત નથી' ત્યારે એ બાબત મન પર લઇ લેવાથી જ ગુંજન સકસેના જેવી લેડી પાઇલેટ ઓફિસર બની શકાય છે બાકી એ લોકોની હતાશા જન્માવતી વાતોથી હતાશ થઇ આત્મ સમર્પણ કરવાથી શાન, માન અને ભાન બધું જ ગુમાવવું પડે છે.

ગૌતમ બુદ્ધ રાજ મહેલમાં ઊછર્યા. દર્દ, દુઃખ પીડાથી અજાણ એ બસ એકવાર કોઇ બીમાર વ્યક્તિને અને એની પીડાને જોઇ ગયા અને મન પર એ દર્દ લાગી આવતા દુઃખી થયા બાદ સત્યની ખોજમાં નીકળી આપણને મુક્તિનો માર્ગ બતાવી શકયા. નેમીનાથ દાદા લગ્નના રથ પર સવાર હતા ત્યાં ભોજન માટે કપાતા પશુઓની

**- અનુસંધાન પાના નં-૨૪**

# પારેખ કુટુંબ વિહારધામ – સરદારગઢ મુકામે

વર્ષો પેહલા ૧૭૩૫ માં અદરજી જાદવજીબાપાના પરિવારનાં શ્રી ત્રીકમબાપા પારેખે ગીદળ એટલે સરદારગઢમાં આવી વસવાટ કર્યો. ત્યારે પારેખ કુટુંબના ઘણા કુટુંબો વસતા હતા પરંતુ દેરાસર તથા ઉપાશ્રયની વ્યવસ્થા ન હતી. ગુરુભગવંતોની અવર જવર રહેતી આ સમય દરમ્યાન આપણા વડીલ સ્વ.શ્રી ન્યાલચંદ કલ્યાણજી પારેખ તથા સ્વ.શ્રી કપુરચંદ કાલિદાસ પારેખે ત્યાના રાજાને દેરાસર તથા ઉપાશ્રય માટે જગ્યા આપવા વિનંતી કરી અને ૧૯૨૨મા દરબાર તરફથી દરબારગઢની બાજુમાં ૫૬૦ ચોરસ ફૂટનો પ્લોટ દેરાસર તથા ઉપાશ્રય માટે વિના મુલ્યે ફાળવવામાં આવ્યો અને તે પ્લોટ પર દેરાસર તથા ઉપાશ્રય બાંધવામાં આવ્યો અને તેનો વહીવટ પારેખ કુટુંબના વડીલ સ્વ. ન્યાલચંદ પારેખે સંભાળ્યો, તેમજ જ્ઞાતિ જમણ માટે તેમજ સાધુ ભગવંતોની વૈયાવચ્ચ માટે જરૂરી વાસણો વસાવ્યા. પ્રતિષ્ઠિત દેરાસર ના હતું પણ તીર્થંકર ભગવાનનાં ફોટા રાખી ધૂપ દીપ આરતી વગેરે દરરોજ કરવામાં આવતી.

વર્ષો પછી ગામના સીમાડા માંથી એક ધાતુની પ્રતિમા પ્રગટ થઇ અને અંજન શલાકા કરી પ્રતિષ્ઠીત કરવામાં આવી. વડીલ શ્રી મલુકચંદબાપાનો પરિવાર તથા અન્ય કુટુંબીજનોને અષ્ટપ્રકારી પૂજાનો લાભ મળતો થયો. સમય જતા આપણા કુટુંબીજનો મુંબઈ તથા અન્ય સ્થળે સ્થળાંતર થતા સરદારગઢમાં પારેખના ફક્ત બેજ પરિવાર રહ્યા હતા. સ્વ.શ્રી ન્યાલચંદભાઈ ૧૯૭૦માં મુંબઈ આવતા પૂજાની વ્યવસ્થા સંભાળવાવાળું કોઇ ન હોવાથી ધાતુની પ્રતિમાને વંથલી દેરાસરમાં મુકવામાં આવી અને ત્યાર બાદનો વહીવટ સ્વ.શ્રીચીમનલાલ ભાઈચંદ પારેખે સંભાળ્યો. સમય જતા સ્વ.શ્રી ચીમનભાઈ ભાઈચંદ પારેખ પણ માણાવદર અને ત્યાર બાદ જુનાગઢ સ્થિર થયા અને સરદારગઢનું દેરાસર તથા ઉપાશ્રય બિલકુલ બંધ રહ્યા અને હાલ બિલકુલ ખંડેર હાલતમાં હતું.

વિહારમાં સાધુ ભગવંતોને અગવડતા પડવા લાગી આથી શ્રી રમણીકલાલ ન્યાલચંદ પારેખ પરિવારે તથા શ્રી ચીમનલાલ ભાઇચંદ પરિવારે ઉપાશ્રય ફરી બનાવવા વારંવાર પારેખ ટ્રસ્ટી મંડળને વિનંતી કરી અને ટ્રસ્ટીગણે આ અંગે વિચાર કરી તથા પારેખ કુટુંબના સભ્યોની સંમતી લઇ વિહારધામ નવેસરથી બનાવવાનું અને તેનું નામ પારેખ વિહારધામ રાખવાનું નક્કી કર્યું.

વિહારધામના ચણતરના ખર્ચને પહોચી વળવા ટ્રસ્ટીગણે એક સ્કીમ જાહેર કરી જેમાં ફક્ત કુટુંબ માંથી રૂપિયા ૩૦,૦૦૦ આપનાર વ્યક્તિનો એક ફોટો વિહારધામના હોલમાં લગાવવો. સ્કીમની જાહેરાત થતાજ કુટુંબ તરફથી સારો સહકાર મળ્યો અને ૧૮ નામની જાહેરાત થઇ ગઇ. હાલમાં વિહારધામનું કામ ચાલુ છે અને અંદાજે આગળ બે થી ત્રણ માસમાં કામ પૂર્ણ થશે. પારેખ કુટુંબના પુણ્યના પ્રતાપે, યોગાનુયોગે સરદારગઢના દીક્ષીત પન્યાસ મહારાજ પદ્મરક્ષિત મહારાજ સાહેબ નું નવું નિર્માણ આધીન વિહાર ધામમાં પગલા કરાવવાનો તેમજ મંત્રોચારનો લાભ મળ્યો અને તેઓ સરદારગઢમાં બે દિવસ સ્થાઇ થયા.

આ આયોજનને પાર પાડવા કુટુંબનો સંપૂર્ણ સહકાર મળવા બદલ ખુબ ખુબ આભાર, ખાસ કરીને શ્રી અજય પારેખ, શ્રી નીરવ પારેખ, શ્રી અમિત પારેખ, શ્રી અશોક પારેખ, શ્રી વિરલ પારેખ તથા અન્ય કાર્યકર્તા તથા ત્યાં રહેતા શ્રી ચીમનભાઈ પટેલે સહકાર આપવા બદલ ટ્રસ્ટીગણ તેઓનો પણ આભાર વ્યક્ત કરે છે.

સરદારગઢ પારેખ કુટુંબ ટ્રસ્ટીગણ

## અવસાન નોંધ :

### શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મરણ

■ પાટણવાવ નિવાસી, હાલ સાયન, માતુશ્રી અરૂણાબેન પ્રતાપરાય વસા ના સુપુત્ર, પારસભાઈ ઉમર વર્ષ ૫૪, તે ડિમ્બલબેનના પતિ, તે હર્ષ ના પિતાશ્રી, તે નિકિતા શિજોકુમારના ભાઈ, તે અરૂણાબેન ભૂપેન્દ્રભાઈ સાકરીયા હાલ માટુંગા ના જમાઇ, સ્વ.નવનીતભાઈ, સ્વ.પ્રમોદભાઈ, વિનોદભાઈ ના ભત્રીજા, નવકાર સ્મરણ કરતા કરતા તારીખ ૧૨/૦૨/૨૦૨૫ બુધવાર ના અરિહંત શરણ પામેલ છે. (નેત્ર દાન તેમજ ત્વચા દાન કરેલ છે).

■ છત્રાસા નિવાસી હાલ મુલુંડ સ્વ. તારાબેન અને સ્વ. પ્રભુદાસભાઈ મોતિચંદ શેઠના સુપુત્ર નરેન્દ્રભાઇ (૭૩), ૧૨/૦૧/૨૦૨૫ ના અરિહંત શરણ પામેલ છે. તે રેખાબેનના પતિ, મેહુલના પિતાશ્રી, સેજલના સસરા, આરવ અને મિતાંશ ના દાદા, પ્રવિણાબેન મનસુખલાલ વોરા, લવિંગાબેન કનકરાય સંઘવી, સ્વ.ભુપેન્દ્રભાઇ ના ભાઈ, સ્વસુર પક્ષે સ્વ. લાભકુંવર હર્ષદરાય દોશીના જમાઇ.

■ ધોરાજી (સાવરકુંડલા) નિવાસી હાલ ચુનાભટ્ટી સ્વ.મુકતાબેન લક્ષ્મીચંદ દુર્લભજી શાહ ના સુપુત્ર ચી. પ્રફુલભાઈ (ઉ.વર્ષ.૬૬) પોષ વદ ૧૧ તા.૨૫/૦૧/૨૦૨૫ શનિવાર ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે બીનાબેનના પતિ, રોનક તથા રોશની ના પિતાશ્રી, નિધિ તથા તરૂણકુમાર ના સસરા, ધ્યાના ના દાદા, નવનીતભાઈ, કીરીટભાઈ, જયશ્રીબેન ગુણવંતરાય મહેતા, અશ્વિનભાઈ ના ભાઈ, ઘેટી નિવાસી હાલ સાયન સ્વ.વ્રજલાલ ખુશાલચંદ મહેતા ના જમાઇ, અશ્વિનભાઈ, મુકેશભાઈ, હંસાબેન ભોગીભાઈ શાહ, ચારુબેન પ્રફુલભાઈ પારેખ, કલ્પનાબેન દીપકભાઈ દોશી ના બનેવી.

## ફેબ્રુઆરી માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''



# સ્વ. શ્રી હરસુખલાલ નંદલાલ ઝવેરચંદ વોરા

**શ્રી નંદલાલ ઝવેરચંદ વોરાના જયેષ્ઠ પુત્ર**

**જન્મ : તા.૬-૪-૧૯૨૭ ધોરાજી (સૌરાષ્ટ્ર), અભ્યાસ : ૧૦મું ધોરણ**

શ્રી હરસુખલાલભાઈ કલકત્તા ખાતે ૧૯૪૪માં આવ્યા. ખાનગી પેઢીમાં જોડાયા અને ત્યાર બાદ ૧૯૫૧માં મે. હરસુખલાલ એન. વોરાના નામે પોતાની પેઢી શરૂ કરી.

૧૯૪૭માં મોટી પાનેલીનાં શ્રી લવચંદ વીરચંદ શેઠના સુપુત્રી સવિતાબેન સાથે લગ્ન થયાં. ૧૯૬૭માં સામચી, ભૂતાન મધ્યે નટ-બોલ્ટની મેન્યુફેર્ચરીંગ લાઈનમાં પડયા અને રોયલ ગવર્મેન્ટ ઓફ ભૂતાનનો સહકાર મળ્યો. ત્યારબાદ ૧૯૭૪માં પ્રેસીઝન ટૂલ્સ, કોમ્પોનન્ટ્સનું ઉત્પાદન શરૂ કર્યુ.

તેઓએ ધંધાના વિકાસાર્થે જાપાન,થાઈલેન્ડ, હોંગકોંગ વગેરે સ્થળે મુસાફરી કરી. ધંધાને વિકસાવ્યો.

શ્રી મગનલાલ મોતીચંદ મહેતાના બોલાવ્યાથી તેઓ કલકત્તા ગયા. ત્યાં તેઓશ્રીએ ૫ થી ૬ વર્ષ પછી પોતાનો ધંધો શરૂ કર્યો. તેઓ દરેક ચીજો આયાત કરતા હતા.

તેમણે સાંસારીક જીવન, આધ્યાત્મિક રીતે જીવી જાણ્યું અને આર્થિક ક્ષેત્રે ખૂબ પ્રતિષ્ઠા મેળવી. તેઓશ્રી ૧૯૮૫ સુધી કલકત્તા ખાતે રહ્યા. તેમનું દાંપત્ય જીવન ખૂબ સુખી હતું.

તેમના ત્રણેય સુપુત્રો નરેન્દ્રભાઈ, ભૂપતભાઈ. જયંતભાઈ બેંગ્લોર ખાતે છે.

શ્રી જયંતભાઈ રોટરી કલ્બના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ હતા.

તેમનામાં દાનની ભાવના ઘણી જ ઊંચી હતી અને કલકત્તામાં એસ.વી.સોશિયલ વેલ્ફેર ફાઉન્ડેશનના ત્રીજા માળને ફૂલ એરકન્ડીશન કરવામાં યોગદાન આપેલ છે.

PUBLISHED ON 20TH OF EVERY MONTH • RNI - 22805 / 1973 • SORATH VISASHRIMALI (Guj. Monthly)
• POSTING UNDER THE REGISTRATION NO. MCS / 140 / 2024-2026 • POSTED AT MALAD WEST SO (ND)
MUMBAI - 400064. ON the 24TH & 25ST OF EVERY MONTH

## ફેબ્રુઆરી માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''

# સ્વ.શ્રીમતી સવિતાબેન હરસુખલાલ નંદલાલ વોરા



મોટી પાનેલીના શ્રી લવચંદ વીરચંદ શેઠના સુપુત્રી સવિતાબેન ઘણાં જ લાગણીપ્રધાન હતાં અને તેમના ૫૦ વર્ષના દાંપત્ય જીવનમાં હંમેશાં શ્રી હરસુખભાઈ સાથે સુખ-દુ:ખમાં સાથે ઊભા રહ્યાં હતાં. જ્યાં સુધી સવિતાબેન જીવ્યા ત્યાં સુધી તેમણે શ્રી હરસુખભાઈની સેવા કરી હતી અને તેમની સેવા જોયા પછી દરેક વ્યક્તિને સવિતાબેન માટે માન ઉપજે કે ૫૦-૫૦ વર્ષ સેવા કરતાં કદી પણ તેમને કંટાળો આવ્યો નહીં આમ સવિતાબેન બહુ જ સાલસ સ્વભાવના હતા અને ગમે તેનું કામ કરી આપવું એવી ભાવના સાથે જ તેમનુ જીવન પુરૂં કર્યું હતું.

શ્રી હરસુખભાઈના મહેમાનો આવે એ તેમને બહુ જ ગમતુ અને તેમને ત્યાં સવિતાબેનના હાથનો રોટલો બહુ જ મોટો અને સ્વાદિષ્ટ હતો એટલે ગમે ત્યારે મહેમાનો આવતા જતા રહેતા.

પૂ. સવિતાબેનમાં સંયુક્ત કુટુંબની ભાવના હરહંમેશા રહેલ હતી.

Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Editor : RAJENDRA O. PUNATAR